
ISSN 0976 – 9809 V-Vidyanagar

વર્ષ: ૧૭ અંક: ૨ ફેબ્રુઆરી ૨૦૧૫ સળંગ અંક : ૫૨૦

# વિ-વિદ્યાનગર




चारुतर विद्यामंडल - वल्लभ विद्यानगर

कर्मण्येवाऽधिकारस्ते ।

**Charutar Vidya Mandal**
**Vallabh Vidyanagar**




ચારુતર વિદ્યામંડળ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી ભાઈકાકા સ્મારક વ્યાખ્યાનમાળાનું ૪૨મું વ્યાખ્યાન જાણીતા ઈજનેર શ્રી એન.એચ.બારોટે આપ્યું હતું. સીવીએમના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં યોજાયેલા આ સમારંભમાં મંચસ્થ મહાનુભાવોમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલ અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલનો સમાવેશ હતો.




બ્રિટિશ વિદ્વાનોની ચારુતર વિદ્યામંડળની સંસ્થાઓની મુલાકાત દરમિયાન લબ્ધપ્રતિષ્ઠ કવિ-ચિત્રકાર અને કેળવણીકાર ડૉ.બ્રાયન લુઈસ અને કેળવણીકાર ડૉ.કૅરી બર્ચે સીવીએમ કૉલેજ ઑફ ફાઈન આર્ટ્સ, ઈલસાસ, એચ.એમ.પટેલ ઈન્સ્ટિટ્યૂટ સહિતની સંસ્થાઓમાં કાર્યશાળાઓનું આયોજન કર્યું હતું. તસવીરમાં ફાઈન આર્ટ્સના આચાર્ય અને જાણીતા ચિત્રકાર શ્રી કનુ પટેલ વિદેશી મહાનુભાવ સાથે જણાય છે.




**વિ-વિદ્યાનગર**

**ચારુતર વિદ્યામંડળ પ્રકાશન**

ફેબ્રુઆરી ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૨

(સળંગ અંક: ૫૨૦)

**ISSN 0976-9809-V Vidyanagar**



**તંત્રી**

હરિ દેસાઇ

**પરામર્શન**

રમેશ એમ. ત્રિવેદી • રાજેન્દ્રસિંહ જાડેજા

જયન્ત ઓઝા • ભગીરથ બ્રહ્મભટ્ટ

**સંપાદન-સહાય**

ગિરીશ ચૌધરી • ઉર્વીશ છાયા

**પ્રકાશક**

પ્રિ.એસ.એમ. પટેલ

માનદમંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

•

**મુદ્રક**

આણંદ પ્રેસ, ગામડી

**ચારુતર વિદ્યામંડળ**

વલ્લભ વિદ્યાનગર ૩૮૮ ૧૨૦

**સ્થાપના વર્ષ**

૧૯૪૫

*कर्मण्येवाऽधिकारस्ते*

**અધ્યક્ષ**

ડૉ. સી.એલ. પટેલ

**માનદ મંત્રી**

પ્રિ. એસ.એમ. પટેલ

**માનદ કાર્યકારી મંત્રી**

ડૉ. જે.ડી. પટેલ

**માનદ સહમંત્રીઓ**

શ્રી વી.એમ. પટેલ • શ્રી બી.પી. પટેલ

ડૉ. એસ.જી. પટેલ • શ્રી એમ.જે. પટેલ

પ્રિ.આર.સી.દેસાઇ


## વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ • ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ • ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિત કલાઓ – ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેક્નોલૉજી, હૉટેલ મેનેજમેન્ટ ટુરીઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કૉલેજ ઑફ બિઝનેસ એન્ડ એડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ • અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો • વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ • કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો • વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ • સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જવળ પરંપરા • રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન • પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઈબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ • સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણસંસ્થાઓની સ્થાપના થતી રહી છે. • રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતકકક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ • ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ અપાવવા માટેની સીવીએમ આઈએએસ એકેડેમી. • કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કૉલેજ • ઇન્ટિરિયર ડિઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઈન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


**• અંકની છૂટક કિંમત: ₹ ૧૫/- • રવાનગી ખર્ચ: ₹ ૧૦/- • વાર્ષિક લવાજમ: ₹ ૧૫૦/-**

**• વિદ્યાર્થી લવાજમ: ₹ ૧૦૦/- • આજીવન લવાજમ: ₹ ૧૫૦૦/-**

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઈકાકાએ ઈ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. । વિ । નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી વર્તમાન અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઈ.સ. ૧૯૯૯ થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર' એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

**વિ-વિદ્યાનગર**

'વિ-વિદ્યાનગર' ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ

**www.ecvm.net**

પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

## આ માસની વિચારકણિકા

હિન્દુ-મુસલમાનની એકતા એ હજુ એક કૂમળું વૃક્ષ છે. એ કેટલાય વખત સુધી અતિશય સંભાળથી પોષવું જોઈએ. હજી આપણાં મન જોઈએ તેટલાં સ્વચ્છ નથી. દરેક બાબતમાં એકબીજાનો અણવિશ્વાસ રાખવાની આપણને આદત પડી ગઈ છે, તે જતી નથી એટલે એકતાને તોડી પાડવાના અનેક પ્રકારના પ્રપંચો અને પ્રયત્નો થશે. - **સરદાર પટેલ**


# વિ-વિદ્યાનગર

## ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ફેબ્રુઆરી ૨૦૧૫

વર્ષ: ૧૭ અંક: ૨

(સળંગ અંક: ૫૨૦)

**ISSN 0976-9809-V Vidyanagar**


**यस्य नास्ति प्रज्ञा शास्त्र तस्य करोति किम् ।**
**लोचनाभ्यां विहीनस्य दर्पणः किं करिष्यति ॥**

જે વ્યક્તિ પાસે પોતાની બુદ્ધિ નથી હોતી, શાસ્ત્ર તેનું કલ્યાણ નથી કરી શકતું. આંખોથી રહિત અંધ માટે દર્પણનો કોઈ લાભ નથી હોતો.

ચાણક્યનીતિ: ૧૦:૯


॥ અધ્યક્ષસ્થાનેથી ॥ ભારતીય ઈતિહાસનાં કટુપ્રકરણો છંછેડવાને બદલે સહિષ્ણુ બનીએ • ડૉ.સી.એલ. પટેલ

॥ પ્રાથમ્ય ॥ મહારાણા પ્રતાપ અને તત્કાલીન સમાજજીવન •હરિ દેસાઈ/ 1

॥ આપણો વારસો અને વૈભવ ॥ (પદ્ય વિભાગ) • કરસનદાસ માણેક, મકરન્દ દવે, પ્રહ્લાદ પારેખ / 4

॥ આપણો વારસો અને વૈભવ ॥ (ગદ્ય વિભાગ) શબ્દથી મૃત્યુ: શબ્દથી પ્રેમ • ફાધર વાલેસ / 5

॥ નવાં કાવ્યો ॥• નરેશ સોલંકી, પારુલ બારોટ, અલ્પેશ 'પાગલ', નીલેશ પટેલ/6

॥ દસ્તાવેજ ॥ અજોડ સરદાર • પ્યારેલાલ / 7

॥ અભ્યાસ ॥ હિન્દુસ્થાન: પૌરાણિક નામયાત્રા • કાન્તિલાલ રા. દવે / 11

॥ विमर्श ॥ 'इदन्नमम्' उपन्यास में भारतीयता और भारतीय नारी • अनिला के. पटेल / 13

॥ ચિંતન ॥ દુષ્ટતાનો નાશ કરવા • કાકા કાલેલકર / 16

॥ આસ્વાદ ॥ મીઠા વગરનો રોટલો • પટેલ મોન્ટુકુમાર એ. / 17

॥ રમન્તે તત્ર દેવતા ॥ સૂત્રકાળમાં વ્યભિચાર અને દંડ • પારુલટીના દોશી/19

॥ વ્યાખ્યાન ॥ ભારતીય સંસ્કૃતિમાં આરોગ્યજાગૃતિ • રામજી સાવલિયા / 22

॥ અભ્યાસ ॥ જૂનાકાળે રાજવીઓ અને પાટીદારો • જોરાવરસિંહ જાદવ/26

॥ સંશોધન ॥ સરદાર પટેલનું પ્રત્યક્ષીકરણ(Perception) • બી.એન.ગાંધી / 29

॥ Review ॥ Visit by British Scholars • Sunil Shah / 36

॥ વિદ્યાવૃત્ત ॥ / 37

# ભારતીય ઈતિહાસનાં કટુપ્રકરણો છંછેડવાને બદલે સહિષ્ણુ બનીએ

ડૉ.સી.એલ. પટેલ

હજારો વર્ષથી ભારત દેશમાં જે સંસ્કૃતિ સ્થિર થઈ તેના રાજા-મહારાજાઓનો રામાયણ-મહાભારતનો ઈતિહાસ ખૂબ ગૌરવવંતો રહ્યો છે. અહીં જેઓ રાજ્યનો કારભાર કરતા હતા તેમની આણ સારાય ભારત વર્ષ કે જેમાં હાલનો ભારત પ્રદેશ, પાકિસ્તાન, અફઘાનિસ્તાન, બ્રહ્મદેશ, નેપાળ, શ્રીલંકા સહિતના પ્રદેશ એક હકૂમતમાં આવતા. અહી પ્રજા સુખ-શાંતિ અને સહિષ્ણુતા સાથે ધાર્મિક ભાવનાસભર હતી. પ્રજાના પાલક તરીકે બધી જવાબદારીઓ રાજા-મહારાજા સંભાળતા. આ દેશ બધી રીતે સમૃદ્ધ દેશ હતો. અહીં રાજ્યની રાજનીતિ ઘડવામાં જે કોઈ જવાબદારી રાજનીતિજ્ઞો સંભાળતા તે આચાર્યપદે ગણાતા. ખુદ રાજા-મહારાજાથી પણ તેમનો મોભો ઊંચો ગણાતો. એવી વ્યવસ્થા આ દેશમાં હતી. ભગવાને બક્ષેલી કુદરતી સંપત્તિનો જે વધુમાં વધુ ઉપયોગ કરી શકે એવી જાણકારી રાજા-મહારાજાઓને હતી એટલે જ નદીઓ, તળાવો, વાવ-કૂવાઓ, જંગલો અને ભૂસ્તરમાં સંગ્રહાયેલ ખનીજો તેમ જ ફળદ્રુપ જમીનમાંથી ફળ-ફળાદિ અને અનાજ, ઔષધિ વધારેમાં વધારે કેમ પેદા થઈ શકે. તેની સાથે ગાયોનો સારો ઊછેર અને વિકાસ સુખાકારીમાં મહત્વનો ભાગ ભજવતાં. રાજાઓ અને પ્રજા એક જ ધર્મના નેજા હેઠળ સુદૃઢ જીવન જીવવા માટે કટિબધ્ધ રહેતાં. સુખ-શાંતિ તથા વિકાસ-પ્રગતિને લઈને રાજા તથા પ્રજા એક જ ધર્મ પાળતાં હોઈ અહીં જે તે સમયે જે કોઈ ભગવાન અવતર્યા તેના અનુસંધાનમાં મંદિરો અને ધાર્મિક સ્થળો ભક્તિ - આરાધના માટે થયાં. સુખાકારી પ્રાપ્ત કરનાર લોકોએ મંદિરોમાં ઘણાં મોટાં દાન અને ભેટો અર્પી. આવાં જાહોજલાલીવાળાં મંદિરો-દેવાલયો અને દેશની પ્રગતિથી નજીકના બીજા ધર્મના લોકો આકર્ષાઈને ચઢાઈ કરી અહીં લૂંટાફાટ માટે આવવા લાગ્યા. શક્ય તેટલાં મંદિરો વિગેરેમાંથી લૂંટ ચલાવી જરઝવેરાત, સોનું, રોકડ કે સોનામાં ચાલતું ચલણ વિગેરેની લૂંટ કરી જતા હતા. કેટલાક રાજાઓ નિષ્ક્રીય હતા અને પોતાનું રાજ્ય ચલાવવા માટે ઉદાસીનતા સેવતા હતા. તેમના પ્રદેશોમાં આવાં પરિબળો વારંવાર આક્રમણ કરતાં રહ્યાં અને કેટલાકને તો અહીં કોઠે પડી ગયું, જેથી પગપેસારો કાયમનો બનાવવા માટે એક વર્તુળ ઊભું કર્યું. ત્યારબાદ રાજાઓની હકૂમતને બદલે આક્રમણકારોની હકૂમત સ્થાપવાના પ્રયાસો કર્યા.

મુસ્લિમ આક્રમણકારો પછી સ્થપાયેલાં મુસ્લિમ શાસકોનાં સામ્રાજ્યો અને ભારતીય રાજાઓના આપસી ઝગડાઓના પ્રતાપે વેપાર કરવા માટે આવેલા અંગ્રેજો આ દેશના ધણી થઈને બેઠા એ ઈતિહાસથી આપણે વાકેફ છીએ. આઝાદી માટેની ચળવળ અને મહાત્મા ગાંધીના નેતૃત્વમાં સરદાર પટેલ અને પંડિત જવાહરલાલ નેહરુ જેવા સમર્થ સેનાનીઓના પ્રયાસોના પરિપાકરૂપે આપણને આઝાદી મળી. કાયદેઆઝમ મોહમ્મદ અલી ઝીણાએ મુસ્લિમો માટેનો અલગ દેશ પાકિસ્તાન મેળવ્યો ત્યારે પણ 'આ દેશ હિંદુઓનો નહીં, હિન્દુસ્તાનીઓનો' હોવાની હાકલ કરીને સરદાર પટેલ જેવા નેતાઓએ સર્વધર્મસમભાવની નીતિને સમગ્ર

દેશવાસીઓ માટે અમલમાં આણી દેશના બહુઆયામી વિકાસનો પાયો નાંખ્યો. જો કે આઝાદીનાં પ્રારંભિક વર્ષોમાં જ સરદાર પટેલ જેવા નેતા આપણી વચ્ચેથી વિદાય થયા એટલે પંડિત નેહરુ અને તેમના વડપણવાળી કૉંગ્રેસના દાયકાઓના શાસન દરમિયાન જે રીતે પ્રજાનો આપસમાં એકમેક માટેનો વિશ્વાસ ઘટતો ગયો અને રાજકીય લાભ ખાટવાની વૃત્તિ-પ્રવૃત્તિ તેજ બની એટલે ધર્મને નામે ટંટા-ફિસાદ વધતાં ચાલ્યાં. પ્રજામાં ઊઠેલા વ્યાપક અસંતોષને પરિણામે લોકસભાની છેલ્લી ચૂંટણીમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં પ્રજાએ વિશ્વાસ મૂક્યો અને તેઓ વડાપ્રધાનપદ સુધી પહોંચી શક્યા.

જ્યારે સમગ્ર દેશની પ્રજાએ પરિવર્તન માટે મત આપ્યો હોય અને શ્રી નરેન્દ્રભાઈ મોદીમાં વિશ્વાસ મૂક્યો હોય ત્યારે ભાજપના સમર્થકોએ એવી કોઈ કાર્યવાહી કરવી ન જોઈએ, જેથી શ્રી મોદીની નેતાગીરીમાં મૂકેલા પ્રજાના વિશ્વાસને ઠેસ પહોંચે અથવા તેમાં ઘટાડો થાય. પરિવર્તનના તમામ સમર્થકોએ લઘુમતી કોમો અને હિન્દુઓ વચ્ચે વૈમનસ્ય ઊભું થાય તેવા સંજોગો ટાળવા જોઈએ. ઈતિહાસમાંથી આપણે બોધપાઠ લેવો જોઈએ. ગાંધીજી તથા સરદાર પટેલને અભિપ્રેત હિન્દુસ્તાનીઓનું સર્વધર્મસમભાવથી પ્રેરિત શાસન આ દેશના તમામ નાગરિકોનો વિકાસ કરે એવા સાનુકૂળ વાતાવરણને પોષક બનવવાની જરૂર છે.

ઈસ્લામ અને ખ્રિસ્તીવાદના આગેવાનો તેમજ હિંદુવાદી સંગઠનોના નેતાઓ આજકાલ જે પ્રકારનાં નિવેદનો કરીને લઘુમતી કોમો અને હિન્દુઓ વચ્ચે ટકરાવનું વાતાવરણ સર્જી રહ્યાં છે તે લાંબેગાળે દેશના હિતમાં લાગતું નથી એટલે આવાં વિવાદાસ્પદ નિવેદનો ટાળવાની દિશામાં રાષ્ટ્રના હિતનો વિચાર કરનારા સૌ કોઈએ સક્રિય થવાની જરૂર છે. આ દેશમાં પ્રત્યેક ધર્મના શ્રદ્ધાળુઓ પોતપોતાની રીતે સુખેથી જીવે એવી બંધારણીય જોગવાઈઓ રાખવામાં આવી હોય ત્યારે કોઈ પણ ધર્મમાંથી બીજા ધર્મમાં આવા શ્રદ્ધાળુઓને લાવવાના પ્રયાસો થાય તે વ્યાજબી નથી. ધિક્કાર ફેલાવાય તેવા કોઈપણ કાર્યક્રમ દેશની એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડે છે. દેશની મજબૂતાઈનું ધોવાણ કરે છે. એ અંતે તો કોઈપણ ધર્મ-કોમને ફાયદાકારક નથી. કોઈપણ સંપ્રદાય કે રાજકીય ક્ષેત્રના આગેવાનોની ફરજ થઈ પડે છે કે તેમણે બધા માટે સમભાવ કેળવવો જોઈએ. એકબીજાના ધર્મ માટે આદર સાથે પારસ્પારિક વિશ્વાસ જળવાઈ રહે તે જરૂરી છે. આવા એકમેકમાંના વિશ્વાસમાં ઘટાડો થાય તેવા કોઈપણ કાર્ય નીંદનીય છે.

હું વિચારું છું તે મુજબ મારે મન હિંદુ, મુસલમાન, ખ્રિસ્તી કે બીજા કોઈપણ ધર્મ-સંપ્રદાયમાં માનનાર સમાજ આખરે તો ભારતના વિશાળ બગીચામાં ખીલેલા છોડ છે. કોઈપણ બગીચાના એકભાગમાં ખીલેલો છોડ મૂરઝાઈ જાય તેમાં બગીચાની શોભાને ખલેલ પહોંચે છે; તે રીતે આ દેશમાં વસવાટ કરતાં બધાં નાગરિક એકમેકનાં ભાઈબહેન છે એટલે આગેવાનોની ફરજ એ છે કે તેઓ સંપ ત્યાં જંપની નીતિને અનુસરે. દરેક સમાજે રાષ્ટ્રની મજબૂતી અને ઘડતર માટે રાષ્ટ્રપ્રેમ કેળવવો રહ્યો.રાષ્ટ્રમાં વસવાટ કરતો હરેક નાગરિક ભલે તે કોઈપણ ધર્મનો હોય તેણે 'આપણે બધા હિંદી છીએ, નહીં કે હિંદુ' તેવો ભાવ જાળવવાની જરૂર છે. આપણે સૌ જો સુખ-શાંતિ ઈચ્છતા હોઈએ તો આવો સુમેળભર્યો વ્યવહાર કરીએ. ભારત દેશનું બંધારણ આપણને એ વાતની પ્રતીતિ કરાવે છે કે આ દેશમાં કોઇ ધર્મ, સંપ્રદાય કે જાતિ કરતાં રાષ્ટ્ર વધારે મહત્ત્વનું છે. એ જ આજની માંગ છે.

**(૧૯ ડિસેમ્બર ૨૦૧૪)**

॥ પ્રાથમ્ય ॥

# મહારાણા પ્રતાપ અને તત્કાલીન સમાજજીવન

હરિ દેસાઇ

(હજુ હમણાં જ એટલે કે ૨૯ જાન્યુઆરીએ મેવાડના મહારાણા પ્રતાપની પુણ્યતિથિ ગઇ એ નિમિત્તે તેમના વ્યક્તિત્વનાં નોખાં પાસાંની છણાવટ અહીં પ્રસ્તુત છે.)

છેક ૧૯૮૮માં બી.આર. ચોપડાની 'મહાભારત' ટી.વી. શ્રેણીએ ભારતીય અને વિદેશી દર્શકોમાં જોરદાર આકર્ષણ જમાવ્યું હતું. એ પછી ઘણા લાંબા સમયે મે ૨૦૧૩થી સોની ચેનલ પર પ્રસારિત થઇ રહેલી ટી.વી. શ્રેણી 'ભારત કા વીર પુત્ર મહારાણા પ્રતાપ' આકર્ષણ જમાવી ચુકી છે. જો કે ફિલ્મો અને ટી.વી. માધ્યમો માટે તૈયાર થતા કાર્યક્રમોમાં સત્યાધારિત ચિત્રણની સાથે જ મિર્ચમસાલાનું તત્વ પણ ઉમેરાતું હોવાથી રખે કોઇ એવું માની લે કે એમાં દર્શાવતાં ચિત્રણો અને પાત્રો ઉપરાંત ઘટનાક્રમ સાચા જ છે. ક્યારેક વિવાદ પણ થાય છે, પરંતુ મહાન વ્યક્તિત્વો અંગેની જીવનગાથાઓ-બાયોગ્રાફીઝની તુલનામાં આવાં વ્યક્તિત્વો પર લખાતી નવલકથાઓમાં છૂટ લેવાની પરંપરા ઇતિહાસ અને કલ્પનોની ભેળસેળ કરીને જનમાનસ પર પોતાનો પ્રભાવ પાડે છે. મહારાણા પ્રતાપ એ ભારતીય ઇતિહાસનું અમર પાત્ર છે અને એના વિશે સત્યાધારિત લેખનો અને કલ્પનકથાઓની ભેળસેળ થતી રહેતી હોવાને કારણે મુઘલ શાસન સામે ક્યારેય નમતું નહીં જોખનારા આ સ્વાભિમાની રાજવીના રાષ્ટ્રગૌરવને ઉપસાવતા વ્યક્તિત્વનાં સત્યોની શોધ થકી એમના જમાનાના સમાજજીવનની હકીકતોને પ્રકાશમાં લાવવાનો અહીં પ્રયાસ કરવામાં આવ્યો છે.

છેક બાલ્યાવસ્થાથી જ મહારાણા પ્રતાપનું વ્યક્તિત્વ અમને આકર્ષતું રહ્યું છે. જંગલોમાં રહીને પણ મુઘલ બાદશાહ અકબર સામે લડત આપીને ક્યારેય નહીં ઝૂકનાર આ સિસોદિયા રાજપૂત રાજવી મુઘલોને દીકરીયું દેનારા રાજપૂત રાજાઓ કરતાં મૂઠી ઊંચેરા લાગતા હતા. જંગલજીવનના સંઘર્ષમય દિવસોમાં ઘાસની રોટલી ખાતી પ્રતાપ-પુત્રીના હાથમાંથી બિલાડો એ છીનવી જતાં રડતી કન્યાથી વ્યથિત બાપની કથા પાઠ્યપુસ્તકમાં ભણાવાતી હતી ત્યારે એ સાચી કે ખોટી એ નીરક્ષીર કરવાની દૃષ્ટિ વિકસી નહોતી. લાગણીનો તંતુ પ્રતાપના પ્રતાપી વ્યક્તિત્વ સાથે બંધાયાનું અનુભવાયું હતું, પરંતુ સમયાંતરે પ્રતાપી પ્રતાપના રાજકુમારો અને બંધુઓ મુઘલોની ચાકરીમાં રહ્યાની વાસ્તવિકતાના ઇતિહાસનો અભ્યાસ કર્યો ત્યારે દિલ દ્રવી જવું સ્વાભાવિક હતું.

કર્નલ ટોડે લખેલા 'રાજપૂતાનાના ઇતિહાસ'ની કથાઓ અતિશયોક્તિભરી હોવાનું તો ખૂબ પ્રચલિત રહ્યા છતાં છેક ૧૯૨૮માં ગૌરીશંકર હરિચંદ ઓઝાએ લખેલા પુસ્તક 'વીર શિરોમણિ મહારાણા પ્રતાપ'માં રજૂ થયેલાં તથ્યોનો એની ૨૦૧૦ની સંશોધિત દસમી આવૃત્તિ (રાજસ્થાની ગ્રન્થાગાર, જોધપુર)માં અભ્યાસ કર્યો ત્યારે બ્રિટિશ અને મુઘલ ઇતિહાસકારોનાં રંગીન અને વિકૃત ચિત્રાણો પાછળની વાસ્તવિકતાઓ કાંઇક અંશે સમજાવા લાગી.

ક.મા. મુનશીએ 'પિલ્ગ્રીમેજ ટુ ફ્રીડમ'માં છેક ૧૯૪૭માં મહારાણા પ્રતાપના વંશજ મહારાણા ભુપાલસિંહના સ્વાભિમાની વલણે રાષ્ટ્રઘાતક ભોપાલ યોજનાને નિષ્ફળ બનાવવામાં મહત્ત્વનું યોગદાન આપ્યાનું વાંચ્યું ત્યારેય મેવાડ-ઉદયપુરના સિસોદિયા રાજપૂત શાસકો વિશે ગર્વ થવાનું સ્વાભાવિક હતું. મહારાણા ભુપાલસિંહના વંશજ બંધુઓ 'મહારાણા' મહેન્દ્રસિંહ મેવાડ અને અરવિંદસિંહજી મેવાડને નિકટથી જોવાનો અવસર મળ્યો ત્યારે મેવાડના મહારાણા પ્રતાપના સમયગાળાના સામરિક વ્યૂહોની સાથે જ સામાજિક જીવનનો અભ્યાસ કરવાની તીવ્ર ઇચ્છા અને ખેંચાણ અનુભવાયું.

મેવાડના મહારાણાઓની પરંપરામાં પિતાને ઝેર આપીને ગાદી પર ચડી બેસવાની વાતની કોઇ નવાઇ નહોતી. ઔરંગઝેબે પોતાના ભાઇઓની હત્યા કરી અને બાદશાહ પિતા શાહજહાંને જેલમાં નાખ્યાની વાતે ટીકાને રખે મુસ્લિમ શાસક પરિવાર પૂરતી સીમિત રાખીએ. ''મહારાણા કુંભાના અંતિમ દિવસો સુખદ નહોતા. સંવત ૧૫૨૫ (ઇ.સ. ૧૪૬૮)માં મહારાણાને ઉન્માદનો રોગ થયો હતો. એ પોતાનો વધુ સમય ભામાદેવ પાસેના જલાશય નજીક વ્યતીત કરતા હતા. તક મળતાં જ એક દિવસ એમના મોટા પુત્ર ઉદાએ કુંભલમેરના કિલ્લામાં મહારાણાની હત્યા કરી દીધી.''

ઇ.સ. ૧૪૬૮ થી ૧૪૭૩ લગી સત્તા સંભાળનાર પિતાની હત્યાના ઉદાના કુકર્મથી નારાજ મેવાડી સરદારોએ એના ભાઇ રાયમલનો પક્ષ લીધો. મેવાડના મહારાણા તરીકે ઉદાને ઉથલાવવા માટે રાયમલને માંડૂના સુલતાન ગ્યાસુદ્દીનની મદદ લેવામાં પણ વાંધો

નહોતો. જો કે એ ગાળામાં ઉદાનું મૃત્યુ થતાં રાયમલને સત્તા મળી. ઈ.સ. ૧૪૭૩ થી ૧૫૦૯ સુધી એણે રાજ કર્યું. એના મૃત્યુ પછી એનો સૌથી નાનો ત્રીજા ક્રમનો રાજકુમાર સંગ્રામસિંહ (સાંગા) ગાદીએ આવ્યો. એનું ૩૦ જાન્યુઆરી ૧૫૨૮ના રોજ મૃત્યુ થયું. એનાં સામંતોએ જ રાણા સાંગાને ઝેર આપ્યું હતું. આપસી સંઘર્ષનો દોર ઘણો લાંબો ચાલ્યો અને આખરે ઉદયસિંહ મેવાડના શાસક બન્યા (૧૫૩૭-૧૫૭૨). બાદશાહ અકબર અને બીજા મુસ્લિમ શાસકોનાં આક્રમણો સતત ચાલતાં રહ્યાં. જોકે ચિત્તોડ પર અકબરે કબજો મેળવ્યા છતાં ઉદયસિંહે અકબરની અધીનતા સ્વીકારી નહીં અને ઉદયપુરના પહાડી વિસ્તારોમાં રહીને એ દુશ્મનો સાથે લડી લેવા તત્પર હતો. એ જીવન પર્યંત પોતાની નવી રાજધાની ઉદયપુરના રક્ષણ માટે સંઘર્ષ કરતો રહ્યો અને ૨૮ ફેબ્રુઆરી ૧૫૭૨ના રોજ મોતને ભેટ્યો.

મહારાણા પ્રતાપના પિતા ઉદયસિંહે વીસ લગ્ન કર્યાં હતાં અને તેમને ૨૫ પુત્ર અને ૨૦ પુત્રીઓ હતી. પુત્રોમાં સૌથી મોટો પ્રતાપ હતો, જે ઉદયસિંહના પ્રથમ લગ્નસંબંધથી ૯ મે ૧૫૪૦ના રોજ જન્મ્યો હતો. ઉદયસિંહ ચિત્તૌડ આવ્યા પછી જેસલમેરના રાવ ભાટી લૂણકરની દીકરી ધીરકંવર સાથે તેમનું લગ્ન થયું હતું. રૂપરૂપનો અંબાર એવી ધીરકંવરથી મહારાણા ઉદયસિંહ વશીભૂત હતા. ધીરકંવરે પોતાના દીકરા જગમાલને મેવાડની ગાદી અપાવવી હતી અને એ માટે મહારાણા ઉદયસિંહને પટાવી પણ લીધા હતા. ઉદયસિંહના નિધન પછી એમના અંતિમસંસ્કારમાં જગમાલ જોવા ના મળ્યો અને પ્રતાપને આવેલો જોતાં મેવાડના સરદારોને સૌથી મોટા પુત્રને ગાદીથી વંચિત રખાયાની શંકા ગઈ. મેવાડની પરંપરા મુજબ રાજવીના અનુગામીએ અંતિમ સંસ્કારમાં ભાગ લેવાનો હોતો નથી. મેવાડના સરદારોએ જ્યારે જગમાલને રાજસિંહાસન પર બેઠેલો જોયો ત્યારે તેઓ ઉકળી ઉઠ્યા હતા અને રાજ છોડીને જઈ રહેલા પ્રતાપને એમણે પાછો વાળી ગાદીએ બેસાડ્યો. નારાજ જગમાલ મુઘલક્ષેત્ર જહાજપુર ચાલ્યો ગયો અને એણે બાદશાહ અકબરનું શરણ લીધું. ૧૯ જાન્યુઆરી ૧૫૯૭ના રોજ મહારાણા પ્રતાપે અંતિમ શ્વાસ લીધો ત્યાં લગી રાજમહેલો અને જંગલમાં રહીને પણ એણે સ્વતંત્રતા કાયમ જાળવી.

મહારાણા તરીકે સરદારોએ ૨૮ ફેબ્રુઆરી ૧૫૭૨ના રોજ ગોગુન્દામાં પ્રતાપને રાજતિલક કરીને ગાદીએ બેસાડ્યો. એણે ચાવંડને રાજધાની બનાવી. એ મેવાડનો મહારાણા બન્યો અને એનો ભાઈ જગમાલ અકબરને શરણે જઈને સિરોહીનો રાજા બન્યો. ધીરકંવરનો બીજો દીકરો સાગર પણ મુઘલ બાદશાહ જહાંગીરનો કૃપાપાત્ર બન્યો. જહાંગીરે સાગરને મેવાડનો મહારાણા જાહેર કર્યો અને એ ચિત્તૌડમાં રહ્યો. ધીરકંવરનો ત્રીજો દીકરો અગર પણ બાદશાહની સેવામાં ગયો.

મહારાણા પ્રતાપનું જીવન સદાય સંઘર્ષમય રહ્યું છતાં એમનું આર્થિક આયોજન ખૂબ મજબૂત હતું. આદિવાસી ભીલ સમાજનો પોતાના મહારાણા માટેનો પ્રેમભાવ અને જંગલમાં રહીને છાપામાર પદ્ધતિથી બાદશાહ અકબર સાથેના સતત જંગ ખેલનાર મહારાણા પ્રતાપ માટે ભીલ સમુદાયનો સાથસહકાર આશીર્વાદ સાબિત થયો.

મહારાણાઓના કુળદેવ એકલિંગ મહાદેવ રહ્યા. મેવાડના શાસકો પોતાને એકલિંગ મહાદેવના દીવાન કહેતા હતા. મહારાણા પ્રતાપ રોજ ૧ રૂપિયા, ૧ તોલા સોના અને ૧૦૮ બ્રાહ્મણોને ભોજનદાન દેતા હતા.

મહારાણા પ્રતાપનો વ્યવહાર મહિલાઓ પ્રત્યે ખૂબ આદર ભર્યો રહ્યાનું ઈતિહાસકારોએ નોંધ્યું છે. રાજવી પરિવારો અને સામંત પરિવારોમાં બહુપત્નીત્વની પરંપરા હતી. પ્રતાપના પિતાએ ૨૦ લગ્ન કર્યાં હતાં, તો પ્રતાપે ૧૧ લગ્ન કર્યાં હતાં. વધુ લગ્નોને પ્રતિષ્ઠાસૂચક લેખવામાં આવતાં હતાં. સામાન્ય રીતે સંયુક્ત પરિવારની પરંપરા હતી. રાજવી પરિવારમાં રાણીઓ વચ્ચેનો ખટરાગ સામાન્ય લેખાતો હતો. મહારાણને ૧૧ રાણીઓથી ૧૭ કુંવર થયા હતા. તેમનાં નામ ઈતિહાસકાર ઓઝા આ ક્રમમાં નોંધે છેઃ અમરસિંહ, ભગવાનદાસ સહસા (સહસ્રમલ), ગોપાલ, કચરા, સાંવલદાસ, દુર્જનસિંહ, કલ્યાણદાસ, ચાંદા (ચંદ્રસિંહ), શેખા, પૂરણમલ (પૂરા) હાથી, રામસિંહ, જસવંતસિંહ, માના, નાથો અને રાયભાણ.

મેવાડમાં સતીપ્રથાનું ચલણ હતું. વિધવા વિવાહની મંજૂરી નહોતી. પુત્રીને ભારરૂપ લેખવામાં આવતાં દૂધ પીતી કરવાની (જન્મતાં જ મારી નાખવાની) પ્રથા પ્રચલિત હતી. જો કે આવી કુપ્રથાઓ છતાં સામાન્ય રીતે મહિલાઓનું પારિવારિક જીવન પ્રેમ અને સુખમય ગણાતું હતું. મહારાણા પ્રતાપના કુંવર અમરસિંહે અબ્દુલ રહીમ ખાન-ખાનાના પરિવારની મહિલાઓને પકડી ત્યારે પ્રતાપે તેમને તત્કાળ છોડી મૂકવાનો આદેશ આપ્યો હતો એ વાતની નોંધ લેવાય છે. આ જ અમરસિંહે વડનગર

લૂંટ્યું હતું. મહારાણા પ્રતાપના શાસનકાળમાં રાજમહેલ કે જંગલમાં વસવાટ દરમિયાન લોકોને સમતાની ભાવના અનુભવાતી હતી. સતત યુદ્ધના સમય દરમિયાન રાણા પ્રતાપ પોતાની અનેક રાણીઓ અને કુંવર-કુંવરીઓ સહિત લગભગ રાજવી પરિવારનાં ૧૦૦૦ જેટલાં સભ્યો સાથે ભીલોની વચ્ચે રહેતા હતા. સંકટ સમયે ભીલ નિષ્ઠાવંતો અને ગુપ્તચરો પ્રતાપ માટે જાન આપવા કે સાથ આપવામાં સંકોચ કરતા નહોતા.

ધાર્મિક સહિષ્ણુતા અને સર્વધર્મસમભાવ એ પ્રતાપના શાસનકાળમાં સ્વીકૃત આદર્શ લેખવામાં આવતા હતા. એ પોતે શૈવ હોવા છતાં બીજા ધર્મોના પૂજા-પાલન ભણી ઉદાર હતો. જૈન ધર્મનો પ્રભાવ પણ મેવાડમાં ઘણો હતો. ભામાશાહ જેવા પ્રધાન જૈન હતા. ભામાશાહના ભાઈ તારાચંદ, પુત્ર જીવાશાહ અને પૌત્ર અક્ષયરાજ પણ મેવાડ રાજ્યની સેવામાં હતા.

પ્રતાપે પોતાના રાજ્યમાં આવેલા મુસલમાનોને પણ આશ્રય આપ્યો હતો. પઠાણ હકીમખાં તો એનો વિશ્વસનીય સેનાનાયક હતો. તેને હલ્દીઘાટીના યુદ્ધમાં હરાવલનું નેતૃત્વ સોંપાયું હતું. આ વિશ્વાસની પરાકાષ્ઠા હતી. જાલૌરના તાજખાં સાથે પ્રતાપને વ્યક્તિગત મૈત્રી હતી. નસિરૂદ્દીન જેવા ચિત્રકારે તો મેવાડની નવી રાજધાની ચાવંડમાં રહીને નવી ચિત્રશૈલીને જન્મ આપ્યો હતો. એ પાછળથી મેવાડ શૈલી તરીકે ઓળખાઈ. એકલિંગની પૂજાઅર્ચના કરવાનું મહારાણાના રાજકાજનો ભાગ હોવા છતાં મેવાડના મહારાણાઓમાં ક્યારેય ધાર્મિક કટ્ટરતા, સંકીર્ણતા કે ભેદભાવની ભાવના ઉત્પન્ન થઈ નહોતી. એમણે બધા જ ધર્મોને સમાન રીતે આદર કર્યો અને રાજ્ય તરફથી તેમને સમયાંતરે જરૂરી સહયોગ પણ આપ્યો. વિભિન્ન ધર્મોમાં માનનારાઓને કેવળ તેમના વિશ્વાસ મુજબની પૂજાઅર્ચના અને આચરણની સ્વતંત્રતા હતી. એટલું જ નહીં એમને રાજ્યના વહીવટીતંત્રમાં ઊંચા હોદ્દાઓની જવાબદારી કોઈ જાતના ભેદભાવ વિના અપાતી હતી.

મેવાડના મહારાણા પ્રતાપને કેટલાક લોકો હિંદુ રાજા ગણાવીને મુસ્લિમ શાસક બાદશાહ અકબર સામે મૂકે છે. ધર્મયુદ્ધની વાત છેડે છે. હકીકતમાં મહારાણા ધાર્મિક બાબતોમાં સંકીર્ણ વિચારના નહોતા. સામે પક્ષે અકબરના સેનાપતિપદે રાજા માનસિંહ જેવા હિંદુ હતા એટલે બંને વચ્ચેના સંઘર્ષને હિંદુ-મુસ્લિમ રંગ આપતો ઈતિહાસ રજૂ કરવો યોગ્ય નથી.

'પ્રતાપ અકબરને ઘૂસણખોર અને વિદેશી હુમલાખોર તરીકે ગણી આક્રમણકારી અકબરનો વિરોધ કરતાં પ્રતાપે ક્ષત્રિયોચિત ધર્મનું પાલન કર્યું હતું.' એવું અધિકાંશ ઈતિહાસકારો સ્વીકારે છે.

ગૌરીશંકર ઓઝા નોંધે છેઃ 'મહારાણા પ્રતાપસિંહ અને અમરસિંહના સમયગાળામાં મુસલમાનો સાથે સતત લડાઈ થવાને કારણે ચતુર મંત્રી (પ્રધાન) ભામશાહ પાસે રાજ્યનો ખજાનો સુરક્ષિત સ્થાનોએ ગુપ્ત રીતે રખાવાયો હતો. તેનો હિસાબ-કિતાબ તે રાખતો હતો. એ સ્થળોથી જરૂરિયાત મુજબ ધન કાઢીને તે લડાઈનો ખર્ચ કરતા હતા. ભામશાહે પોતાના નિધન પૂર્વે આ ખજાનાના હિસાબ કિતાબની વહી પોતાની પત્નીને આપીને તે મહારાણાને પહોંચાડવા જણાવ્યું હતું.૯ બાદશાહ જહાંગીર સાથે સંધિ કરતી વેળા પ્રતાપના અનુગામી અમરસિંહે જે નજરાણું મુઘલ બાદશાહને ધર્યું હતું તેની નોંધ જહાંગીરનામામાં છે. ઓઝાએ એનો વિગતે ઉલ્લેખ કરીને પ્રશ્ન કર્યો છે. 'જો મહારાણા પ્રતાપસિંહ પાસે કોઈ સંપત્તિ નહીં હોત તો તેમના પુત્ર મહારાણા અમરસિંહે સંધિ વખતે આટલાં બધાં રત્નાદિની જોગવાઈ ક્યાંથી કરી?' કર્નલ ટોડ ભામાશાહે પોતાની સઘળી સંપત્તિ મહારાણા પ્રતાપના ચરણમાં ધરી દીધાની વાત કરે છે. તેને નર્યાં વાતોનાં વડાં ગણાવી ભરોસાપાત્ર નહીં લેખવાનું ઈતિહાસકાર ઓઝા જણાવે છે, છતાં આપણે ત્યાં પાઠ્યપુસ્તકોમાં આવી કલ્પનાકથાઓને પ્રતાપ સાથે જોડીને ભણાવાય છે એને શરમજનક લેખવું રહ્યું.

ભારતીય ગૌરવ અને સ્વાભિમાનના ઈતિહાસમાં ઉજ્જવળ પાનનું ઉમેરણ કરનાર મહારાણા પ્રતાપને ખરા અર્થમાં ભારત વર્ષનો નાયક અને પ્રેરણાપુરુષ ગણી શકાય.

(નિયામક અને પ્રાધ્યાપક, સરદાર પટેલ સંશોધન સંસ્થા-સેરલિપ,
ભાઈકાકા લાઈબ્રેરી સામે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦., જિ. આણંદ
મો:૯૮૯૮૫૪૩૮૮૧ ઈ-મેઈલ:haridesai@gmail.com)

## સબૂર, ઓ માનવી

સબૂર, ઓ સ્મારકો તણા શોખીન માનવી!
સદીઓ સુધી સહ્યું છે કાળજું કઠણ કરી,
રાખી હૃદયની વેદના હૃદયમાં સંઘરીઃ
મારે મંદિર કામનાં ક્રીડાંગણો કૂડાં
ઊભાં થયાં છતાં હું રહ્યો ધૈર્યને ધારી!

રે ગઝનવીનું આક્રમણ તો દૂરની કથા,
અહીં તો ક્યારની જાગી ગઇ હતી વ્યથા!
અસહ્ય વેદના થતાં મેં મારી જાતને
લીધી હતી સંકેલી મંદિરેથી સર્વથા!

આજે એ કરુણ કહાણીના પાષાણ સર્જકો,
એ શ્યામ-મુંડ રોતલો, ઉદ્દંડ ગર્જકો
ધીરે ધીરે સરી રહ્યા છે યાદદાસ્તથી
જાલિમ ને મજલૂમો ને કર્દકો ને તર્જકો!

ને આજે જ્યાહરે કો' તપસ્વીના ત્યાગથી
ને સેંકડો નરોની શહાદતના રાગથી
તૂટી છે ગુલામીની જૂની જંઝીરો જરા,
માંડી છે મલકવા ઉષા મુક્તિ સુહાગથી-

ત્યારેય આ ધરામાં રડારોડ ચાલુ છે,
ધીંગાને હાથ રીંગાની ધમરોળ ચાલુ છે;
ચાલુ છે લાંબી લાંબી લંગાર મિસ્કીનોની,
તસ્કર ને તવંગર તણા ફૂલદોલ ચાલુ છે.

મહેનતકશોને કાંટા, તસ્કર ઘસે છે ચંદન;
કોટિ ક્ષુધાર્ત કેરાં કાને પડે છે ક્રંદન;
હું શિવતણી પ્રતિષ્ઠા ત્યાં સંભવે શી રીતે,
જ્યાં નીકળી ગયું છે શિવભાવનું નિકંદન!

હું સોમનાથ તેથી વિનવું છું હાથ બાંધીઃ
શાને ઊભી કરો છો આડંબરોની આંધી?
આ તીર્થ, આ તમાશા, આ ફેન ને ફિતૂરા;
આ લક્ષ્યમાં જ ચાલ્યા ગયા બિચારા ગાંધી!
ના ના, મને દેજો કોઇ ત્રાસ નકામો,
ઊભો ન કરજો પુણ્યનો આભાસ નકામો!

**કરસનદાસ માણેક**

## વડા ધણીને વિનતિ

બાપુજી, પ્રાણને પાથરું રે, વેણ રાખજે મારુંઃ
આ રે કાયાની કાવડ રે તારાં અમરત સારું.
વેરનાં વખિયાં ખેતર રે ખેડી-ગોડીને ખાંતે,
વ્હાલનાં બી વાવું હોંશથી રે હસીખુશી નિરાંતે.
ઊંડા તે ઘાવ વરામણા રે, દિલે દાહ જ્યાં કારી,
અંગે અંગે દઉં નિરમળા રે શીળા લેપ નિતારી.
ડાકણ બેઠી ડરામણી રે કૂડી શંકાની આડી,
વાટ ચીંધું વિશ્વાસની રે આગે પાય ઉપાડી.
માથું ઢાળી બેસે માનવી રે હાથ લમણે મૂકી,
રંગ દઇ વાંસો થાબડી રે ભેટ બાંધું બળૂકી.
અંધારું ચૂતું જ્યાં આભથી રે ગજવેલ શું ગાઢું!
બીજ સમી ત્યાં તો બંકડી રે આછી કોર હું કાઢું,
ઝૂરી મરે રણ-રેતમાં રે કોઇ જીવ ઉદાસી,
ઝરણું બની એની પાસમાં રે વેરું કલકલ હાસી.
વડા ધણી, મારી વિનતિ રે, આંસુ એકલો પ્રોઉં,
પરનાં આંસુડાં પ્રેમથી રે ધોડી ધોડીને લોઉં.
મોટા ભા થઈને મેરમ રે મારું ગાણું ન માંડું,
કો'કને સાંભળું, સમજું રે દઇ કાન ને કાંડું.
ભીખ માંગુ નહીં ભાવની રે કરી ઉછી-ઉધારાં,
હૈયું લૂંટાવું હું હેતથી રે, દિયે હાડ હોંકારા.
ઓછું થતું નહીં આપતાં રે, થાય અદકી મૂડી,
વાંકગુના સૌ વિસારતાં રે થાય જિંદગી રુડી.
માલિક, આવી જો મોજથી રે મારો માંહ્યલો મેરે,
અમરલોકનું આયખું રે મારો આતમા વરે.

**મકરન્દ દવે**

અંગગાંગે છે પરમ ભરતી મસ્ત સિન્ધુ સમી ને
લજ્જા કેરી નયન પર છે એક મર્યાદરેખ;
હર્ષે થાતી પુલકિત ધરા પાયના સ્પર્શથી જે,
જાયે કોઇ યુવતી નયનો ધન્ય મારાં કરીને.

**પ્રહલાદ પારેખ**

॥ આપણો વૈભવ અને વારસો ॥ (ગદ્ય વિભાગ)

## શબ્દથી મૃત્યુઃ શબ્દથી પ્રેમ

**ફાધર વાલેસ**

શબ્દો ઘાતક છે, અને શબ્દો હકીકતમાં માણસને જાનથી પણ મારી શકે છે, એવાં ઉદાહરણો આપવાનો છું. આ એક દુઃખની કહાણી છે અને એ લખતાં મને કષ્ટ પડે છે, પણ શબ્દોની અમંગળ શક્તિ અને અઘોરી જુલમ બતાવવા એ સાચી અને મર્મભેદી કથા છે, એટલે એ કહેવાની હિંમત કરું છું. લોકો વસ્તુ જોતા નથી, નામ જ જુએ છે. માણસો ભગવાનના ઉપાસકો નથી, ભગવાનના નામના જ ઉપાસકો છે. ભગવાન ગયો અને ભગવાનનું નામ જ રહ્યું. એમાં દુઃખ એ આવ્યું કે ભગવાનનાં નામ ઘણાં હોવાથી હવે વચ્ચે સંઘર્ષ થાય છે અને ભગવાનનું નામ લઈને લોકો બીજા ભગવાનનું નામ લેનારા લોકોને મારી નાખે છે. શબ્દોનો એ અંતિમ અત્યાચાર છે.

હિંદુ-મુસ્લિમ રમખાણ. ક્યારે? એટલાં થયાં છે કે વર્ષ યાદ નથી. ઈસુએ તો ચેતવણી આપી હતીઃ ''પોતે ભગવાનની સેવા કરી રહ્યા છે એમ માનીને જ લોકો તમને મારી નાખશે.'' (યોહાન, ૧૬-૨) અભાગી ભવિષ્યવાણી સાચી પડી. આજે યુરોપમાં ખ્રિસ્તીઓની વચ્ચે, મધ્યપૂર્વમાં મુસ્લિમોની વચ્ચે, અને ભારતમાં હિંદુ-મુસ્લિમ વચ્ચે ઘાતક સંઘર્ષો થાય છે.

એમાં એક ઘાતકી રમત. હિંદુઓના ટોળામાં એક મુસ્લિમ આવી જાય. ટોળું કહેઃ ''ભગવાન બોલો.'' મુસ્લિમ બોલેઃ ''ખુદા.'' એનો જીવ જાય. બીજા ખૂણામાં બીજો દાવ ખેલાય. મુસ્લિમોના ટોળામાં હિંદુ આવી જાય. ટોળું કહેઃ ''ખુદા બોલો.'' હિંદુ બોલેઃ ''ભગવાન'' અને એનો જીવ જાય બંને પક્ષો થાકી જાય ત્યાં સુધી એવી રમત રમાય. ભગવાન-ખુદાની રમત. એ શબ્દો લખતાં જ કેવો ઘેરો મૂંગો આઘાત દિલમાં અનુભવાય છે. સૌથી પવિત્ર ભાવની અને સૌથી ભયંકર નિષ્ઠુરતા. જીવનદાતાના નામે મોત. ધર્મના નામે મોત.

ઈશ્વર તો એક જ છે. ભગવાન, ખુદા, ગૉડ એક જ પરમ તત્વનાં જુદાં જુદાં નામો છે. અને બધાં મળીને એ પરમ તત્ત્વની જુદી જુદી ઝલક પ્રગટ કરતાં જાય. પરંતુ અહીં તત્ત્વ કરતાં શબ્દ વધારે મહત્ત્વનો બને. વસ્તુ કરતાં એનું નામ વધારે કીમતી લાગે, અને એ નામ હવે એ પરમ તત્ત્વનું નહીં પરંતુ એક પ્રજા, એક સંસ્કૃતિ, એક પક્ષ, એક મોરચાનું બની જાય.

એ અમંગળ સ્મરણ ભૂંસવા ઈશ્વરના નામની બીજી અને હવે તો હૂંફાળી વાત અહીં કરવી છે. સન ૧૯૬૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચે અથડામણ થઈ ત્યારે સ્થાયી શાંતિ સ્થાપવા માટે ભારતના વડા પ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી અને પાકિસ્તાનના પ્રમુખ અયૂબખાન રશિયાના તાશ્કંદ શહેરમાં મળ્યા, અને દિવસો સુધી ખંતથી કામ કરીને છેવટે ઉભય પક્ષે માન્ય એવા શાંતિકરાર ઉપર સહી કરીને જપ્યા. મિલનનો છેલ્લો દિવસ હતો. એક યુદ્ધ લડ્યાનો શ્રમ અને શાંતિ લાવ્યાનો પરિશ્રમ સૌ અનુભવતા હતા. સાથે સાથે સુખદ અંતનો સંતોષ સૌના હૃદયમાં હતો. અને વિશેષ તો જાગ્રત, સૌમ્ય, સ્થિર, નમ્ર, ગૌરવવંતા અને શાંતિપ્રિય શાસ્ત્રીજીના હૃદયમાં. મોડી રાત થઈ ગઈ હતી. હવે રાતના વિશ્રામ માટે છૂટા પડવાના હતા, અને બીજે દિવસે સવારે પોતપોતાના દેશ જવા સૌ રવાના થઈ જવાના હતા. છેલ્લી રાતની એ છેલ્લી ઘડીએ બંને રાજપુરુષો એકબીજાની સામે ઊભા રહ્યા અને હાથ મિલાવવા લાંબા કર્યા, ત્યારે શાસ્ત્રીજીએ સહજ સ્ફુરણાથી સુંદર શબ્દો ઉચ્ચાર્યા. એમ તો તેઓ ખાલી રોજ વાટાઘાટોમાં વપરાતી અને સૌને પરિચિત ને સૌની વચ્ચે તટસ્થ એવી અંગ્રેજી ભાષા વાપરીને ''ગુડ નાઈટ'' કહી શક્યા હોત. પણ ભારતના વડાપ્રધાન, ભક્તિમય હિંદુ શાસ્ત્રો જાણનાર માનનીય 'શાસ્ત્રી' મુસ્લિમોની રીતો પણ જાણતા હતા, અને મુસ્લિમો પરસ્પર અભિવાદન કરવા જે શબ્દો વાપરે છે તે એમણે એ વિરલ મુહૂર્તે વાપરવાનું પસંદ કર્યું. એમણે પાકિસ્તાનના પ્રમુખ સામે જોયું, એમનો હાથ પોતાના હાથમાં લીધો, સ્મિત કર્યું અને કૂણા ભાવથી દુવાના શબ્દો ઉચ્ચાર્યાઃ ''ખુદા હાફિજ'' મુસ્લિમ પ્રમુખ આશીર્વાદના શબ્દો તરત પડઘો પાડીને સહજ વાક્ય બોલ્યાઃ ''હાફિજ ખુદા.''

એ શબ્દોનું સ્થાન હવે ઈતિહાસમાં છે. એક શાણા, ભલા, કુશળ, ઉદાર માનવીના છેલ્લા શબ્દો તરીકે એ માનવ-ઈતિહાસના અનંત ગ્રંથમાં નોંધાયેલા છે. એ દિવસો ને એ મહિનાઓના શ્રમનો ભાર શાસ્ત્રીજીના નાજુક બંધારણ ઉપર આવ્યો, અને ત્યાં ને ત્યાં એમનો દેહ તૂટ્યો. બીજે દિવસે સવારે સ્વદેશની યાત્રા કરવા એમને લેવા ગયા ત્યારે હૃદયના ઘોર હુમલાથી એઓ પથારીમાં જ મૃત્યુ પામેલા મળ્યા. યુદ્ધમાં તેઓ અણનમ રહ્યા હતા, શાંતિ સુલેહ માટે ઈંતેજાર હતા, અને અલવિદાના સૌમ્ય હૂંફાળા શબ્દો વાપરવા જાગ્રત અને સંવેદનશીલ પણ બન્યા હતા. એમના હોઠ પર ''ખુદા''એ શાંતિ અને પ્રેમની સંજ્ઞાવાળો શબ્દ બન્યો. એવો જ રહો!

('શબ્દલોક')

## ગઝલ

**નરેશ સોલંકી**

હું ઉપડતી ટ્રેનને પકડી રહ્યો
એટલે કે ભાગ્યને જકડી રહ્યો.
હાથ પર સોજો ચડ્યો છે શબ્દને,
રોજ કાંડુ પદ્યનું મચડી રહ્યો.
એકદમ કાળાશ બાઝી મૌન પર
રાતભર અંધાર થઇ દદડી રહ્યો.
ઓરડો, એકાંત, અંધારું ને હું
પીંજરામાં એકલો ફફડી રહ્યો.
ભીતરે ખાલી જગામાં રવ ભરું
વાસણોની જેમ હું ખખડી રહ્યો.
એક બે ગુલમહોર પીવાની મજા
આંખ ઘેઘૂર થાપને લથડી રહ્યો.

(મવડી પોલીસ હેડક્વાટર્સ રાજકોટ રુરલ, બ્લોક નં.૪
ક્વાટર્સ નં.૪૦, કાલાવડ રોડ, રાજકોટ
મો. ૯૭૨૫૭૫૮૫૫૪ )

## વિસ્તરતું જીવન

**પારુલ બારોટ**

રેત શીશીમાં સરતું જીવન
એક બીબામાં ઢળતું જીવન.
આખું રણ આંખોથી પીને
મૃગજળ પેઠે દડતું જીવન.
મુશ્કેલીની છાતી ફાડી
લીલપ લઇ નીકળતું જીવન.
એમ જુઓ તો સાગર જેવું
એમ ઓસ થઇ ખરતું જીવન.
હા, પંખીની ચાંચની ફરતે
ટૌકા થૈ વિસ્તરતું જીવન.
બાંસુરીમાં સૂરો ઘૂંટી
પોલા શ્વાસો ભરતું જીવન.

(એ-૫, કૃષ્ણા બંગલોઝ, માધવ-૩ની પાછળ, મોટેરા, અમદાવાદ)

**અલ્પેશ 'પાગલ'**

ખબર છે કે મ્હોરાંમાં છળ નીકળે છે,
આ ચ્હેરા તો સાલા અકળ નીકળે છે.
ન ખાનાખરાબી ચકાસો યુગોની,
મહીં સાવ નબળી જ પળ નીકળે છે.
નસેનસનું તોફાન સાથે લઇને,
નયનથી જુઓ શાંત જળ નીકળે છે.
સંબોની કશ્તી કિનારે ડૂબે છે,
અહીં ચીતરેલા વમળ નીકળે છે.
અભિમાન એનું છે અકબંધ આજે'ય,
હજી બળતા બળતા'ય વળ નીકળે છે.
આ ડહોળાયેલા મનના કાદવની અંદર,
વિચારોનાં ખીલતાં કમળ નીકળે છે.

('અમીપ્રભા', ૧૦૧-એ, કિડવાઇ નગર મેઇન રોડ, માધવ
રેસીડેન્સી નજીક, રાજકોટ-૩૬૦૦૦૫)

## આવવા દે

**નીલેશ પટેલ**

મને સ્હેજ અજવાસમાં આવવા દે,
જગતના રહસ્યોથી પરિચિત થવા દે.
અનુભવ ને સમજણથી છે સજ્જ માણસ,
તને કોઇ પણ રીતે ના ફાવવા દે.
વલણ ત્રાજવા જેવું તેં નમતું રાખ્યું,
મને સ્થિર ક્યારેય પણ ના થવા દે.
મેં સુખ માંગ્યુ તો પણ તેં ઈશ્વર ના દીધું,
તું ઇચ્છે તો પીડા ફરી આવવા દે.
હજી થોડા સક્ષમ થવાની જરૂર છે,
લગાતાર આફતથી અથડાવવા દે,
સિંહાસન ને શાસનને મારે શું કરવું
મળ્યું છે મને એ પૂરું માણવા દે.

(સાયણ-ઓલપાડ રોડ, મુ. પરીઆ, પો. સાયણ, તા. ઓલપાડ,
જિ. સુરત-૩૯૪૧૩૦. મો. ૯૯૦૯૬૩૨૨૯૧)

## અજોડ સરદાર

### પ્યારેલાલ

(ભારતીય પ્રજા તરીકે આપણી એ તાસીર રહી છે કે આપણા માટે આખું જીવન ન્યોછાવર કરી દેનાર વ્યક્તિને પણ તેના જન્મદિને કે પુણ્યતિથિએ યાદ કર્યા પછી બાકીના દિવસોએ જાણે તેમના જેવો કોઈ માણસ આ પૃથ્વી પર અવતર્યો જ ન હતો એવી કોરીધાકોર માનસિકતા સાથે જીવી-મરી શકીએ છીએ. સત્તાનું રાજકારણ જે તે વ્યક્તિના નામનો લાભ લેવો હોય ત્યારે રોડ-રસ્તાનું નામાંકન કરી નાખે છે કે પછી પૂતળાં મુકાવીને એમનો લાભ ખાટી રહ્યા હોય ત્યારે પણ એ નજરે ન ચઢતા આ મહાન વ્યક્તિત્વો પ્રત્યેનું ઋણ અદા કર્યાનો સંતોષ જ આપણા જીવનનાં બાકીનાં વર્ષો પૂરાં કરી આપે છે. આટલું ઓછું હોય તેમ આવાં વ્યક્તિત્વોના નામે વર્ષોથી ચલાવવામાં આવતી વાતોના મૂળ સુધી પહોંચ્યા વગર સત્યમતને બદલે બહુમતને તાબે થઈ જઈએ છીએ ને વળી એવી જ વાતોના પ્રચારમાં આપણું યોગદાન પણ આપીએ છીએ. આપણામાંના કોઈકને જો આ વ્યક્તિત્વો પ્રત્યેના આદરનો થોડો લાંબા ગાળાનો હુમલો આવ્યો હોય તો તેમના નામે સંસ્થાનિધિ મંડળ કે યુનિવર્સિટી રચાય છે ને ગણતરીનાં વર્ષોમાં જ તેમના સિદ્ધાંતો વિરુદ્ધનાં કાર્યો થવા માંડે તો તેના હિસાબ માંડવાનો સમય પણ આપણી પાસે નથી હોતો. અધૂરામાં પૂરું 'જમાના પ્રમાણે ચાલવું પડે'નો આધુનિક લોકપ્રિય ને કાટલાંછાપ પ્રેક્ટિકલ જવાબ આપણી પાસે તૈયાર હોય છે. ઇતિહાસનાં આવાં ઘણાં ખરાં વ્યક્તિત્વોને આપણે હાનિ પહોંચાડી છે તેમાં આગળ મૂકવું પડે એવું એક નામ તે સરદાર વલ્લભભાઈ ઝવેરભાઈ પટેલ.

સરદાર પટેલના વ્યક્તિત્વ પર આપણે અનેક ગેરસમજનાં પડ બાંધી દીધાં છે. વર્ષો વીતતાં તે એટલાં તો સજ્જડ થઈ ગયાં છે કે સાચા સરદારનો માત્ર આકાર રહ્યો છે, વિચાર વીસરાઈ ગયો છે. સરદાર પટેલના ઘનિષ્ઠ મિત્ર અને મહાદેવ દેસાઈના અવસાન પછી ગાંધીજીના અંગત મંત્રી રહી ચૂકેલા પ્યારેલાલે સરદારના નિધનના ઠીક પાંચમા દિવસે 'હરિજન' પત્ર માટે લખેલો શ્રદ્ધાંજલિ લેખ આપણને સરદારનો સાચો પરિચય કરાવે છે.)

સરદાર ચાલ્યા ગયા એમ માનવું મુશ્કેલ છે. જે ઇમારતના ગાંધીજી શિલ્પી હતા અને પંડિત નેહરુ પાયાની શિલા છે તેના સરદાર આધારસ્તંભ હતા. હિંદની આઝાદી માટેની લડતના કાળ દરમ્યાન સરદારે પોતાની બુદ્ધિ અને ઇચ્છાશક્તિ ગાંધીજીને સંપૂર્ણપણે સમર્પિત કરી હતી. સેનાપતિને તેના મદદનીશે કરેલા આવા સમર્પણનો બીજો દાખલો મારી જાણમાં નથી. ગાંધીજી વારંવાર કહેતા: ''હું હાજર હોઉં ત્યારે સરદારની વિચારશક્તિ થંભી જાય છે'' પાછળનાં વરસોમાં આમાં ફેરફાર થવા પામ્યો હતો. પરંતુ ગાંધીજી સાથે તેમને જોડનારાં અંતરની વફાદારી અને અંગત સ્નેહનાં બંધનો છેવટ સુધી જેમનાં તેમ ચાલુ રહ્યાં.

બેમાંથી કોઈએ એકબીજાની આગળ પરલોકમાં જવાનું નથી, આ મજાક સરદાર અને ગાંધીજી મળે ત્યારે હંમેશાં કરતા. છેવટના દિવસોમાં તેમની આજુબાજુ બનતી ઘટનાઓથી કોઈ કોઈ વાર ગાંધીજી કકળી ઊઠતા અને તેમની વેદના અસહ્ય બની જતી અને કહેતા કે ઈશ્વર હવે મને ઉપાડી લે તો સારું. આવે વખતે સરદાર ચિડાઈને કહેતા: ''ત્યારે તમે વચનભંગ કરી મને એકલો મૂકી ચાલ્યા જશો એમ ને? એમ ને'' ખરેખર, ગાંધીજી ગયા પછી સરદારને જીવવાની લગીરે ઇચ્છા રહી નહોતી. પરંતુ પોતાના નેતાએ સોંપેલી જવાબદારી ઉઠાવતા રહેવાનું નિશ્ચયબળ તેમનામાં હતું. પોતાના સેનાપતિને તેમણે અર્પી હતી એટલી વફાદારી બીજા કોઈ સિપાઈએ પોતાના સેનાપતિને કદી અર્પી નહીં હોય.

ગાંધીજીના અવસાન પછી સરદારે એક વાર મને કહ્યું હતું: ''બીજાઓ તો આંસુ સારીનેયે પોતાનો ભાર હળવો કરી શકે, પણ મારાથી રડી શકાતું નથી અને તેથી મારું મગજ લોચો થઈ જાય છે.'' તેમના કઠોર દેખાતા ચહેરા પાછળ માનવપ્રેમથી ઊભરાતું તથા દુખિયાંઓનાં દુઃખ જોઈને દ્રવતું અને પ્રેમભાવને પ્રીછતું વિશાળ, હૂંફાળું અને ઉદાર હૃદય ધબકતું હતું. પરંતુ તેઓ પોતાની લાગણીઓથી કદી દોરવાઈ જતા નહીં કે તેમને છતી થવા દેતા નહીં. પોતાના અડગ નિશ્ચયને પાર પાડવામાં તેઓ તેને યોજતા. જેને માટે તે જાણીતા થયા એ તેમની વ્યવહારકુશળતા એ વસ્તુને આભારી હતી.

સરદાર મૂડીદારો તથા રાજારજવાડાંઓના મિત્ર છે એમ કહેવામાં આવતું હતું. આમ છતાં તેમણે જ એ રાજારજવાડાંઓની પ્રથાનો અંત આણ્યો, અને તેઓ મૂડીવાદી વ્યવસ્થાના મિત્ર નહોતા એ મૂડીદારો સારી પેઠે જાણતા હતા. સરદાર સાથેની પોતાની મૈત્રી ચાલુ રાખવી હોય અને રાજારજવાડાંઓની પ્રથાના થયા તેવા હાલમાંથી બચવું હોય તો મૂડીદારોએ મૂડીવાદી વ્યવસ્થા સુધારવી રહી અને તેમણે સીધી રીતે ચાલવું રહ્યું.

માણસે તથા જેના તેઓ પ્રતિનિધિ હોય તે પ્રથા કે વ્યવસ્થા એ બે વચ્ચે તેમને મન ચોખ્ખો તફાવત હતો. વ્યક્તિગત મૂડીદારો અને રાજાઓ સાથેની તેમની મૈત્રીનાં મૂળ તેમનામાંયે દેશભક્તિ અને સમજદારી છે એ ધારણામાં રહેલાં છે. તેમનામાં એટલી બધી વ્યવહારુ દૃષ્ટિ હતી કે એ લોકોના અનુભવની પૂરી પિછાન ન કરવાનું તેમને માટે શક્ય નહોતું અને એથી જ એ બંને વર્ગના લોકોની દેશને

કેટલી બધી જરૂર છે એ તેઓ બરાબર સમજતા હતા. અને તેથી રાજારજવાડાંની પ્રથા તેમણે નાબૂદ કરી પરંતુ ઘણાખરા દેશી રાજાઓની મૈત્રી અને વફાદારી તેમણે જાળવી રાખી. આજે તેમનામાંના કેટલાક પોતાની શક્તિ અને અનુભવ દેશની સેવામાં બહુ સારી રીતે વાપરી રહ્યા છે.

ભિન્ન ભિન્ન પોકારો અને વાદોને વિશે તેમને સ્વાભાવિક અવિશ્વાસ હતો. અને ખાસ કરીને દંભ તથા શબ્દોના આડંબર પ્રત્યે તેમને ભારે નફરત હતી. તેમણે પોતાની સગી આંખે જોયું હતું કે મૂડીદારો પર વધુમાં વધુ ગાળો વરસાવનારાઓ તક મળે તો પોતે મૂડીદાર બની જતાં અચકાતા નહોતા અને તેમાંના ઘણા તો પ્રસંગ આવ્યે પોતાના રોજિંદા જીવનનાં નાનાં નાનાં કાર્યોમાં, જેમને ગાળો આપતાં તેઓ થાકતા નહોતા તે મૂડાદીરોની જ સર્વસામાન્ય નબળાઇઓ, ત્રુટિઓ દાખવતા હતા. સરદારની મોટાઇ એટલી બધી હતી કે અમુક માણસ અમુક વર્ગનો છે એટલા જ ખાતર તેમના વિરોધી બનવાનું તેમને માટે શક્ય નહોતું. તેમનું વલણ તત્ત્વતઃ માનવતાનું હતું. બધા માણસોને તેઓ પોતાને માપવાના ગજથી જ માપતા અને પોતાની પાસેથી તેઓ જે અપેક્ષા ન રાખે તે તેમની પાસેથી રાખતા નહીં. ડાહ્યા મૂડીદારો સમજતા હતા કે સરદાર તેમને તેમનાથી જ- અને તેઓ ચાહે કે ન ચાહે તોયે-ઉગારવા માગતા હતા અને તેથી તેઓ તેમને વળગી રહેતા. ધ્યેયને અર્થે તેઓ તેમનો ઉપયોગ કરતા. તેઓ એટલા ચતુર હતા કે બીજાઓ તેમનો ઉપયોગ કરી જાય એ અસંભવિત હતું.

એક વાર એવી ટીકા કરવામાં આવતી હતી કે સરદાર પ્રત્યાઘાતી છે. પરંતુ તેમના ટીકાકારોને થોડા જ વખતમાં માલૂમ પડ્યું કે તેઓ તેમના કરતાં વધારે ક્રાંતિકારી હતા. બારડોલીમાં તેમણે ક્રાંતિ કરી બતાવી, જ્યારે પેલાઓ તો ક્રાંતિની વાતો જ કરતા રહ્યા. ગમેતેવા ઉદ્દામ સુધારા કરવાની તેઓ વિરૂદ્ધ નહોતા. શરત એટલી જ કે એ વહેવારમાં મૂકી શકાય એવા અને દેશનું શ્રેષ્ઠ હિત સાધનારા હોવા જોઇએ. ખેડૂતને ઘેર જન્મ્યા અને ઊછર્યા હોવાને લીધે પ્રકૃતિથી જ તેઓ ખેડૂત હતા. અને તેથી હવાઇ કલ્પનાઓ, પોથીમાંના સિદ્ધાંતો અને ખાલી વાતો વિશે તેમને ખેડૂત સહજ અણગમો હતો. તેઓ સીધે સીધી વાત કરતા, મોટાં મોટાં વચનો આપતા નહીં. તેમ જ ખોટી આશાઓ પણ પેદા કરતા નહીં. પણ લોકો જાણતા કે એક વસ્તુ તેઓ મન પર લે એટલે તે થઇ જ જાણો. સરદાર કંઇ પણ વસ્તુ કહે ત્યારે લોકો જાણતા કે તેઓ શું કહેવા માગે છે. અને તેથી તેઓ તેમના પર પૂરો ભરોસો રાખતા. તેઓ કદી ખોટી ધમકી આપતા નહીં અને કોઇ તેમનેયે ખોટી દમદાટી આપી શકતું નહીં.

કેટલાક લોકો તેમને મુસલમાનો તથા પાકિસ્તાનના શત્રુ લેખતા હતા. આ બિલકુલ ભૂલ ભરેલો ખ્યાલ છે. દેશની સલામતીને તેઓ બેશક પ્રથમ સ્થાન આપતા. એ બાબતમાં તેઓ કશુંયે જોખમ ખેડવા તૈયાર નહોતા. પરંતુ મને એ પણ બરાબર યાદ છે કે અહીંયા રહેવા અને આ દેશને પોતાનું વતન ગણવા ચાહતા મુસલમાનોને પૂરેપૂરો ન્યાય મળવો જોઇએ એમ તે દઢપણે માનતા હતા.

ગાંધીજીના અવસાન બાદ એ પાગલપણાના દિવસોમાં કેટલાક વ્યક્તિગત મુસલમાનોના દાખલાઓમાં થયેલો અન્યાય દૂર કરવાનું કહેવા માટે એક વખત મારે તેમની પાસે જવાનું થયું હતું. એ કામ ગાંધીજીએ મને સોંપ્યું હતું તેમણે મને પૂરેપૂરો ટેકો આપ્યો અને કેટલાક દાખલાઓંમાં અન્યાય દૂર કરવામાં આવ્યો. બીજા કેટલાક દાખલાઓની બાબતમાં તેમણે મને પંડિતજીને મળવા જણાવ્યું. મેં એ વિશે પંડિતજી પર કંઇક આકરી ભાષામાં કાગળ લખ્યો અને તે સરદારને બતાવ્યો. તેમણે કહ્યું ''બરાબર છે. મોકલી આપો'' પછીથી હું મારી બહેન ડૉ.સુશીલા નય્યરના ઓરડામાં ગયો. એ વખતે તે સરદારનાં દાકતર તરીકે તેમની સારવારમાં હતી અને તેમની જોડે જ રહેતી હતી. સરદારના ઓરડાની બહાર મેં પગ મૂક્યો ત્યાં પંડિતજી આવી પહોંચ્યા. તેમનો ચહેરો ફીકો પડી ગયેલો અને ચિંતાગ્રસ્ત લાગતો હતો. અનેક રાતના ઉજાગરાથી તે નંખાઇ ગયેલા દેખાતા હતા. તેમની માનસિક તાણમાં ઉમેરો કરવાનો વિચાર મારે માટે અસહ્ય હતો અને તેથી મેં તૈયાર કરેલો પત્ર રદ કરવાનું મારા મદદનીશને કહ્યું. પંડિતજી ગયા કે તરત સરદાર અમે હતાં તે ઓરડામાં આવ્યા. તેમણે પૂછ્યું, ''પેલો કાગળ તમે પંડિતજીને આપ્યો?'' મેં કહ્યું ના ''ઠીક ત્યારે એ આપશો નહીં. તે આવ્યા ત્યારે તમે તેમનો ચહેરો જોયો હતો? એમના પર ચિંતાનો એટલો બધો બોજો છે કે તમારો કાગળ એમને માટે અસહ્ય થઇ પડત.'' મેં તેમને એ પત્ર પર 'રદબાતલ' રાતી પેન્સિલથી લખેલું બતાવ્યું એટલે તેઓ નિશ્ચિંત થઇને પાછા વળ્યા.

સરદારને તેમના 'ઇમામભાઇ'- ગાંધીજીના દક્ષિણ આફ્રિકાના સાથી સદ્ગત ઇમામસાહેબ બાવઝીર-

તથા સદ્‌ગત અબ્બાસ તૈયબજીની સાથે જેમણે જોયા હશે તેઓ જાણે છે કે મુસલમાનો પ્રત્યે તેમને લવલેશ વિરોધભાવ નહોતો. એ બંનેને સરદાર પોતાના સગાભાઈ લેખતા હતા અને તેમના કુટુંબને પોતાના કુટુંબ તરીકે લેખતા હતા. વચગાળાની સરકારની રચના પછી તેમનો સૌથી માનીતો અધિકારી ખાસ પોલીસનો ઇન્સ્પેક્ટર જનરલ એક મુસલમાન હતો. એ ચાહના પરસ્પર હતી, એ કહેવાની જરૂર નથી અને દેશના ભાગલા પછી એ અધિકારીએ પાકિસ્તાન જવાનું પસંદ કર્યું ત્યાર પછીયે તેમને માટેની સરદારની ચાહના કાયમ રહી.

હિંદના આંતરિક સવાલો ઉકેલવાને સરદાર એટલા તો આતુર હતા કે પાકિસ્તાન સાથે ઝઘડો કરવા તેઓ કદી ઇચ્છતા નહોતા. પણ ન્યાયને ધોરણે તેઓ શાંતિ ચાહતા હતા, મનામણાંની નીતિથી નહીં. અને જ્યારે ન્યાયી શરતે પાકિસ્તાન સાથે કરાર કરવાનું શક્ય બન્યું ત્યારે તેમણે પોતાની સઘળી લાગવગ એને પક્ષે વાપરી. નેહરુ-લિયાકતઅલી કરાર થયા પછી તેમણે મને ખાસ બોલાવ્યો- એ બાબતમાં હું કેટલી તીવ્ર લાગણી ધરાવતો હતો, તેની એમને ખબર હતી- અને 'આખરે અમે એ કામ પાર પાડ્યું' એમ કહેતી વખતે તેમના મોં પર જે સંતોષની લાગણી મારા જોવામાં આવી તે મને સદા યાદ રહેશે. એ કરારનો અમલ કરવાને તેઓ ભારે ઇંતેજાર હતા અને પોતાની નાદુરસ્ત તબિયત હોવા છતાં એને માટે તેઓ કલકત્તા દોડી ગયા. તેમને ધારણા પ્રમાણે એકધારી ઝડપ અને ધગશપૂર્વક કામ થઈ ન શકયું એ માટે તેમને કેટલી બધી નિરાશા થઈ હતી એ તેમણે મને પછીથી જણાવ્યું હતું.

તે દરગુજર કરી શકતા હતા અને અંગત માનાપમાન દરગુજર કરવાની તેમની શક્તિ અપાર હતી. એના દાખલા હું આપી શકું એમ છું પણ હું એમ નહીં કરું, એ બધી અતિ પવિત્ર વસ્તુઓ છે.ગાંધીજી પણ દરગુજર કરતા હતા.પરંતુ તેઓ ભૂલી જઈ પણ શકતા હતા અને એને લીધે લોકો એમ માનતા કે તેમને છેતરી શકાય છે અને તેથી તેઓ તેમની સાથે છૂટ પણ લેતા. સરદારની દરગુજર કરવાની શક્તિ તો વળી વધારે આશ્ચર્યકારક હતી કેમ કે તેઓ કદી ભૂલી શકતા નહોતા. અને લોકો તે વસ્તુ જાણતા હતા. અને એથી કરીને તેઓ તેમની સાથે રમત કરતાં અટકતા.

રાજકારણનાં ક્ષેત્રમાં તેઓ ગાંધીજીના જેવા વાસ્તવદર્શી હતા. તેમની નિર્ણયશક્તિ, ઝડપી નિર્ણય કરવાની તથા અડગ શ્રદ્ધા અને કાર્ય દ્વારા તેમનો અમલ કરવાની તેમની તાકાત, તેમની સંગઠનશક્તિ, તેમની અપાર સાવધાની અને જાગૃતિ, ગામડાંઓ પ્રત્યે તથા સરળ ગ્રામવાસીઓ તથા તેમના ઉદ્યોગધંધા, રહેણીકરણી પરત્વેનો તેમનો ઊંડો પ્રેમ તથા તેમનો આત્મનિગ્રહ અને સખત કામ કરવાની શક્તિ વગેરે ગાંધીજીની યાદ આપતાં હતાં. એક વખતે તેઓ ખૂબ જ બીડી પીતા હતા. તેઓ મજાકમાં કહેતા કે, ''મારા હાથમાં જેલરેખા નથી.'' તેમના પહેલા કારાવાસ વખતે સાબરમતી જેલના દરવાજા આગળ તેમણે પોતાની છેલ્લી સિગારેટ કાઢી, પરંતુ કોઈકે કહ્યું કે દરવાજાની અંદર ગયા પછી બીડી પીવા માટે તમારે ખાસ પરવાનગી માગવી પડશે, એટલે તેમણે તે ફેંકી દીધી. પોતાના જીવન દરમ્યાન પછીથી તેમણે કદી બીડી પીધી નથી. તેમના પર રાજકાજનો ભારે બોજો આવી પડ્યો તે પહેલાં અમદાવાદમાં પ્રાંતિક સમિતિની ઑફિસમાં બેસી રોજ બેથી ત્રણ હજાર તાર કાંતતા સરદારનું દૃશ્ય હંમેશાં જોવા મળતું. બારડોલીના પોતાના આશ્રમમાં તેઓ તેમની આસપાસના લોકોની પેઠે જ રહેતા. ૧૯૩૦ના તેમના પહેલા કારાવાસ દરમ્યાન તેમને 'અ' વર્ગમાં મૂકવામાં આવ્યા હતા. પરંતુ 'અ' વર્ગના કેદીઓને મળતા ખાસ લાભો છોડવાનો તેમણે આગ્રહ રાખ્યો અને 'ક' વર્ગના સામાન્ય સત્યાગ્રહી કેદીઓને મળતા ખોરાક વગેરેથી ચલાવી લીધું.

પોતાની રીતે તેમણે ગાંધીજીના જેવી ત્યાગની ભાવના પણ દાખવી. તેમણે ધનસંપત્તિ તજ્યાં એટલું જ નહીં પણ એક રીતે કુટુંબનાં બંધનો પણ તજ્યાં. પોતાના બાળકોનું શું થશે એની તેમણે કદી પરવા નથી કરી. તેમને તેમણે પોતપોતાનું ફોડી લેવાને પ્રેર્યાં.

છેક છેવટ સુધી તેઓ વફાદાર અને અને શિસ્તબદ્ધ સિપાહી રહ્યા. પ્રસંગ પડ્યે કશી શંકાકુશંકા ક્રિયા વિના આજ્ઞા માથે ચડાવવાને સદા તત્પર હતા. ગાંધીજી ઇચ્છતા હોત તો એક શબ્દસરખો પણ કાઢ્યા વિના તેઓ હોદ્દો છોડી દેત અને પોતાની પ્રકૃતિથી વિરુદ્ધ હોય એવી તેમની આજ્ઞાનું પણ પાલન કરવાને તૈયાર થાત. ગાંધીજી આ જાણતા હતા, પરંતુ એ જો સરદારની પ્રકૃતિને અનુરૂપ ન હોય તો તેમની આજ્ઞાંકિતતાની શી કિંમત. પોતાની આજ્ઞાના પાલન કરતાં ગાંધીજી સરદારની પ્રામાણિકતા અને સ્વતંત્ર વૃત્તિની કિંમત વધારે લેખતા હતા. દરેક સ્ત્રી અને પુરુષ પોતાની પ્રકૃતિ પ્રમાણે પોતાનો પૂરેપૂરો વિકાસ

સાથે એને માટે ગાંધીજી ઇંતેજાર હતા. એ રીતે જ બધા દેશની મહત્તા વધારી શકે અને તેથી તેમણે સરદારને તેમની પ્રકૃતિ અનુસાર કામ કરવા કીધું.

એ જ રીતે સરદાર અને પંડિતજીના વલણ અને દૃષ્ટિમાં મોટો તફાવત હતો. આમ છતાં વફાદારીની પોતાની સમજ પ્રમાણે છેવટ સુધી તે પંડિતજીને વફાદાર રહ્યા. અને પંડિતજીને મન પણ તેમની વચ્ચે મતભેદ હોવાનો પોકાર કરનારા અને તેને મોટું સ્વરૂપ આપનારા એકપક્ષી ટીકાકારોના કરતાં સરદારના વફાદારીયુક્ત ટેકાની કિંમત વધારે હતી. ભિન્ન પરિસ્થિતિમાં આ મતભેદો ગંભીર તડ કે ભાગલા પાડનારા નીવડત પણ હિંદના રાજકારણમાં ગાંધીજીએ દાખલ કરેલી અહિંસાને કારણે એ વસ્તુએ જુદું સ્વરૂપ લીધું. વાગ્યુદ્ધો અને ભિન્ન પ્રકૃતિની અથડામણ પછી ખરાખરીનો વખત આવે ત્યારે ગાંધીજીના હાથ નીચે તાલીમ પામેલા આ પીઢ અને કસાયેલા સિપાઈઓ ખુલ્લે દિલે દેશને અગ્રસ્થાને મૂકતા, પોતાના મતભેદો પાછળ રાખતા અને માતૃભૂમિની સેવામાં પોતાના સ્વભાવના ખાંચાઓ ભૂલી જતા.

સરદારનું સ્મારક કરવાની વાતો ચાલે છે. આ સ્વાભાવિક ઇચ્છા છે. પરંતુ આપણે યાદ રાખીએ કે ગાંધીજી પેઠે તેમને પણ કેવળ ઈંટચૂનાનાં સ્મારકો પ્રત્યે અણગમો હતો. અને ગાંધીજીની બાબતમાં તો એવાં સ્મારકોની તેમની આગળ દરખાસ્ત રજૂ કરવામાં આવી ત્યારે તેમણે તેનો વિરોધ કર્યો હતો. એક જ એવું સ્મારક છે જે તેમને ન્યાય કરી શકે અને તે એ કે આપણે આપણા મતભેદો શમાવી દઈએ, બધી અંગત ગણતરીઓ ભૂલી જઈએ અને માતૃભૂમિની સેવામાં જેના તેઓ ઉજ્જવળ દૃષ્ટાંતરૂપ હતા એવાં એકાગ્ર પુરુષાર્થ અને એકતા સિદ્ધ કરીએ.

('નવજીવનનો અક્ષરદેહ'માંથી સાભાર)

## લેખ સામગ્રી અને ગ્રંથાવલોકન

ચારુતર વિદ્યામંડળના પ્રતિષ્ઠિત મુખપત્ર 'વિ-વિદ્યાનગર' માટે લેખસામગ્રી સહિતની મૌલિક રચનાઓ તંત્રીશ્રીના સરનામે પાઠવવા સાહિત્ય-સાહિત્યેતર ક્ષેત્રના કલમકશો અને સંશોધકોને ભાવભીનું ઈજન છે. આપને ખાસ વિનંતી એ કરવાની કે આપની અન્યત્ર પ્રકાશિત ના થયેલી અથવા ના પાઠવેલી મૌલિક કૃતિનું મૂળ લખાણ જ પાઠવવું અથવા ટાઈપ થયેલી નકલ હોય તો તેની સાથે સાથે પત્રનોંધમાં 'વિ-વિદ્યાનગરને પાઠવેલી કૃતિ/લેખ અન્ય કોઈ સામયિક/પ્રકાશનમાં પ્રકાશિત થયેલી નથી' એવી બાંહેધરીની નોંધ અચૂક મૂકવી. આ સિવાયની લેખ/કૃતિ કે અન્ય સામગ્રી પ્રકાશન માટે સ્વીકારવામાં નહીં આવે. 'વિ-વિદ્યાનગર'માં ગ્રંથાવલોકન ઈચ્છુક પ્રકાશકો-સર્જકોએ નવપ્રકાશિત ગ્રંથની બે નકલ તંત્રીના નામે પાઠવવી અનિવાર્ય છે.

### વાચક પ્રતિભાવ

'વિ-વિદ્યાનગર' સામયિક હવે ચારુતર વિદ્યામંડળની વેબસાઈટ www.ecvm.net પર જાન્યુઆરી-૨૦૧૦થી મૂકાય છે. સામયિકના ગ્રાહકો-વાંચકોના પ્રતિભાવો, સૂચનો અને અન્ય પ્રકાશનયોગ્ય સામગ્રી માટે પણ નિયમિત રીતે જગ્યા ફાળવાશે. તમારા પ્રતિભાવો ગુજરાતી, હિંદી કે અંગ્રેજીમાં પાઠવવાની મોકળાશ અનુભવશો.

તમે ઈમેઈલઃ editor.vidyanagar@gmail.com પર પણ પાઠવી શકો છો.

॥ અભ્યાસ ॥

## હિન્દુસ્થાનઃ પૌરાણિક નામયાત્રા

**કાન્તિલાલ રા. દવે**

પ્રાચીન ભારતીય પુરાણોમાં સમસ્ત વસુગર્ભા પૃથ્વીને કમળરૂપા માની તેમાંથી ચારે તરફ ફેલાતી પાંખડીઓની કલ્પના છે અને આ પાંખડીઓ જ્યાંથી નીકળે છે તે મૂળ મધ્યકેન્દ્ર તરીકે સુવર્ણના બનેલા મેરૂ પર્વતની કલ્પના કરવામાં આવી છે. આ મેરૂ પર્વતની પૂર્વમાં ભદ્રાશ્વ, દક્ષિણમાં જમ્બુદ્વીપ, પશ્ચિમમાં કેતુમાલ અને ઉત્તરમાં ઉત્તરકુરૂ મહાદ્વીપની સ્થિતિ પુરાણોમાં દર્શાવવામાં આવી છે. અહીં જમ્બુદ્વીપ શબ્દ દ્વારા 'ભારતવર્ષ'નો જ નિર્દેશ કરવામાં આવ્યો છે.

આજે 'ભારતવર્ષ' તરીકે ઓળખાતા આપણા દેશનું એક 'અજનાભ' એવું નામ શ્રીમદ્ ભાગવતપુરાણ (૫-૭-૩)માં પ્રાપ્ત થાય છે. અજનાભ શબ્દનો અર્થ થાય છેઃ 'અજ' અર્થાત્ અજન્મા ભગવાન વિષ્ણુના, 'નાભ' અર્થાત્ નાભિકમળ પર સ્થિત દેશ. આ શબ્દથી સૂચિત થાય છે કે બ્રહ્માંડની આદિ સૃષ્ટિની ઉત્પત્તિ અહીં જ થઇ હતી. આથી અન્ય સ્થાનથી આવીને આર્યપ્રજાએ ભારતવર્ષને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું એવી તમામ કલ્પનાઓનો છેદ ઊડી જાય છે. વાયુપુરાણ (૩૫-૫૨)માં આ દેશનું એક અન્ય નામ 'હૈમવતવર્ષ' પણ પ્રાપ્ત થાય છે. આ ભારતવર્ષની સીમાનું વિભાજન કરનાર હિમાલય યા હિમવત પર્વતના કારણે આ નામાભિધાન પ્રાપ્ત થયું હશે.

પરંતુ આપણી સશ્યશ્યામલા ભૂમિનું નામ 'ભારત' કેમ પડ્યું? એ વિષયમાં પુરાણોની એક સમાન માન્યતા એવી છે કે 'ભરત' નામની કોઇ મહાપ્રતાપી પ્રતિષ્ઠિત વ્યક્તિના નામના આધારે 'ભારત'નામ પડ્યું હશે. પરંતુ પ્રશ્નોનો મહા પ્રશ્ન એ છે કે આ 'ભરત' નામની વ્યક્તિ આખરે છે કોણ?

આ વિષયમાં સર્વજન સાધારણ ભ્રાંત માન્યતા એવી છે કે રાજા દુષ્યન્ત અને વિશ્વામિત્રપુત્રી શકુન્તલાના પુત્ર પુરૂવંશીય સમ્રાટ ભરત દ્વારા સુશાસિત થવાના કારણે 'ભારત' નામ પ્રસિદ્ધ અને પ્રચલિત થયું. ભવિષ્યપુરાણ પ્રતિસર્ગ પર્વ (૧-૩) અને મહાભારત આરણ્યક પર્વ (૨-૯૬)માં પણ આ બાબતનું નિરૂપણ છે, પરન્તુ આ મતને પરંપરાનો કોઇ આધાર નથી તેથી આ મતને વિદ્વાનોનું સમર્થન પ્રાપ્ત નથી.

પરંપરા સાયંભુવ મનુના પુત્ર પ્રિયવ્રત, તેના પુત્ર નાભિ, નાભિના પુત્ર ઋષભ અને ઋષભના સો પુત્રો પૈકી જયેષ્ઠ પુત્ર ભરતના નામ પરથી 'ભારત'નામ પડયાનું સ્વીકારે છે. ઋષભના સો પુત્રો પૈકી જયેષ્ઠ પુત્ર ભરતને રાજ્યસિંહાસન પ્રાપ્ત થયું અને તેના નામ પરથી આ દેશનું નામ 'અજનાભ' તથા હૈમવતવર્ષથી પરિવર્તિત થઇને ભારતવર્ષ પડ્યું. ભાગવત પુરાણમાં આનો સ્પષ્ટ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. જુઓ-

प्रियव्रतो नाम सुतो मनोः स्वायंभुवस्य: ।
तस्याग्नीघ्रस्वतो नाभिः ऋषभस्तत्सुतः स्मृतः ॥
अवतीर्णं पुत्रशतं तस्यासीद् ब्रह्मपारगम् ।
तेषां वै भरतो ज्येष्ठो नारायण परायाः ॥
विख्यातं वर्षमेतद् यन्नामा भारतमुत्तमम् ॥
ભાગવત પુ.૧૧-૧૫,૧૭

વાયુ પુરાણ અને માર્કન્ડેય પુરાણમાં આ બાબતનો સ્પષ્ટ ઉલ્લેખ છેઃ

ऋषभात् भरतो जज्ञे वीरः पुत्रशताग्रजः ।
सोडभिषिच्याथ भरतं पुत्रं प्रावाज्यमास्थितः ॥
हिमाह वं दक्षिणं वर्षं भरताय न्यवेदयत् ।
तस्मात्तद् भारतं वर्षं तस्य नाम्ना विदुर्बुधाः॥
વાયુ.પુ.૩૩-૫૧-૫૨ તથા માર્ક.પુ.૪૩-૩૯-૪૦

ભારતનું એક નામ પુરાણોમાં કુમારદ્વીપ યા કુમારીદ્વીપ પણ મળે છે. (વામન પુ.૧૩-૧૧) આ નામાભિધાન વિશે આચાર્ય બલદેવ ઉપાધ્યાય (પુરાણ વિમર્શ, પૃ. ૩૩૯) લખે છેઃ इस संज्ञा का हेतु यही था कि वह प्रदेश कुमारी (कन्याकुमारी) से आरम्भ होकर गंगा के प्रवाह तक फैला हुआ था(आयतस्तु कुमारीतो गङ्गायाः प्रवहावधिः (मत्स्य.पु.११४-१०)। फलतः दक्षिण से उत्तर तक फैलने वाले देश का दक्षिण बिन्दु था- कुमारी (या कन्याकुमारी) और इसीलिए यह भारत ही स्वयं कुमारी द्वीप नाम से प्रसिद्ध हुआ। વામન પુરાણ (૧૩-૫૧)માં આની સ્પષ્ટતા કરતાં કહેવામાં આવ્યું કે અત્યાર સુધી જેને 'ભારત' નામથી સંબોધતા હતા, એનું જ નામ હવે 'કુમારીદ્વીપ' છે.

ભારત વર્ષમાં ઉપર ચર્ચિત પ્રસિદ્ધ અલ્પપ્રસિદ્ધ-અપ્રસિદ્ધ સર્વ નામોની તુલનામાં 'હિન્દુસ્થાન'નામ સમગ્ર વિશ્વમાં સુપ્રસિદ્ધ છે. 'હિન્દુસ્થાન' શબ્દનો સીધો અને

સરળ અર્થ છેઃ હિન્દુઓનું સ્થાન અથવા હિન્દુઓનો દેશ. પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આ ભૂમિભાગના નિવાસીઓ માટે પ્રયોજાતો 'હિન્દુ' શબ્દ ક્યાંથી આવ્યો. આ સંદર્ભમાં પ્રા.હ.રા. દિવેકર (ઋગ્વેદ સુક્ત વિકાસ, પૃ.૮) લખે છેઃ पाश्चात्य पंडितोंने हमारी दृढ कल्पना करा दी है कि 'हिन्दु' शब्द 'सिन्धु' से बना है। पर यह ध्यान में रखना चाहिये कि हमारा नाम कभी 'सिन्धु' था ही नहीं। यह सच है कि कुछ लोग हमारे 'सप्तसिन्धु' को 'हप्तहिन्दु' कहते होंगे और उन्होंने हमारे 'सोम' का 'होम' भी किया होगा। किन्तु संस्कृत में सु-रस निकालना और हु-इश्वर को अग्नि में कुछ अर्पण करना- ये दो धातु बिलकुल अलग अलग है, इस लिये यह बात तर्कसंगत नहीं लगती कि परकीयों ने हमें 'हिन्दु' कहा और हमने उस अशुद्ध नामको स्वीकार किया।

આમ, એ યક્ષ પ્રશ્ન તો અનુત્તર જ રહી જાય છે કે 'હિન્દુસ્થાન'માં 'હિન્દુ' શબ્દ આવ્યો ક્યાંથી? આ પ્રશ્નનો ઉત્તર શોધવા માટે આપણે સુદૂર ઋગ્વેદકાળમાં જવું પડશે. એ તો સર્વવિદિત તથ્ય છે કે તત્કાલીન આર્યોનું સર્વાધિક પ્રિય પીણું સોમ(રસ) હતો. સોમવલ્લી નામની લતામાંથી પીસીને કાઢવામાં આવતો. આ રસ મધુર શક્તિપ્રદ અને સુગંધી હતો. ઋગ્વેદ ૧૦-૩૪માં પ્રાપ્ત 'અક્ષસૂક્ત'માં સૂક્તકાર શૂદ્રર્ષિ કવષ ઐલૂષે આ સોમને મૌજવત અર્થાત્ 'મુજવત પર્વત ઉપર ઉત્પન્ન થયેલો' કહ્યો છે. મહાભારતમાં એવો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે તત્કાલીન આર્યપ્રજા મુજવત પર્વતના નિવાસી 'મૌજવાન' લોકો પાસેથી આ સોમ વેચાતો લેતી હતી. એવી કલ્પના કરી શકાય એમ છે કે આ મુજવત પર્વત ભારતવર્ષની ઉત્તર સીમાની નિકટ આવેલો હશે. હિમાલયની ઉત્તરમાં આવેલ મોંગોલિયાની મોંગોલિયન ભાષામાં મુજ-હિમ અને તાઘ-પર્વત-એવો ઉલ્લેખ મળે છે. આ મોંગોલિયન ભૂગોળમાં મુજતાઘ (હિમવર્ત) સાથે રહેલા પર્વતને 'હિન્દુકુશ' કહેવામાં આવ્યો છે, મોંગોલિયન ભાષામાં 'કુશ'નો અર્થ 'પહાડ' થાય છે. આ રીતે જોતાં 'મુજવાન એટલે બરફનો પહાડ' અને 'હિન્દુકુશ' અર્થાત્ 'હિંદુનો પહાડ' એવો અર્થ નીકળે છે. મોંગોલિયન ક્ષેત્રના હિમપર્વતને આપણે 'મૂજવાન' કહ્યો હશે, કારણ હિમવાન પર્વત આપણે ત્યાં હતો જ તથા આપણા ક્ષેત્રના પર્વતને તેઓ 'હિન્દુકુશ' કહેવા લાગ્યા હશે.

હજી પણ પેચીદો પ્રશ્ન તો ઉપસ્થિત થાય છે જ કે મુજવાન યા મુજવંત લોકો આપણને 'હિન્દુ' કહેતા હશે તો આ 'હિન્દુ' શબ્દ ક્યાંથી આવ્યો હશે? આનો ઉત્તર એવો છે કે પ્રાચીનકાળમાં આપણે સંસ્કૃત ભાષામાં 'સોમ'ને 'ઇન્દુ' કહેતા હતા. આ ઇન્દુ (સોમ) આપણને મુજવંત લોકો પાસેથી પ્રાપ્ત થતો હતો. આપણને તેઓ જ ઇન્દુ (સોમ) લાવીને વેચતા હતા. આના પરથી એવી કલ્પના કરવાનું વિચારયોગ્ય જણાય છે કે, જે તેમના પર્વતની પારના (હિમાલયની દક્ષિણ દિશાના) લોકો ઇન્દુ (સોમ) ખરીદી લેતા હશે તેમને જ મૂજવંત લોકોએ 'ઇન્દુ' (સોમ) કહ્યા હશે, અને એ પહાડને 'ઇન્દુકુશ' કહ્યો હશે. પછી જેવી રીતે 'અયે'નો ઉચ્ચાર પ્રાચીન વૈદિક સંસ્કૃતમાં 'હયે' થાય છે, તેવી રીતે 'ઇન્દુકુશ'નો ઉચ્ચાર 'હિન્દુકુશ' થયો હશે. નિષ્કર્ષ એ કે 'હિંદુ' શબ્દની વ્યુત્પત્તિ 'સિંધુ' શબ્દના આધારે શોધવાના બદલે 'ઇન્દુ' (સોમ)ના આધારે શોધવાનું અધિક તર્કસંગત જણાય છે, એટલું જ નહીં સ્વીકારયોગ્ય જણાય છે.

**સંદર્ભગ્રંથઃ**


૧. પુરાણ વિમર્શ (હિન્દી), ડૉ. બલદેવ ઉપાધ્યાય, ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, દ્વિતીય સંસ્કરણ, ૧૯૭૮

૨. પુરાણ દિગ્દર્શન (હિન્દી), માધવાચાર્ય શાસ્ત્રી, તૃતીય સંસ્કરણ, દેહલી, સં.૨૦૧૪.

૩. અષ્ટાદશપુરાણ દર્પણ (હિન્દી), ગંગા વિષ્ણુપ્રસાદ દાસ, મુંબઇ, પ્રથમ સંસ્કરણ, ૧૯૭૯.

૪. મહાભારતકોશ (પ્રથમખંડ), ચૌખમ્બા વિદ્યાભવન, વારાણસી, ૧૯૬૪.

૫. ઋગ્વેદ સૂક્ત વિકાસ (હિન્દી), પ્રા.હ.શ. દિવેકર, જીવાજી વિશ્વ વિદ્યાલય, ગ્વાલિયર માટે મોતીલાલ બનારસીદાસ, બનારસ-દિલ્હી-પટણા દ્વારા પ્રકાશિત, પ્રથમ સંસ્કરણ, ૧૯૭૬.

૬. સ્ટડિઝ ઇન ધ જ્યોગ્રોફી ઑફ એનસન્ટ એન્ડ મડિએવલ ઇન્ડિયા, (અંગ્રેજી), ડી.સી. સરકાર, મોતીલાલ બનારસી દાસ, દેલ્હી, ૧૯૬૦.



(નિવૃત્ત પ્રાધ્યાપક, અનુસ્નાતક સંસ્કૃત વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, ડી-૭, નીલકંઠ બંગલોઝ, નાના બજાર, વલ્લભ વિદ્યાનગર, ૩૮૮૧૨૦ જિ.આણંદ મો.૯૪૨૮૪૩૭૫૦૭)

॥ विमर्श ॥

# 'इदन्नमम्' उपन्यास में भारतीयता और भारतीय नारी

**अनिला के. पटेल**

हिन्दुस्तान की भूमि हिन्दू-मुस्लिम-सिख-ईसाई की संगम भूमि है। न जाने कितनी बोलियाँ कितनी भाषाओं में लिखा यहाँ का साहित्य इस भूमि को प्रेम से सींचता आ रहा है। 'जो अनेक हैं फिर भी सब एक हैं' की भावना से भारतवासी को प्रेम की जंजीर से एक-दूसरे को बाँध रखा है। देश से जुड़े प्रत्येक व्यक्ति अलग हैं, उसकी भावनाएँ अलग-अलग हैं किन्तु कुछ ऐसा है जो सभी पर लागू होता है वह भारतीयता है।[१] 'भारतीयता' शब्द का प्रयोग करते ही भारत में रहनेवाला या भारत के साथ जुडा सब कुछ भारतीय होने का एहसास कराता है।

भारतीय संस्कृति की झांकी प्रस्तुत करते हुए द्विवेदीजी ने सर्जनात्मक साहित्य में मानवीय चेतना, अविस्मरणीय चरित्रों की सृष्टि, जनजागरण का प्रमुख स्वर, लोकतांत्रिक मूल्यों में आस्था, नारी का गौरवगान, राष्ट्रीय अखंडिता की प्रेरणा, सौंदर्यबोध, इतिहास, धर्म-दर्शन आदि विभिन्न सांस्कृतिक पहलुओं का जो विवेचन आदि जो आदर्श भारतीय जीवन की सुंदर एवं मनोरम कल्पना कर सकते हैं। भूमंडलीकरण और उदारीकरण के इस दौर में भीतरी-बाहरी, अपने-पराये, स्थानिक-वैश्विक, नूतन-पुरातन, शक्ति-शील, सौंदर्य-शिव के बीच संतुलन बनाये रखना, ईश्वर-मनुष्य, जड-चेतन, निर्जता-सामाजिकता, पाप-पुण्य आदि के आपसी रिश्तों के सर्जनात्मक अंतर्द्वन्द्व से भारतीयता का सार निष्पन्न है।[२] भारतीयता को और अधिक स्पष्ट करने के लिए पुरुष और स्त्री के चेतना के मुद्दों से इसका महत्त्व अधिक समझ में आता है।

प्रत्येक साहित्यकार के साहित्य लिखने का एक मकसद होता है। वह जो कुछ सोचता है, जो कुछ अनुभव करता है, एक मन से दूसरे मन तक, एक काल से दूसरे काल तक, मनुष्य बुद्धि और भावना का सहारा लेकर जीवित रहता है। यही साहित्य का सत्य है। वैसे तो साहित्य वह है जो जीवनगत विसंगतियों से मोर्चा लेने की प्रेरणा तो दे और एक स्वस्थ जीवनदृष्टि भी विकसित करे। साहित्यकार अपने परिवेश में जीता है और जुड़ा भी रहता है। मैत्रेयी पुष्पा ने पुराने सड़े-गले रूढ विधानों का उच्छेदन करके स्वस्थ सुलझे जीवन मूल्यों की स्थापना की है। उनके सृजनात्मक सत्य की खोज की जाय तो एक-से-एक बढकर रचनात्मक कृतियां दी हैं। मैत्रेयी पुष्पा ने यह स्पष्ट कर दिया है कि महिला की समस्या व्यक्तिगत न होकर पूरे समाज की है।

मैत्रेयी पुष्पा के साहित्य में भारतीयता का सुंदर चित्रण हुआ है। उनके कथा साहित्य की उन तमाम भारतीय स्त्रियों का चित्र है जो सनातन पुरुष-प्रधान व्यवस्था में सदियों से मैत्रेयी पुष्पा का उपन्यास 'इदन्नमम्' की मन्दा हो या बऊ या मन्दा की मां प्रैम, तीन पीढी की औरतों के साथ एक समान शोषण चल रहा हैं। नारी के प्रत्येक रूप चाहे बेटी या बहन हो, पत्नी या मां हो, भाभी तथा दादी ही क्यों न हो, सभी कहीं-न-कहीं पुरुष व्यवस्था की शिकार बनी हैं। नायिका मन्दाकिनी भारतीय नारी के रूप को साकार करने वाली रचना-संसार का नया पात्र है। लेखिका ने अपने लेखन के जरिए भारतीय ग्राम्य जीवन को साकार करके स्त्रियों का गांव लेकर आई है। गांव की औरतों का जीवन कैसा होता है? वह क्या और कैसा सोचती है उनका सुंदर चित्र 'इदन्नमम्' में दृष्टिगत होता है। उनके पात्र परंपरागत पहचान को तोडकर नए समय से जुड़ना चाहते हैं। हम अक्सर पढी-लिखी, उच्च घराने की शक्तिशाली नारी के विद्रोह की बातें करते हैं, किन्तु एक सामान्य-सी अपेक्षाकृत कम पढी-लिखी, गांव-देहात की युवती भी अगर चाहे तो जन-जागृति और परिवर्तन के लिए क्या नहीं कर सकती, इसी दास्तान को लेखिका ने रेखांकित किया है। आज प्रत्येक नारी को अपने-अपने आकाश की तलाश है तो मन्दा अपनी एक नई जमीन को तलाशती है।

भारतीय परिवार न केवल भारत की अपितु विश्व की एक महत्त्वपूर्ण सामाजिक संस्था है। वह भारतीय समाज की आधार शिला भी है। प्राचीनयुग, मध्ययुग और आधुनिकयुग में परिवार, समाज, धर्म, राजनीति में नारी का स्थान अलग-अलग रहा है। 'मनुस्मृति' में नारी के विभिन्न रूप-कन्या, पत्नी और माता की चर्चा की है। मनु ने पत्नी के कर्तव्यों को अधिक महत्त्व दिया है, क्योंकि नारी अपने पत्नी के रूप में ही परिवार को सम्भालती है, संवारती है और मृत्यु के पश्चात् स्वर्ग को प्राप्त करती है। मनु की बातें आज भी प्रासंगिक है किन्तु घर को स्वर्ग बनाने वाले कितने लोग हैं 'इदन्नमम्' की मन्दा परंपरागत जीवन-शैली में अपनी बऊ यानी दादी के साथ रहती है। एक वक्त था जब सारा परिवार एक ही छत के नीचे रहता था किन्तु समय के थपेडे ऐसे लगे कि परिवार टूट कर

बिखर गया। मन्दा के पिता महेन्दर यादव गाँव में अस्पताल बनवाना चाहता था किन्तु दुश्मनी में मारा जाता है।

भारतीय नारी आज समाज को नए नजरिये से देखती है। अपने लिए नये क्षितिज को खोल रही है। हमारे समाज में स्त्रियों के प्रति धारणाएँ निरंतर बदलती रही हैं। आज माता-पिता की सोच बदल रही है। वे अपने बच्चों के जीवन के बेहतर विकास के लिए तमाम जतन करते हैं। जहाँ नारी को एक ऊंचा स्थान प्राप्त है वहाँ वह परिवार को चलाने वाली धुरी है। हमारे जीवन में माता का स्थान सर्वोपरि होता है। माता ही परिवार की देख-भाल करती है इसलिए माँ का दायित्व बढ जाता है, किन्तु जहाँ मां अपनी छोटी बच्ची को छोडकर दूसरा घर बसाये तो समाज यही कहेगा- ''कैसी कठकरेज मतारी हती कि छोड गयी पुतरिया-सी बिटिया कों। चिरइया-परेबा तक नहीं छोडते अपने अंडीबच्चा।''[३] पति के न रहते भारतीय समाज में विधवा नारी का जीवन दयनीयता, करुणता और विवशता में बिताना पडता है। ऐसी स्थिति में नारी का कभी अपहरण होता है तो कभी यौन-शोषण का शिकार बनाया जाता है तो कभी जमीन-जायदाद के अधिकार के लिए प्रताडित कर उसके अधिकार छीन लिए जाते हैं। जब भी कोई हमलावर किसी भी जातीय अस्मिता पर हमला करता है तो निशाने पर सबसे पहले उसकी औरतें होती हैं। औरतों को घरों में इसलिए भी सताया जाता है ताकि वह अपने अधिकारों पर दावा किए बिना घर से भाग जाए। घर का मुखिया बऊ के रहते हुए भी रतन यादव मन्दा की माँ प्रैम (जवानी और जमीन को प्राप्त करने के लिए) को अपने घर ले जाता है। तो बऊ पौत्री मन्दा की सुरक्षा के लिए तथा जमीन अधिकार से जागृत और चिंतित है इसलिए उसे लेकर जेठ के यहां जाती हैं। यहाँ पारिवारिक रिश्तों में नैतिकता का खोखलापन, पारिवारिक भावना में लगातार बदलाव और मानवीय मूल्यों का ह्रास नजर आता है।

हमेशा यही कहा जाता है कि पुरुष के सान्निध्य में रहकर ही नारी सुरक्षित है, किन्तु न तो मन्दा सुरक्षित रह पाई ना हीं प्रैम। इतना ही नहीं उनके खेत भी धोखे से छीन लिए- ''बऊ... कतई अनहोनी। एक पेड के नीचे पैड नहीं पनपता।''[४] श्यामली को गाँव में जगह-जगह कडवे और मीठे अनुभव होते हैं। मन्दा संघर्षों की आग में तप कर झुलसती नहीं बल्कि और भी स्वर्ण-सा निखार उसमें आता है। वह टूटती नहीं संभल जाती है। बऊ और मन्दा की कथा विभिन्न गाँवों में घूमती परंपरागत परिवार, पुरानी मान्यताएँ, रूढियां, अन्धविश्वास, संस्कारों तथा अपनी-अपनी सुविधानुसार मूल्य हैं। पंचमसिंह दाऊ की सत्यनिष्ठा, नेकनीयत के साथ उसकी लाचारी भी रक्त-सम्बन्धों को छलते और अपमानित होते नजर आते हैं जो महाभारत के भीष्म पितामह की याद दिलाते हैं।

भारतीय नारी की सबसे बडी क्षमता सम्बन्धों को बनाये रखना है। नारी अस्मिता कि विरुद्ध पितृसत्तात्मक व्यवस्था निरंतर षड्यंत्र रचती रही है। परिवार का मुखिया भाग्यनियन्ता है। स्त्री आजीवन उसकी पहचान में अपनी पहचान खोजती आयी है। महिलाएँ निरंतर आगे बढकर, पुरुषों के अहं की चट्टानों से टकराती उनसे उलझती, अपने विचारों, सवालों और अधिकारों के लिए जूझ रही हैं। मन्दा खुद सहती है और बिगडे को संभालती है। बऊ अपनी परंपरागत मान्यताओं में अधिक दृढता के साथ चिपकी है, किन्तु समय के साथ उनके स्वभाव में लचीलापन भी आता है। प्रैम बहू का घर की मर्यादा तोडना, उनके आदर्श के खिलाफ है जो उसे माफ नहीं करती। एक नारी हो दूसरी नारी की वेदना-संवेदना को समझकर आत्मसात् कर सकती है। जब मन्दा मां को मिलने जाती है तो उसकी दुर्दशाग्रस्त स्थिति उनसे छिपी नहीं है, ''मैं तो खडी-खडी जड हो गई। पथरा गए होंठ। जीभ पर लकवा मार गया है। शरीर भी सुन्न...... बोलना चाहती हूँ मगर क्या बोलूं? क्या कहूं तुमसे? कैसे उबारूँ तुम्हें?''[५] मन्दा की करुणता मां के लिए ही नहीं किन्तु समग्र स्त्री जाति के लिए है, जो दलितों में भी दलित है।

प्रत्येक देशकी संस्कृति अपने को धर्म, दार्शनिक विचार, साहित्य और कला के रूप में अभिव्यक्त करती है। भारतीय आध्यात्मिकता वह है कि ''आँखों से दिखाई देने वाले इस स्थूल संसार परे भी कोई सत्ता है जिससे जीवन व शक्ति प्राप्त करके यह प्रकृति फल-फूल रही है।''[६] मैत्रेयी पुष्पा ने 'इदन्नमम्' उपन्यास में वास्तव में जीवन का दर्शन और विश्व-दर्शन परिलक्षित किया है। भारतीय संस्कति में 'वसुधैव कुटुम्बकम्' की भावना यहाँ साकार होती है। ''यह मेरा नहीं। जो कुछ मैं अर्पण कर रहा हूँ यह मेरा नहीं।''[७] यह मेरे लिए नहीं है मानकर भी लोग पूरी तरह डूबकर तैरना और तारना चाहते हैं। अपना सर्वस्व लूटाकर भी मन्दा दूसेर के लिए अपना जीवन अर्पण करती है। यहाँ वैयक्तिक प्रेम को समष्टिगत प्रेम में परिणत करना है और मन्दा के जीवन का प्रेम उसकी शक्ति बन गया है। भागवत और रामायण बऊ के सामने पढते-पढते उसके व्यक्तित्व का विस्तार होता है जो बडे पैमाने पर लोगों को सुनाने में समष्टि तक जाता है। मन्दा अपने गंतव्य की और दृढतापूर्वक आगे बढती जा रही है।

लेखिका का विचार-दर्शन है, ''जब तक मनुष्य आत्मरत रहता है, अपने दुखों से उबर नहीं पाता। समष्टिगत प्रेम मानव को दुखों से बाहर खींचता है।''[८] मन्दा को विरासत में पिता का परोपकारी स्वभाव संस्कार रूप में मिला तो दादा से शांत, धीर-गंभीर हितैषी स्वरूप तथा सबसे बडे पथ-दर्शक साधु महाराज से ही कायाकल्प होता है। उसे जीवन का मकसद समझ में आया जो चारों और फैली बदहाली, गरीबी, भूख के बीच भी उसे अदम्य आकर्षण नजर आने लगता है। अब इन्हीं लोगों के लिए खुद को न्यौछावर करना है।

मनुष्य को स्वाभाविक गुणों से परिस्थिति के अनुकूल अपने को बनाये रखना है। परिस्थितियाँ निरन्तर परिवर्तित होती रहीं फिर भी हमारा धर्म, समाज, आचार-विचार में इतना सूक्ष्म परिवर्तन हुआ जो पता भी न चला। अपनी भाषा, रहन-सहन और वेश-भूषा आदि में परिवर्तन आने पर भी धर्म और सामाजिक आदर्शों को कभी परित्याग नहीं किया। स्त्री और पारम्परिक भारतीय समाज, आजादी और किसान, आदमी और मशीन, लोकतंत्र, सहकारिता, ग्रामीण विकास, बदलते गाँव आदि लेखिका की कलम से साकार हो उठे हैं।

भारतीय संस्कृति का प्रधान अंग अगर कोई है तो वह विभिन्न सम्प्रदायों के प्रति सहिष्णुता और सम्मान का भाव। हिन्दू-मुसलमानों का मैत्री भाव इस प्रकार है, 'देख रहे हो ये मंदिर-मस्जिदें। लो, आज तक हिन्दू-मुसलमानों का कभी दंगा नहीं हुआ यहाँ। आपसी वैरभाव भी नहीं देखा किसी ने। चीफ तो हर साल आते हैं ईद के वखत। भेदभाव का टंटा ही नहीं।''[९] मंदिर-मस्जिद विवाद सिर्फ धार्मिक मसला या राजनीतिक चाल नहीं, इन्सान की दबी-ढ़ंकी हैवानियत को पूरी तरह से उघाड़ देने का निमित्त है।

महिला आंदोलनों ने अपनी हर लडाई स्त्री-पुरुष के बीच समानता के मानवीय सम्बन्धों को स्थापित करने एवं स्त्री की पहचान के लिए लड़ी है। किन्तु पुरुष वर्चस्व समाज ने अपनी सुविधा को देखते हुए उसे दिया है। पुरुष की गृहस्थी में उसकी दी हुई सुविधा पर ही उसे आश्रित रहना है। स्त्री अपने अधिकार के प्रति जागृत है जो स्वतंत्रता से खुद का रास्ता चुनती है। प्रैम विधवा होकर भी जीने की उद्दाम ख्वाहिश से भरी बेटी को छोड़कर जाती है किन्तु अपनी वही ममता के कारण कौन से जोखिम नहीं उठाती? यहाँ तक कि रतन यादव से दुश्मनी भी मोल लेती है। कुसुमा को स्वचेता नारी के रूप में उभारा है। सामाजिक दृष्टि से हेय और वर्जित समझे जानेवाले सम्बन्ध कभी- कभी विशुद्ध, निर्मल एवं ऊँचाइयों को छू लेते हैं जहाँ मनुष्य के बनाए नीति-नियम निरर्थक और व्यर्थ जान पडे हैं। एक ओर सामाजिक दृष्टि से कुसुमा का पति यशपालसिंह है, किन्तु एक जान पडे हैं। एक और सामाजिक दृष्टि से कुसुमा का पति यशपालसिंह है, किन्तु एक- जान पड़े हैं। एक और सामाजिक दृष्टि से कुसुमा का पति यशपालसिंह है, किन्तु एकदूसरे के बीच कोई रिश्ता नहीं है। तो दूसरी और कुसुमा-दाऊज के बीच ब्याह का रिश्ता नहीं है फिर भी दाऊज के मौत के पश्चात् वह सफेद वस्त्र को धारण कर लेती है। बऊ और दादा पंचमसिंह के बीच विश्वास का सम्बन्ध, मन्दा और मकरंद के बीच निश्छल-साहचर्य जनित प्रेम अंत की और बढते अत्यंत गंभीर, प्रगाढ एवं प्रतीक्षा में बदल जाता है।

स्वातंत्र्योत्तर कथा-साहित्य में नारी का घर से बाहर निकलना स्वाभाविक है किन्तु उनका दोहरा शोषण जो उनके मानसिक द्वन्द्व को तथा घुटन, त्रासदायक क्षण और दर्द सहते जाने की विवशता को उजागर किया है। मैत्रेयी पुष्पा ने स्त्री को संघर्ष के रास्ते गुजारा है पर पलायन के लिए कोई जगह नहीं है। यौन-शोषण के बावजूद स्त्री पलायनवादी या आत्महत्या का रास्ता नहीं अपनाती, किन्तु व्यक्तित्व में आत्मविश्वास और उठकर अडिग खडे रहने का भाव मन्दा में निहित कर लेखिका ने नारी जीवन को नयी राह दिखाई है। वह अपने जीवन के कटु अनुभव को दूर कर संकल्प-शक्ति अपने लिए नहीं औरों के लिए और समाज के जटिल बन्धनों को तोडकर भ्रष्ट नेताओं तथा माफिया ठेकेदारों की शोषण वृत्ति के सामने सर उठाती है। वे गाँव के लोगों को संगठित कर, मेहनत पर भरोसा रखने हिम्मत प्रदान करती है। उनका कहना है, ''नहीं कर सकते हाडतोड, पीसना बहाऊ मेहनत वे लोग। वह केवल तुम कर सकते हो। फिर क्यों धिधयाते हो इनके सामने? क्यों बडे मानते हो इन लोगों को? विरथा ही दीन बने रहते हो। इस तरह तौहीन न करो परिश्रम की।''[१०] एक सामान्य गंवई औरत समझदारी के साथ अपनी ही जगह खडी रहकर लडती है। मन्दा सही मायने में शक्तिशाली बन कर उभरती है। परिवर्तन के लिए बदलने की सोच और बदलाव की शुरुआत करना जरूरी है। मन्दा पहले खुद में बदलाव लाती है फिर समाज में बदलाव की शरुआत करती है।

भारतीय सामाजिक व्यवस्था और नैतिक मूल्यों के बीच भटकती नारी की व्यथा तथा कमजोर और दुर्बल वर्ग को सामने लाने के लिए सशक्त रूप में मन्दा को लिया है। अम्मा कहती है ''तुम तो बेटा, हमसे बडी भयीं। उमर और पक्की देह से क्या होता जाता है, असल चीज तो अकल और विवेक है।

मति-सुमति है। त्याग परकाज है। उसी से झिलमिलाती है रोशनी, कटता है अंधेरा। जोतिवान हो उठता है मनिख। जे कहो कि आदमी इन्सान बन जाता है।[११] यहाँ पारम्परिक और स्वतंत्र नारी की छबि को मन्दा के रूप में बरकरार रखा है। मन्दा के जीवन के विस्तार के लिए समाज सेविका बनाकर शोषण के खिलाफ लडना, संस्कारों को मानने वाली धार्मिकता से जुड़कर भजन-कीर्तन करना, साधु महाराज की श्रद्धापूर्वक सेवा करना और अंत की और बढ़ते राजनीति के साथ जोडना समय की नब्ज पहचान कर लेखिका ने कार्य किया है। आज की नारी काफी आगे निकल आयी है। उच्च्व पदों से लेकर राजनीति में भी अपना दबदबा कायम किया है। ज्यादातर जागरूक नारियाँ अन्याय बर्दास्त नहीं करती और अगर रिश्तों में तनाव कि स्थिति हों तो अकेली रहने में हिचकती नहीं है। लेखिका ने मन्दा को पहले छोटे-छोटे संघर्षों की परिघि से ऊपर उठाकर एक बडे संघर्ष के लिए रूबरू खडा किया है। मन्दा को राजनीति से जोडकर नारी सशक्तिकरण को एक दिशा दी।

**संदर्भ:**


१. समकालीन भारतीय साहित्य-पृ. २३६

२. वही, पृ. २३७

३. इदन्नमम- मैत्रेयी पुष्पा पृ. १४

४. वही- पृ. ११३-११४

५. वही- पृ. १६१

६. भारतीय संस्कृति का विकास-कालूराम शर्मा, प्रकाश व्यास, पृ.७

७. मैत्रेयी पुष्पा तथ्य और सत्य: सं दया दीक्षित पृ. १४३

८. इदन्नमम-मैत्रेयी पुष्पा पृ. १९१

९. वही-पृ. १११

१०. वही-पृ. २८२

११. वही पृ. ३४६


(एन.एस. पटेल आर्ट्स कॉलेज, आणंद, चलभाष:९४२८८८४०६५)

॥ચિંતન॥

## દુષ્ટતાનો નાશ કરવા

આફ્રિકાના પ્રવાસમાં મને પ્રશ્ન પૂછવામાં આવ્યો હતોઃ ''તમે માંસાહાર કેમ નથી કરતા?'' મેં એ લોકોને પૂછ્યું ''તમે સોએક વરસ પહેલાં તો મનુષ્યમાંસ ખાતા હતા. તે છોડ્યું શા માટે? મનુષ્યનું માંસ રુચિકર હોય છે, હાનિકારક નથી, સહેલાઈથી પચે છે. તો પછી તમે એ છોડી શા માટે દીધું? આનો જવાબ તમારે એમ જ દેવો પડે કે, મનુષ્યમાંસ ખાવું યોગ્ય નથી માટે છોડ્યું. તે જ આધારે આગળ જતાં બીજું માંસ ખાવાનું પણ છોડી દેવું જોઇએ એમ અમે કહીએ છીએ, એટલું જ મનુષ્ય-માંસ ખાનાર કરતાં ફક્ત મનુષ્યેત્તરનું જ માંસ ખાનારો સારો. એના કરતાંય વધારે સારો માંસમાત્ર ન ખાનારો.''

શાકાહાર-માંસાહારના સવાલ પર જૈન લોકો સાથે ચર્ચા કરતી વખતે હું એમને કહેતો હોઉં છું કે, જે માંસ નથી ખાતાં તેમણે ન જ ખાવું. પણ જે ખાય છે એમને હીન ન માનવાં. દુનિયામાં અધિકાંશ લોકો માંસાહારી છે. એમાં મોટા મોટા ધર્માત્માઓ પણ છે. માંસાહારી લોકોને હીન માનવા અને એમનો બહિષ્કાર કરવો, એ અધિકાંશ માનવજાતિને બહિષ્કૃત કરવા જેવું છે. માંસાહારી લોકોનો બહિષ્કાર કરીને એમનામાં શાકાહારનો પ્રચાર શી રીતે કરી શકાશે શાકાહાર જેવો, સાંસ્કૃતિક દૃષ્ટિએ બહુ પુરોગામી એવો વિચાર રૂઢિવાદી લોકોના સાણસામાં સપડાઈને મરવો ન જોઇએ. માંસાહારી લોકોને અપનાવીને હું ખરેખર શાકાહારનો પુરસ્કાર જ કરું છું.

શાહાકારી અને માંસાહારી લોકોનું સહજીવન આપણે બુદ્ધિપૂર્વક શરૂ કરવું જોઇએ. હું પૂર્ણ શાકાહારી છું. મને માંસ, માછલી, ઈંડાં, કશું ખપતું નથી. પણ જમવા માટે મને બે આમંત્રણ મળે, એક માંસાહારી કુટુંબનું અને બીજું શાકાહારી કુટુંબનું, અને માંસાહારી કુટુંબના લોકો મારી સાથે બેસીને પોતે માંસ ખાય પણ મને શુદ્ધ શાકાહારી ભોજન આપવાનું કબૂલ કરે, તો હું આગ્રહપૂર્વક એમનું જ આમંત્રણ સ્વીકારીશ. એટલી ઉદારતા રાખ્યા વગર સહજીવન શી રીતે શક્ય બને?. મૈત્રી, મુદિતા, કરૂણા અને ઉપેક્ષા-આ ચાર આર્ય સદ્ગુણોમાં આપણી સંસ્કૃતિનો સંપૂર્ણ સાર આવી જાય છે. બધા વિશે સદ્ભાવ હોવો, એ મૈત્રીં બીજાની સુસ્થિતિ જોઇ આનંદિત થવું, તે મુદિતા, દુખી લોકો પ્રત્યે કરૂણા, અને દુષ્ટો પ્રત્યે ઉપેક્ષાંઃ આ ચાર આર્ય સદ્ગુણો તરીકે ઓળખાય છે.

પણ એમાં જે છેવટનો સદ્ગુણ ઉપેક્ષા છે. તેનાથી આગળ આપણે હવે જવું જોઇએ. દુષ્ટો વિશે ઉપેક્ષા રાખ્યે જ હવે નહીં ચાલે. દુષ્ટોની દુષ્ટતાનો સેવા દ્વારા નાશ થાય, તે માટે આપણે સતત પ્રયત્ન કરતા રહેવું જોઇએ. ખ્રિસ્તી મિશનરીઓમાં એવા કેટલાક સત્પુરુષો થઇ ગયા કે જેમણે પ્રેમભરી સેવા દ્વારા દુષ્ટોની દુષ્ટતાનો નાશ કરવાનો પ્રયત્ન કર્યો. તેઓ માનવજાતિના અત્યંત શ્રેષ્ઠ પુરૂષોમાંના છે.

**- કાકા કાલેલકર**

॥ આસ્વાદ ॥

## મીઠા વગરનો રોટલો

### પટેલ મોન્ટુકુમાર એ.

કવિશ્રી ભગીરથ બ્રહ્મભટ્ટ મહેસાણા જિલ્લાના નાદરી ગામના વતની. વતનપ્રેમી ભગીરથ બ્રહ્મભટ્ટે સાહિત્યક્ષેત્રે કવિતા, વાર્તા, નિબંધ, વિવેચન, સંશોધન, સંપાદન ક્ષેત્રે પોતાની કલમ ચલાવી છે. તેમણે ગુજરાતી ટૂંકીવાર્તા ક્ષેત્રે 'નાઈટ લૅમ્પ' (૧૯૮૭) અને 'મીઠા વગરનો રોટલો'(૨૦૦૨) જેવા વાર્તાસંગ્રહો આપ્યા છે. 'મીઠા વગરનો રોટલો' વાર્તાસંગ્રહને વર્ષ ૨૦૦૨માં ''કલા ગુર્જરી ઍવોર્ડ મુંબઈ'' પારિતોષિક એનાયત થયેલ. આ વાર્તાસંગ્રહમાં સંગ્રહિત વાર્તા 'મીઠા વગરનો રોટલો' વાર્તા સૌપ્રથમ ૧૯૯૭ના મે માસના 'કુમાર' સામયિકમાં પ્રકાશિત થયેલી અને ડૉ. મણિલાલ હ. પટેલ દ્વારા સંપાદિત '૧૯૯૭ની શ્રેષ્ઠ વાર્તાઓ'માં સંપાદિત પણ થયેલી છે.

'મીઠા વગરનો રોટલો' એ સાંપ્રત સમાજનું પ્રતિબિંબ ઝીલતી વાર્તા છે. જેના કેન્દ્રમાં ઉજમબાનું પાત્ર છે. ઉજમબાને પેટે વસ્તાર નથી. સગાનો અને સગપણનો સ્વાદ તેમના જીવનમાંથી ઉડી ગયો છે. આ બે-સ્વાદ જીવન જીવતાં ઉજમબાના ઉદ્‌ગારો ઉત્તર ગુજરાતની બોલીમાં સર્જકે પ્રગટ કર્યા છે. એમાંથી એમનું વ્યક્તિત્વ ધબકે છે. ઉજમબાનું પિયરમાં ખૂબ જ માનપાન હતું. જ્યારે તેમનો ભાઈ જીવતો હતો. પણ એ ભાઈના મૃત્યુ પછી સંબંધો શિથિલ બની ગયા છે. સગા ભત્રીજાનાં લગ્ન છે, છતાં તેમને કંકોતરી નથી મળતી. વધુમાં પડોશીને ત્યાં કંકોતરી આવે છે અને પોતાને સંબંધમાંથી કાપી મૂક્યાની વેદના એ અનુભવે છે. સગા ભત્રીજાના લગ્નની કંકોતરી મળતી નથી એટલે એ વેદાનાનો સૂર કાઢે છે અને એ વ્યથાનો સૂર બોલીમાં પ્રગટ થયો છે. ઉજમબાનો આ ચચરાટ ઉત્તર ગુજરાતની લોકબોલીમાં રજૂ થયો છે. તામસી સ્વભાવનો નાનજીકાકો અને સંવેદનાથી મઢેલાં ઉજમબા બન્નેના વ્યક્તિત્ત્વમાં આસમાન જમીનનો ફરક છે. તળભાષા, તળભાવ, તળવાતાવરણ ત્રણેયનું અહીં સંયોજન સધાયું છે.

વાર્તાનો આરંભ સર્જકે દૈનિક જીવનની શરૂઆતથી કર્યો છે. આકાશમાં વાદળો ઘેરાયેલાં છે. તેને કારણે ઉજમબાને કમરનો દુખાવો થતો. આ રોગ તેમને ઘણા સમયથી થયેલો. પતિ માટે રોટલો ઘડી આપીને નાનજીકાકાને ખેતરમાં માટે વિદાય કરે છે. ઉજમબા ખાટલામાં પડયાં પડયાં પોતાના જીવતરનો બળાપો રડ્યા કરે છે. 'બળી આ જન્દગી, છતે ધણીએ રંડાપો, વાંઝિયાપણું તો ભગવાન દુશ્મનને ના આલજો... કોઇ શુકન લ્યે નહીં... બળ્યો આ અવતાર.' ત્યાં ઉજમબા ઉજમબા કરતો એક છોકરો કંકોતરી લઈને આવ્યો. સહજભાવે તેણે ઉજમબાને કહ્યું, ' આ જુઓ, તમારા ભઇનો દીકરો પરણે છે.' 'હેં' કરતાં ઉજમબા ખાટલામાંથી બેઠાં થઇ ગયાં. પછી છોકરો દલીલ કરે છે, 'જુઓ, અમારા ઘેર કંકોતરી આઇ છે. મારા મોટાભાઇ કાલે જવાના છે.' ઉજમબા એક જ વાક્ય બોલે છે. 'મને ભૂલી જ્યાં?' અભણ ઉજમબા પ્રેમલાના હાથમાંથી કંકોતરી લઈને અક્ષર ઉકેલવા લાગ્યાં. 'ચ્યારનાં લગન છે?, ભૈ ચિયા ગોંમ?' વગેરે વિશે તેમને જાણવું હતું, પણ પ્રેમલ કંકોતરી મૂકીને રમવા જતો રહ્યો. ઉજમબા કંકોતરી લઈને રમા વહુને ત્યાં આવે છે. રમા વહુ ઉજમબાને પ્રશ્ન પૂછે છે, 'તે ઉજમબા તમારે કંકોતરી ચ્યમ ન આઇ' ઈજમબાને કંકોતરી નહીં મળ્યાનું દુઃખ તો છે જ પણ પોતાના ભત્રીજો અને ભાઈનો બચાવ કરતાં કહે છે, 'શી ખબર ભૈ ચ્યોંક ટપાલમાં અટવાઇ ન જૈ હોય.' એમ કહેવા ખાતર બોલે છે પણ અંતરથી દુઃખી છે. રમા વહુએ પૂછ્યુંઃ ઉજમબા તમારે કાંઇ વાકું પડેલું? ત્યારે ઉજમબા કહે છે, 'વાંકમાં તો શું ધૂળને ઢેફાં' આ તારા કાકાનો સભાવ બળ્યો બહુ આકરો. કો'ક દાડો, બે વેણ કીધાં હશે. ઈનાથી ઓંમ છેડો જ ફાડી નાંખવાનો?' ત્યાં ઉજમબાએ ફરી રમા વહુને પૂછ્યું, 'અલી બુન, જો તારી ખરી ચિંયા ગોંમ જૉન જવાની છે?' રમા વહુએ કહ્યું, 'મહેસાણા', 'અમરતલાલ છોટાભાઈને ત્યાં....' એ સાંભળીને ઉજમબાને દુઃખ પણ થાય છે તે બોલીમાં દેતાં 'મને તો કુણ પૂછ છ ભૂત ભૈ, છોટા અમથાનું ઘર તો નેંચા ગોળનું કે'વાય બુન પણ મૂઆ.... બે માસ્તર ભેગા થ્યા એટલે મેળ પડ્યો હશે.''રમાવૌ. મારો ભૈ જીવતો હોત ને તો આ ન બનત. નેવાંનાં પૉણી મોભે ચઢાવૉય? આ તો કળજગ આયો ભા.', 'મારો ભૈ બેચર હોત તો... પણ બળ્યું એના ગયા ચેડી બધું અંધારું ધફ.' લગ્નમાં નિમંત્રણ નથી એટલે એ ગયા પણ નથી તેમ છતાં મનોમન લગ્નનું ટાણું એ મ્હાલે છે. અને એમાં પણ લેખકે બોલીનો પ્રયોગ સફળતાપૂર્વક કર્યો છે. એ માનસિકતાની વચ્ચે ઉજમબા મૂકાયાં છે ત્યારે વાર્તાના અંતે તેમનો તામસી પતિ પ્રવેશ કરે છે. ખાવાનું મોડું થયું છે અને ચોખા દાળ વિણ્યા સિવાય ઉતાવળે ખીચડી બનાવે છે., 'તું ખૈ જો', 'ભાળતી ના

હોય તો કો'કની પાહે વેંણાવતી હોય તો?', ડોસાએ ભારે અવાજમાં કહ્યું. ઉજમબા તેમને શાંત પાડીને રોટલો ઘડી આપે છે ત્યાં રોટલામાં મીઠું નાખવાનું ભૂલી જાય છે, 'હાવ હાચી વાત છ, રોટલામાં મીઠું જ નથી?'

વાર્તાકારે ઓછાં પાત્રો અને ઓછા પ્રસંગો દ્વારા પોતાની વાતને બળકટ રીતે વ્યક્ત કરી છે. આ વાર્તામાં મુખ્ય પાત્ર તરીકે ઉજમબા કેન્દ્રસ્થાને છે. મુખ્ય પાત્રની સાથે સાથે સર્જકે નાનજીકાકા, રમા વહુ, પ્રેમલ, ભાઈ બેચર, ભગલો વગેરે પાત્રો ઉજમબાના પાત્રને ઉપસાવવામાં મદદરૂપ બની રહે છે અને વાર્તાના પિંડને ઘડવામાં મહત્ત્વનાં બની રહે છે. વાર્તામાં લોકબોલીમાં પ્રયોજાયેલા સંવાદો ઉજમબાની માનસિકતા પ્રગટ કરે છે. ઉજમબાના ભૂતકાળનાં સંસ્મરણો અને વર્તમાનની માનસિકતા આ બન્ને વચ્ચેની તેમની પરિસ્થિતિ આ વાર્તામાં લેખકે દર્શાવી છે.

વાર્તાકારે વાર્તાસર્જન માટે વ્યક્તિ કે કુટુંબની કથા-સંવેદનાને આસપાસના વાતાવરણ, પરિવેશને રોજિંદી બોલાતી ભાષાના વિવિધ સ્તરોનો, કહેવતો, રૂઢિપ્રયોગો અને લોક-તળ જીવનના અન્ય સંકેતશાસ્ત્રોનો ઉપયોગ કર્યો છે. વાર્તાકારે ક્યાંક ક્યાંક વાતને વધુ ઉપસાવવા, અસરકારક રીતે રજૂ કરવા અંતે રૂઢિપ્રયોગો, કહેવતો અને પ્રતીક, કટાક્ષ તો ક્યાંક ઉપમા અલંકારોનો ઉપયોગ કર્યો છે. કહેવતો-જેમ કે, 'ગોળમાંથી ગળપણ અને હગામાંથી હવાદ જ્યો', નેવાંનાં પૉણી મોભે ચઢાવૉય વગેરે. રૂઢિપ્રયોગો- છેડો જ ફાટી જ્યો, બળ્યું મારું નસીબ, વાંકમાં તો શું ધૂળને ઢેફાં, જેવો રૂણાનુબંધ , રૂમલાણાં સો, વગેરે. કટાક્ષ બે ચોપરી ભણ્યો ઈમાં આ સીસ્યો, ચ્યમ પાછું અંધારુંધબ્બ થઈ જ્યું, પ્રતીક-કાળી કંથેરના જાળામાં હોલીએ માળો બાંધીને ઈંડાં મેલેલાં, કપાયેલી ડાળ જેવા હાથને સામે લાકડામાં પડેલા વઢાયેલા થડ જેવા પોતે..., તારો કાકો આગનો ભડકો, ફાટેલો સાલ્લો, દોરો ગૂંચાઈ ગયેલો, લે ન બુન આ હાલ્લો હોંધી આપ, વગેરે.

'મીઠા વગરનો રોટલો' શીર્ષક પ્રતીકાત્મક છે. જેમ ભોજનમાં મીઠું ન હોય તો ભોજનનો સ્વાદ માણવાની મજા ન આવે તેમ નિઃસંતાન અને લોહીની સગાઈના સંબંધથી છૂટી પડી ગયેલી, તૂટી ગયેલી નારીનું જીવન પણ 'મીઠા વગરના રોટલા' જેવું જ છે. વાર્તામાં નિરૂપિત ઉજમબાના પાત્રની સંવેદના પણ મીઠા વગરના રોટલા જેવી જ છે. આ ઉપરાંત ખીચડીમાં આવતી કરકર પણ પ્રતીકાત્મક છે. જે ઉજમબા અને તેમના સગા-સંબંધીઓ વચ્ચેના વ્યવહારનું પ્રતીક બની રહે છે.

આ વાર્તામાં બોલીનો પ્રયોગ ત્રણ વાનાં સિદ્ધ કરે છે.

૧. મુખ્ય પાત્રનું વ્યક્તિત્વ અસરકારક રીતે પ્રગટાવે છે.

૨. સ્વજનો વચ્ચે જે રીતે સંબંધો ક્ષીણ થતા જાય છે તે ભાવને પ્રગટ કરે છે.

૩. વય, વયોચિત અને પ્રસંગને અનુરૂપ યોજાયેલા સંવાદોથી જે વાતાવરણ બંધાય છે તેમાં પણ બોલી સહાયરૂપ બને છે.

આમ, એક તરફ ભત્રીજાનાં લગન અને બીજી તરફ જીવતરના લ્હાય ઉકાળા વેઠતાં ઉજમબા આ વાર્તામાં ઉત્તર ગુજરાતની લોકબોલીના બળથી બળકટ રીતે પ્રગટ થાય છે.

**સંદર્ભઃ**


૧. મીઠા વગરનો રોટલો, ભગીરથ બ્રહ્મભટ્ટ, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, ૨૦૦૨.

૨. ગ્રંથ ગોષ્ઠી, બાબુ દાવલપુરા, રન્નાદે પ્રકાશન, અમદાવાદ, ૨૦૧૦.

૩. ૧૯૯૭ની શ્રેષ્ઠ વાર્તાઓ, સંપાદન, મણિલાલ હ. પટેલ, આર.આર. શેઠની કંપની, અમદાવાદ, ૧૯૯૮.



(રિસર્ચ સ્કૉલર, ગુજરાતી વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર)

## સૂત્રકાળમાં વ્યભિચાર અને દંડ

**પારુલટીના દોશી**

નારી નીકળે નેક તો નરનું રાખે નામ
કુલટા સ્ત્રીના કંથનાં ઊંઘ-આરામ હરામ..

લોકગીતની આ પંક્તિ સૂત્રકાળમાં પણ બંધબેસતી હતી. સુશીલ, સંસ્કારી ને સદાચારી સ્ત્રી તેના પતિનું નામ ઉજાળતી. પણ જો તે કુલટા ને કલંકિની હોય તો કુળનું નામ બોળતી. તેના પતિની નીંદર વેરણ થઈ જતી. એટલે જ સૂત્રકારોએ તમામ વર્ણના પુરુષોને ધન કરતાં પણ વધુ સાવધાનીથી પત્નીનું રક્ષણ કરવાનું સૂચન કર્યું છે.![૧]

સૂત્રકાલીન સ્ત્રીનું અત્યંત સાવધાનીથી રક્ષણ કરવા છતાં તે વ્યભિચાર કરે અને કુળ માટે કલંકરૂપ બની જાય તો તેના માટે હળવાથી કઠોર પ્રાયશ્ચિત તથા દંડની જોગવાઈ કરાઈ હતી. બૌધાયન મુજબ ઉચ્ચ વર્ણની સ્ત્રી પોતાનાથી હલકા વર્ણના પુરુષનો સંયોગ કરે તો પ્રાયશ્ચિતરૂપે તેણે વ્રત કરવાં પડતાં.[૨] પણ જો તે શૂદ્રનો સહવાસ કરે તો વ્રત, નિયમ અને ઉપવાસ દ્વારા તેણે કાયાને કૃશ બનાવવી પડતી.[૩] પોતાનાથી હલકા વર્ણના પુરુષનો સંગ કરનારી સ્ત્રીને પતિત ગણવામાં આવતી.[૪] ગૌતમના કહેવા પ્રમાણે આવી સ્ત્રીને રાજાએ સાર્વજનિક સ્થળે લઈ જવી અને તેના પર કૂતરા છોડી મૂકવા જોઈએ.[૫] એ જ ગૌતમ એમ પણ કહે છે કે પતિ સિવાયના પુરુષ સાથે રતિ કરનારી સ્ત્રીએ એક વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જોઈએ.[૬] પણ જો બ્રાહ્મણી વ્યભિચાર કરે તો તેની હત્યા કરવામાં પણ ગૌતમને દોષ જણાતો નથી. એ કહે છે કે ચરિત્રહીન બ્રાહ્મણીની હત્યા કર્યા પછી ભૂરા સાંઢનું દાન કરવું જોઈએ.[૭]

સૂત્રગ્રંથોમાં વ્યભિચારિણીઓ માટે કઠોર અને ભયાનક દંડની જોગવાઈ કરાતી. એ વિશે ડૉ. ઉર્મિલા પ્રકાશ મિશ્રએ નોંધ્યું છે કે, ‘સ્ત્રી વ્યભિચાર કરે તો તેનું માથું મૂંડવામાં આવતું. તેના પર ઘી ચોપડવામાં આવતું. પછી તેને નગ્ન અવસ્થામાં ગધેડા પર બેસાડીને ફેરવવામાં આવતી. અને અંતે તેને મૃત્યુદંડ દેવાતો. એ જ રીતે માતાપિતાના ધન અને પોતાના સૌંદર્યના ગુમાનમાં રાચતી વ્યભિચારી રૂપગર્વિતાને કૂતરા કરડાવીને મોતને ઘાટ ઉતારવામાં આવતી. કેટલાક ધર્મસૂત્રમાં એવો આદેશ અપાયો છે કે પતિએ વ્યભિચારી પત્નીનાં નાક-કાન કાપીને તેને ઘરમાંથી કાઢી મૂકવી અથવા તો અગ્નિમાં સળગાવી દેવી. પણ પાછળથી આ ભયાનક દંડને હળવો કરી દેવાયો.’[૮] છતાં વ્યભિચારિણીએ પ્રાયશ્ચિત અને દંડમાંથી પસાર તો થવું જ પડતું.

વ્યભિચારી સ્ત્રીની જેમ જ વ્યભિચારી પુરુષે પણ આકરી સજા ભોગવવા માટે તૈયાર રહેવું પડતું. સૂત્રકારોએ આવા પુરુષ માટે મૃત્યુદંડ સુધીની સજાની જોગવાઈ કરી હતી. બૌધાયન મુજબ કોઈ શૂદ્ર આર્ય સ્ત્રીનો સહવાસ કરે તો તેને ઘાસમાં આગ લગાડીને સળગાવી દેવો જોઈએ.[૯] એ જ રીતે બ્રાહ્મણ ન હોય તેવો પુરુષ બ્રાહ્મણી સાથે વ્યભિચાર કરે તો દંડરૂપે તેને અગ્નિમાં સળગાવી દેવો જોઈએ.[૧૦] જો કે એ પુરુષ ચારણોની પત્નીઓ તથા રંગમંચ પર અભિનય કરનારી નર્તકીઓ સાથે સંબંધ જોડે તો તેને વધનો દંડ થતો નહીં કારણ કે આવી સ્ત્રીઓના પતિ જ તેમનો સહવાસ પરપુરુષ સાથે કરાવતા. ધનપ્રાપ્તિ માટે આ પતિઓ ઘરના અન્ય પુરુષો સાથે પણ પોતાની પત્નીનો સંબંધ જોડતા.[૧૧] તેથી જ આ સ્ત્રીઓ સાથે વ્યભિચાર એ પાપ ન ગણાતું.

ચારણોની પત્ની કે નર્તકીઓ સાથેનો સંબંધ એ પાપ ન ગણાતું, પણ અગમ્ય સ્ત્રીઓનો સહવાસ વ્યભિચાર કહેવાતો. અગમ્ય સ્ત્રીઓ એટલે મામાની બહેન, પિતાની બહેન, પોતાની બહેન, બહેનની પુત્રી, પુત્રવધૂ, મામી અને મિત્રની બહેન. આ સ્ત્રીઓનો સંસર્ગ કરનારે પ્રાયશ્ચિત રૂપે વ્રત કરવું પડતું.[૧૨]

અગમ્યા સ્ત્રીઓનો સંગ હળવો અપરાધ ગણાતો, પણ ગુરુપત્નીનો સંયોગ ગંભીર ગુનો હતો. બૌધાયન અને ગૌતમે આ ગુનો કરનારને મૃત્યુદંડનું ફરમાન કર્યું હતું. તેમના મતે ગુરુપત્ની સાથે સંબંધ જોડનારનું પાપ મૃત્યુ પછી જ દૂર થાય છે. તેમણે ગુરુપત્નીગમન કરનારને લોઢાની સળગતી શૈયા પર સૂઈને જીવનનો અંત આણવાનો[૧૩] આદેશ આપ્યો હતો. અથવા તો લોઢાની સળગતી સ્ત્રીપ્રતિમાને આલિંગન આપીને મૃત્યુને ભેટવાનો[૧૪] વિકલ્પ આપ્યો હતો. અથવા તો અંજલિમાં કાપેલી જનેન્દ્રિય રાખીને જ્યાં સુધી પ્રાણ ન નીકળી ન જાય ત્યાં સુધી નૈઋત્ય દિશામાં ચાલતા રહેવાનો દંડ[૧૫] ફટકાર્યો હતો. ગૌતમના મતે આ રીતે મૃત્યુ થવાથી વ્યભિચારી ગુરુપત્નીગમનના પાપથી મુક્ત થઈ જાય છે.[૧૬]

ગુરુપત્નીગમનની તુલનામાં અન્ય સ્ત્રીઓના સહવાસનું પ્રાયશ્ચિત હળવું હતું. ગૌતમ અનુસાર પારકી સ્ત્રીનો સંયોગ કરનારે બે વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જોઈએ.[૧૭] એ જ રીતે વેદવિદ્ બ્રાહ્મણની પત્ની સાથે સંબંધ બાંધનારે ત્રણ વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરવું જોઈએ.[૧૮]

સૂત્રકાળમાં પરસ્ત્રીસંગને પગલે કરાતા દંડની બાબતમાં આપસ્તમ્બે કૂણું વલણ અપનાવ્યું હતું. તેમણે પુરુષને શંકાનો લાભ આપવાનું પણ સમર્થન કર્યું હતું. તેમના મતે જ્યાં વિવાહિતા કે વિવાહયોગ્ય કન્યા બેઠી હોય તેવા સ્થળે આભૂષણોથી અલંકૃત યુવાન અજાણપણે પ્રવેશ કરે તો તેને ધમકાવીને અટકાવવો જોઈએ.[૧૯] પણ જો તે ખરાબ નિયતથી કે જાણી જોઈને એ સ્થળે જતો હોય તો તેને આર્થિક દંડ દેવો જોઈએ.[૨૦] જો તે સ્ત્રી સાથે સંબંધ જોડે તો અંડકોષ સાથે તેની જનનેન્દ્રિય કાપી નાખવી.[૨૧] જો તેણે કુંવારી કન્યાનો સંગ કર્યો હોય તો તેની સંપૂર્ણ સંપત્તિ જપ્ત કરીને તેને દેશનિકાલ કરવો.[૨૨] ત્યાર પછી આવી પરસ્ત્રી તથા કુંવારી કન્યાનું ભરણપોષણ રાજાએ કરવું જોઈએ.[૨૩] આપસ્તમ્બ એમ પણ કહે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય શૂદ્ર સ્ત્રીનો સહવાસ કરે તો તેમને દેશવટો દેવો જોઈએ.[૨૪] પણ જો શૂદ્ર પુરુષ પોતાનાથી ત્રણ ઉચ્ચ વર્ણની સ્ત્રીનો સંયોગ કરે તો મૃત્યુ જ તેનો દંડ છે.[૨૫] એટલે જ સૂત્રકારોએ વારંવાર ચેતવણી આપી હતી કે, દંડથી બચવું હોય તો પરસ્ત્રી સાથે વ્યભિચાર ન કરો!

અને આ ચેતવણીમાંથી જ પેલી લોકપંક્તિ ઉદ્ભવી હશેઃ

પરનારી તાતી છૂરી, નિત નિત કાપે કાય
જેનાં ખૂટ્યાં આયખાં, પરનારી ઘર તે જાય...

**સંદર્ભઃ**


૧. सर्वेषामेव वर्णानां दारा रक्ष्यतमा धनात् । बौधायन धर्मसूत्रम् २.२.४.२

તમામ વર્ણના પુરુષો માટે પત્નીઓ ધન કરતાં પણ અધિક સાવધાનીથી રક્ષણીય હોય છે.

૨. वैश्यादिषु प्रतिलोमं कृच्छ्रातिकृच्छ्रादींश्चरेत् । बौधायन धर्मसूत्रम् २.२.३.५१

વૈશ્ય આદિ વર્ણના પુરુષોના સંયોગ દ્વારા વર્ણના પ્રતિલોમના ક્રમથી નિયમોલ્લંઘન કરવા પર કૃચ્છ્ર કે અતિકૃચ્છ્ર વ્રત કરવું.

૩. दारं चाडस्य कर्शयेत् । आपस्तम्ब धर्मसूत्रम् २.७.१७.१०

શુદ્ર સાથે મૈથુન કરનારી ઉચ્ચ વર્ણની સ્ત્રીને વ્રત, નિયમ, ઉપવાસ દ્વારા કૃશ બનાવવી.

૪. हीनवर्णसेवायां च स्त्री पतति । गौतम धर्मसूत्रम् ३.३.९

સ્ત્રી પોતાનાથી નિમ્ન વર્ણના પુરુષનો સહવાસ કરે તો તેને પતિત માનવામાં આવે છે.

૫. श्वभिरादयेद्राजा निहीनवर्णगमने स्त्रियं प्रकाशम् । गौतम् धर्मसूत्रम् ३.५.१४

સ્ત્રી પોતાનાથી નિમ્ન વર્ણના પુરુષ સાથે રતિકર્મ કરે તો રાજાએ તેને સાર્વજનિક સ્થળે લઈ જઈને તેના પર કૂતરા છોડી મૂકવા જોઈએ.

૬. स्त्री याडतिचारिणी गुप्ता पिण्डं तु लभेत् । गौतम् धर्मसूत्रम् २३.४.३५

પતિ સિવાય અન્ય પુરુષ સાથે રતિ કરનારી સ્ત્રીએ એક વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જોઈએ.

૭. ब्रह्मबन्ध्वां चलनायां नीलः। गौतम् धर्मसूत्रम् ३.४.२६

ચરિત્રહીન બ્રાહ્મણીની હત્યા કર્યા પછી, નીલા સાંઢનું દાન કરવું જોઈએ.

૮. પ્રાચીન ભારત મેં નારી, ડૉ. ઉર્મિલા પ્રકાશ મિશ્ર, પૃ. ૨૨,૨૩

૯. शूद्र कटारिनना दहेत् । बौधायन धर्मसूत्रम् २.२.३.५३

આર્ય સ્ત્રી સાથે વ્યભિચાર કરનાર શૂદ્રને ઘાસની આગમાં સળગાવવો જોઈએ.

૧૦. अब्राह्मणस्य शारीरो दण्डसंग्रहणे भवेत् ।

बौधायन धर्मसूत्रम् २.२.४.१

અબ્રાહ્મણ બ્રાહ્મણી સાથે વ્યભિચાર કરે તો તેને અગ્નિમાં સળગાવવાનો દંડ હોય છે.

૧૧. न तु चारणादारेपु न रङ्गावतारे वधः।

संसर्जयन्ति ता ह्येतान्निगुप्तांश्चालयन्त्यपि ॥ बौधायन धर्मसूत्रम् २.२.४.३

ચારણોની પત્નીઓ તથા રંગમંચ પર નૃત્ય અભિનય કરનારી નર્તકીઓ સાથે યૌનસંબંધ કરવા પર વધનો દંડ હોતો નથી. આવી સ્ત્રીઓના પુરુષ જ તેમનો સંબંધ પરપુરુષો સાથે કરાવે છે.

૧૨. अगम्यानां गमने कृच्छ्रातिकृच्छ्रो चान्द्रायणमिति प्रायश्चितिः। बौधायन धर्मसूत्रम् २.२.४.१२

અગમ્યા સ્ત્રીઓના ગમન પર કૃચ્છ્ર, અતિકૃચ્છ્ર અને ચાન્દ્રાયણ વ્રતનું પ્રાયશ્ચિત હોય છે.

૧૩. गुरुतलयगस्तप्ते लोहशयने शयीत । बौधायन धर्मसूत्रम् २.१.१.१२

ગુરુ પત્ની સાથે સંબંધ જોડનારે લોઢાની સળગતી શૈયા પર સૂઈને જીવન સમાપ્ત કરે છે.

૧૪. सूर्मिं ज्वलन्तीं वा शिलष्येत् । बौधायन् धर्मसूत्रम् २.१.१.१३

અથવા સળગતી લોઢાની સ્ત્રીપ્રતિમાને આલિંગન આપીને મૃત્યુ પ્રાપ્ત કરે.

१५. लिङ्गं वा सवृषणमुत्कृत्याञ्जलावाधाय दक्षिणाप्रतीचीं व्रजेदजिह्ममाशरीरनिपातात् । गौतम् धरमसूत्रम् ३.५.१०

અથવા અંડકોષ અને જનનેન્દ્રિય કાપે. તેને અંજલિમાં રાખે. દક્ષિમ પશ્ચિમમાં ત્યાં સુધી આગળ વધતો જાય જ્યાં સુધી તેના પ્રાણ ન નીકળી જાય.

१६. मृतः शुध्येत् । गौतम् धर्मसूत्रम् ३.५.११

આ રીતે મૃત્યુ થવાથી તે પાપથી છૂટી જાય છે.

१७. द्वे परदारे । गौतम धर्मसूत्रम् ३.४.२९

પરાયી સ્ત્રીનો સહવાસ કરનારે બે વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રતનું પાલન કરવું જોઇએ.

१८. त्रीणि श्रोत्रियस्य । गौतम् धर्मसूत्रम् ३.४.३०

વેદવિદ્ બ્રાહ્મણની પત્નીનો સંયોગ કરનાર ત્રણ વર્ષ સુધી બ્રહ્મચર્ય વ્રત ધારણ કરે છે.

१९. अबुद्धिपूर्वमलङ्कतो युवा परदारमनुप्रविशन् कुमारी वा वाचा बाध्यः । आपस्तम्ब धर्मसूत्रम् २.७.१६.१८

આભૂષણો આદિથી અલંકૃત યુવક અજાણપણે એવા કોઇ સ્થાન પર પ્રવેશ કરે જ્યાં વિવાહિતા કે વિવાહયોગ્ય કન્યા બેઠી હોય તો તેને ખિજાઇને રોકવો જોઇએ.

२०. बुद्धिपूर्वं तु दुष्टभावो दण्डयः । आपस्तम्ब धर्मसूत्रम् २.७.१६.१९ જો તે ખરાબ નિયતથી કે જાણીજોઇને કરતો હોય તો તેને આર્થિક દંડ કરવો.

२१. सन्निपाते वृत्ते शिश्नछेदनं सवृषणम्य ।

आपस्तम्ब धर्मसूत्रम् २.७.१६.२०

જો તેણે આવી સ્ત્રી સાથે મૈથુન કર્યું હોય તો તેની જનનેન્દ્રિય અંડકોષ સાથે કાપી નાખવી.

२२. कुमार्यां तु स्वान्यादाय नाश्यः।

आपस्तम्ब धर्मसूत्रम् २.७.१६.२१

જો તેણે કુંવારી કન્યા સાથે મૈથુન કર્યું હોય તો તેની બધી સંપત્તિ જપ્ત કરીને તેને દેશનિકાલ કરવો.

२३. अथ मृत्ये राज्ञा । आपस्तम्ब धर्मसूत्रम्–२.७.१६.२२

આવી પરસ્ત્રી અને કુંવારી કન્યાનું ભરણપોષણ રાજા કરે.

२४. नाश्य आर्यश्शूद्रायाम् । आपस्तम्ब धर्मसूत्रम् २.७.१७.८

પ્રથમ ત્રણ વર્ણના પુરુષ શૂદ્રાનો સહવાસ કરે તો તેમને દેશમાંથી કાઢી મૂકવા.

२५. वध्यश्शूद्र आर्यायाम् । आपस्तम्ब धर्मसूत्रम् २.७.१७.९

શૂદ્ર પુરુષ પ્રથમ ત્રણ વર્ણની સ્ત્રીનો સંયોગ કરે તો તે મૃત્યુદંડનો ભાગી હોય છે.

(ક્રમશઃ)

(સીવીએમ બંગલો-૧૧, ગો.જો. શારદા મંદિર સામે, ભાઇકાકા સ્ટૅચ્યૂ પાસે, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦, જિ. આણંદ મો:૯૮૯૮૦૭૦૨૦૫)

॥ વિદ્યાવૃત્ત ॥

**નલિની કૉલેજમાં વર્કશોપ યોજાયો**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટીવી પટેલ આર્ટ્સ કૉલેજમાં કૉલેજની આંતરિક ગુણવત્તા સુધારણા એકમ(આઇક્યુએસી)ના ઉપક્રમે યુજીસીઅનુદાનિત એક દિવસીય કાર્યશાળા યોજવામાં આવી હતી. ઉદ્ઘાટન બેઠક ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી. પટેલના અધ્યક્ષ સ્થાને અને સહજાનંદ કૉમર્સ કૉલેજ, અમદાવાદના આચાર્ય ડૉ.ઘનશ્યામ પટેલના વિશેષ અતિથિ પદે તથા યુજીસી ઍકેડેમિક સ્ટાફ કોલેજના નિયામક ડૉ.એ.આર.જાનીની ઉપસ્થિતિમાં યોજાઇ હતી. શાબ્દિક સ્વાગત કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ.ઘનશ્યામ ગઢવીએ કર્યું હતું. આઇક્યુએસીના સભ્ય અને કાર્યશાળાના કોઓર્ડિનેટર ડૉ.કૌશલ કોટડિયાએ કાર્યક્રમનો હેતુ વર્ણવી કાર્યક્રમની રૂપરેખા રજૂ કરી હતી. અતિથિ વિશેષપદેથી પ્રિ. ડૉ.ઘનશ્યામ પટેલે જણાવ્યું હતું કે, યુજીસી અને માનવ સંસાધન મંત્રાલયે ઉચ્ચ શિક્ષણક્ષેત્રે શિક્ષણનાં દરેક પાસાંમાં ગુણવત્તા સુધારણા માટે દરેક કૉલેજમાં આઇક્યુએસીની સ્થાપના ફરજિયાત બનાવી છે. આ સેલના હેતુઓ, પ્રવૃત્તિઓ અને તેની આવશ્યકતા ઉપર ભાર મૂકી તેમણે વિશદ્ છણાવટ કરી હતી. અધ્યક્ષસ્થાનેથી ચારુતર વિદ્યામંડળના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી. પટેલે અધ્યાપકોએ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં સજ્જતા પ્રાપ્ત કરવાની બાબત પર ભાર મૂક્યો હતો અને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્પર્ધા કરી શકે તેવા શિક્ષણની હિમાયત કરી હતી. ઉદ્ઘાટન બેઠકના સમાપનમાં આઇક્યુએસીના સભ્ય અને કાર્યશાળાના કૉ-ઓર્ડિનેટર ડૉ.મહેશ પરમારે આભારવિધિ કરી હતી. કાર્યશાળાની પ્રથમ બેઠકના વકતા તરીકે વીપી અને આરપીટીપી સાયન્સ કૉલેજના આચાર્ય, ડૉ.ભાવેશ પટેલે શિક્ષણની સાથે સંશોધન કાર્યની હિમાયત કરી હતી. સંશોધન જ શિક્ષણને વધારે મજબૂત બનાવી શકે તેવી ટકોર કરી હતી. દરેક વિદ્યાશાખામાં સંશોધનની સમાન તક રહેલી છે તથા ઘણી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ વિવિધ ક્ષેત્રમાં સંશોધન માટે આર્થિક સહાય આપે છે તેની માહિતી પણ તેઓએ આપી હતી.

નિષ્ણાત વકતા અને સેમકોમ કૉલેજનાં અધ્યાપક ડૉ.કામિની શાહે શિક્ષણ અને વહીવટીક્ષેત્રે ગુણવત્તા સુધારણાની વાત કરતાં જણાવ્યું હતું કે શિક્ષણની સાથે સાથે ઘણી ઇતર પ્રવૃત્તિઓ કરાવવામાં આવે તો શિક્ષણની ગુણવત્તામાં વધારો કરી શકાય છે. કૉલેજના વહીવટીકાર્યમાં પણ પારદર્શિતા લાવવાની જરૂર હોય છે અને શિક્ષકે આ માટે પ્રયત્નો કરવા જોઇએ. કાર્યશાળાની સમાપન બેઠક ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલની અધ્યક્ષતામાં યોજાઇ હતી. મહેમાનોનું સ્વાગત અને પરિચય કૉલેજના કાર્યકારી આચાર્ય ડૉ.ઘનશ્યામ ગઢવીએ કરાવ્યો હતો. સમગ્ર કાર્યશાળાનો અહેવાલ આઇક્યુએસીના સભ્ય અને કાર્યશાળાના કોઓર્ડિનેટર ડૉ.કૌશલ કોટડિયાએ રજૂ કર્યો હતો. આ કાર્યશાળામાં સ્થાનિક તથા બહારની યુનિવર્સિટીના કુલ ૯૦ અધ્યાપકો સહભાગી બન્યા હતા.

ચારુતર વિદ્યામંડળના માનદમંત્રી પ્રિ.એસ.એમ.પટેલે જણાવ્યું હતું કે, અધ્યાપકોએ વધારે સજ્જ થવાની જરૂર છે જેથી આપણાં વિદ્યાર્થીઓને આપણે બહારનાં વિદ્યાર્થીઓ સાથે સ્પર્ધા કરતાં કરી શકીએ. અધ્યાપકોએ શિક્ષણની સાથે સાથે સંશોધનને પણ પ્રાધાન્ય આપવું જોઇએ. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે જે દિવસે ધન, યશ કે જ્ઞાનની પ્રાપ્તિ ના થાય તે દિવસને વાંઝિયો ગણવો જોઇએ. સમાપન સમારોહમાં આભારવિધિ આઇક્યુએસીના સભ્ય ડૉ.નીલેશ બારોટે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવામાં આઇક્યુએસીના કૉઓર્ડિનેટર ડૉ.એમ.જી.મનસુરીનું માર્ગદર્શન સાંપડ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ગુજરાતી વિભાગનાં અધ્યક્ષા ડૉ.અનિતાબેન સાળુંકેએ કર્યું હતું.

॥ વ્યાખ્યાન ॥

## ભારતીય સંસ્કૃતિમાં આરોગ્યજાગૃતિ


**રામજી સાવલિયા**


(સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપમાં અપાયેલા વ્યાખ્યાનના અંશ અહીં પ્રસ્તુત છે.)

ભારતીય ઋષિમુનિઓ તથા દાર્શનિકોએ મનુષ્ય માટે ચાર પુરુષાર્થ પ્રબોધ્યા છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ. પ્રથમ ત્રણની પ્રાપ્તિ પૂર્ણરૂપે થયાથી ચોથા પુરુષાર્થ માટે ખાસ પ્રયત્ન કરવો પડતો નથી, અર્થાત્ ત્રણ પુરુષાર્થની સિદ્ધિથી માનવજીવનનો ઉદ્દેશ, જે મોક્ષ ગણવામાં આવ્યો છે, તે સિદ્ધ થાય છે.

આમ, ચતુર્થ પુરુષનો મુખ્ય પુરુષાર્થ આરોગ્ય છે. જેવી રીતે ચાલક ગાડીની રક્ષા કરે છે, પશુપાલક પશુની રક્ષા કરવામાં સાવધાન રહે છે. તેવી રીતે બુદ્ધિમાન સમજદાર વ્યક્તિએ પોતાના શરીરની રક્ષા કરવામાં હંમેશા સાવધાન રહેવું જોઇએ. દિનચર્યા, રાત્રિચર્યા અને ઋતુચર્યાનું આચરણ કરતાં કરતાં જ મનુષ્ય હંમેશાં સ્વસ્થ-નિરોગી રહી શકે છે.

त्रय उपस्तम्भा शरीरस्य आहारः ।
स्वप्नो ब्रह्मचर्यमिति ॥ (ચરકસૂત્ર, ૧૧.૩૨)

''શરીરરૂપી ભવનને સ્થિર રાખવા માટે આહાર નિદ્રા અને બ્રહ્મચર્ય આ ત્રણ ઉપસ્તંભ (આધારસ્તંભ) છે. એકના નબળા પડવાથી બાકીનાં બે પણ નબળાં પડે છે.

મૂળ તો 'આરોગ્ય' એટલે કે નિરોગી શરીર જ છે. મન પણ નિરોગી હોવું એટલું જ જરૂરી છે. છતાં પણ ''શરીરમ્ ખલુ રોગ મન્દિરમ્'' એવી સંસ્કૃતમાં ઉક્તિ છે. શરીર એ રોગનું મંદિર (ઘર, નિવાસ સ્થાન) છે.

પૂર્ણ આરોગ્ય અને માનસિક સ્વાસ્થ્ય એ જ માનવજીવનની સ્વાભાવિક સ્થિતિ છે. તે સિવાયની સ્થિતિ એ અસ્વાભાવિક કે કૃત્રિમ છે, અને કુદરતી નિયમનો ભંગ કરવાથી જ એવી સ્થિતિ ઉપજે છે. દુઃખ કે રોગને કાંઇ ઇશ્વરે ઉત્પન્ન કર્યા નથી, પરંતુ મનુષ્યે પોતે ઉત્પન્ન કરેલાં છે. ચોતરફથી કુદરતના નિયમોની વચમાં મનુષ્ય રહેલો છે અને તેનો તે ભંગકરે છે, તેથી જ તેને મહારોગ કે દુઃખ આવે છે. આપણને ચોતરફ દુઃખ અને રોગ જોવાની એટલી બધી કુટેવ પડી ગઇ છેકે તેને કદાચ આપણે સ્વાભાવિક ન માનતા હોઇએ, તો પણ તે 'આવવાં જોઇએ' એવી માન્યતા તો સર્વત્ર જોવામાં આવે છે જ. જે કેળવણી વગર અજ્ઞાનતાથી ફેલાયેલા વિચારો છે.

જાહેરખબરો આપણા યુગનું પ્રતીક છે. આપણને ફસાવવાા અને આપણી સમજશક્તિ બુઠ્ઠી કરવાના તેમજ બિનજરૂરી અને નુકસાન કરે એવી વસ્તુઓ સુદ્ધાં ખરીદવાને પ્રેરવાના કઠોર પ્રયત્નો તે નિરંતર કરે છે. આ પરિસ્થિતિ માટે આપણે બધાં જ આ યુગનાં સંતાનો જવાબદાર છીએ. અને આપણી પેઢીની સઘળી વિશિષ્ટતાઓની સાથે તેના ગુણદોષના સરખા ભાગીદાર છીએ.

આપણા શરીરની સર્વ પ્રકારની તંદુરસ્તીનો આધાર આપણું મન છે. આપણા શરીરની બધી ઇંદ્રિયોનું સંચાલન આપણું મન કરે છે. આપણને 'મન' છે એટલે જ આપણે માનવ છીએ. મનનો ઉપયોગ કરે તે માનવ, પરંતુ આપણી કમનસીબી એ છે કે કોઇપણ પ્રકારના વિવેક વિના આપણે મનનો ઉપયોગ કરીએ છીએ. મન એ વિચારોનો મહાસાગર છે, સારાં કે નરસાં અનેક વિચારોનાં મોજાં તેમાં સવારથી સાંજ સુધી અથડાયા કરે છે. ઊંઘમાં પણ આ મોજાંનો ઘુઘવાટ શમતો નથી અને આપણને બેચન બનાવી મૂકે છે.

આજની આપણી સમસ્યા શરીર અને મન વચ્ચેના કલેશની છે. આજે આપણા શરીર ઉપર આપણા મનનો કોઇ કાબૂ નથી અને એ રીતે આપણે ભૌતિક સુખ સામગ્રીમાં સતત રચ્યાપચ્યા રહીએ છીએ. જેને સુખ માની સ્વીકારીએ છીએ. એ સમય જતાં મહારોગ (એઇડ્ઝ જેવા)નું નિમિત્ત બની જાય છે. આપણા બીમાર અને બિસ્માર મનની અસર આપણા શરીર ઉપર થયા વિના રહેતી નથી. પરિણામે અકાળે વૃદ્ધત્વ અને કાળ-મૃત્યુનો, આપણે અનુભવ કરીએ છીએ. બીમાર અને બિસ્માર મન સ્વસ્થ સમાજ અને તંદુરસ્ત રાષ્ટ્રનું નિર્માણ કઇ રીતે કરી શકે?

શૂન્યતાનો જે મનોરોગ માણસજાતને ઘેરી વળ્યો છે તેને પરિણામે વ્યાપક માનસિક દુઃખ અને શારીરિક અસાધ્ય રોગો (એઇડ્ઝ)ને ભોગવી રહ્યો છે. આ મનોરોગ કેવળ રાજકીય (નિર્ણય શક્તિનો અભાવ) રીતે જ નહીં પણ લાગણીતંત્રની રીતે પણ માનવજગતના લીરા ઉરાડે છે. આપણે આપણા યુગનાં સંતાનો છીએ. સંશયગ્રસ્ત

નાસ્તિક, નિષેધવાદી માનવ સંવેદનમાં તિરાડો પડી છે, એક આંતરિક દુર્વ્યવસ્થામાં આપણે જકડાયેલા છીએ, આપણા સારાયે ઘડતરમાં ચીરા પડ્યા છે. સારાસારનો ભેદ ભૂલી ભૌતિકવાદી જીવન શૈલીમાં રાચીને મહારોગનો ભોગ બનતા જઇએ છીએ. અંતઃકરણમાં ઊંડે ઊંડે આપણી ધાર્મિક વૃત્તિઓ આપણને પડકારે છે પણ બુદ્ધિ અને તર્કની ભૂમિકાએ આપણે એ વૃત્તિઓના હોવાનો જ ઇનકાર કરીએ છીએ.

આપણે સૌ જાણીએ છીએ કે આ સંસારમાં મનુષ્ય માત્ર દુઃખમાંથી મુક્તિ અને પરમસુખની પ્રાપ્તિ ઇચ્છે છે. આમ છતાં આપણામાંના મોટાભાગના લોકો દુઃખ સુખના ભેદ સમજી શકતા નથી. આજે જેને તેઓ 'સુખ' ગણતા હોય છે તે સમય જતાં 'દુઃખ'નું સાધન-કારણ બની જાય છે. સંસારના વિષયો ભોગવતી વખતે આપણે ક્ષણિક સુખનો આનંદ માણતા હોઇએ છીએ, પરંતુ આ ભૌતિક સુખનું પરિણામ આખરે તો સમય જતાં દુઃખ-મહારોગની અનુભૂતિમાં આવે છે. સંસારમાં વિષયસુખની લાલસા જ્યારે મનુષ્યમાં તીવ્ર હોય છે ત્યારે તેનું મન સારા નરસાનો વિવેક કરતું નથી. મોહમાં અંધ બનેલો માનવી કેવી પશુતા આચરે છે તેના અનેક દાખલાઓ આપણા રોજબરોજના જીવનમાં જોવા મળે છે.

આજના યંત્ર ઉદ્યોગોના ધમાલિયા જીવનમાં આપણે આધિ, વ્યાધિ અને ઉપાધિ જેવા ત્રિવિધ તાપનો વધારે અનુભવ કરી રહ્યા છીએ. આપણું શરીર અનેક રોગોનું ઘર બન્યું છે. જે રોગો અને વ્યાધિઓના નામ (એઇડ્ઝ, કેન્સર વગેરે) સાંભળ્યાં ન હોય તેના આપણે જાણતાં કે અજાણતાં ભોગ બનીએ છીએ. વળી જો આર્થિક ભીંસ અને મહારોગ એ બન્ને ભેગા થાય ત્યારે તો આવી જ બન્યું સમજવું. આવી વિકટ પરિસ્થિતિમાં માણસ લાચારીભર્યું, ઓશિયાળું જીવન ગુજારવાની તેને ફરજ પડે છે. જીવનમાં ઘોર હતાશા અનુભવતો માનવી મનથી અને શરીરથી ભાંગી પડે છે. અને પોતાનો જીવનદીપ જલદી બુઝાઇ જાય એમ ઇચ્છતો હોય છે. આવા અસંખ્ય માણસો સંસારમાં જંતુની જેમ મરી જતાં હોય છે, જેની કોઇ જગ્યાએ નોંધ લેવાતી હોતી નથી. આપણને પ્રશ્ન થાય કે શું મનુષ્ય જીવન કેવળ દુઃખ અને યાતના ભોગવવા માટે જ મળ્યું છે. આમાંથી છૂટવાનો કોઇ ઉપાય ખરો?

આનો સચોટ ઉપાય-જવાબ આપણા પ્રાચીન શાસ્ત્રો ગ્રંથોમાં જળવાયેલો આપણો આરોગ્યનો સમૃદ્ધ વારસો છે. આયુર્વેદની પ્રાચીન હસ્તપ્રતો-ગ્રંથોમાં આ બધી આધિ, વ્યાધિ, ઉપાધિના નિરાકરણનું વિવરણ આપેલું છે જેના નીતિનિયમોના પાલન દ્વારા મનુષ્ય નિરોગી અને તંદુરસ્ત દીર્ઘકાલીન જીવન પ્રસાર કરી શકે છે.

પ્રાચીનોએ સૃષ્ટિક્રમનો જરાયે હલકો ખ્યાલ બાંધ્યો નથી. તેમજ એ ખ્યાલને વ્યક્ત કરવામાં નિરર્થક દાંભિક ચોખલિયાપણાને જ્યારે સ્થાન આપ્યું નથી. ભગવાન શ્રી કૃષ્ણ ગીતામાં કહે છે કે, धर्मोऽविरुद्धः कामोऽस्मि અર્થાત્ ''ધર્મથી અવિરુદ્ધ એવોકામ હું છું.'' કામશાસ્ત્રના ગ્રંથોમાં જણાવ્યું છે કેसत्त्वोपकारपरमा हिममाग्रपूजा અર્થાત્ ''મારી પ્રવૃત્તિ પ્રાણીમાત્રના હિત માટે છે'' વ્યવહાર ગમે તે હો, પણ આદર્શ આવો હતો, એટલે ધર્મ, કામ ઇત્યાદિ પુરુષાર્થોનું આલેખન દેવમાં મંદિરમાં કરવું એવું વિધાન શિલ્પશાસ્ત્રના ગ્રંથોમાં છે તે જ કામકલાને વ્યક્ત કરતાં આસનો પુરુષાર્થોના નિરૂપણ માટે દેવમંદિરોમાં બનાવવામાં આવે તે તેમાં કંઇ આશ્ચર્ય જેવું નથી. કેટલાંક મંદિરોનાં, ખજુરાહો, મોઢેરા વગેરેનાં શિલ્પમાં ચારે પુરુષાર્થોનું આલેખન થયેલું હોય છે. એમાં મંદિરના રથના ચાર ભાગ પાડેલા હોય છે. તેમાં સૌથી નીચે પોતાની હજારફણાઓ ઉપર સમગ્ર પૃથ્વીના ભારને વહન કરતા આદિશેષનું આલેખન થયેલું હોય છે. અહીં આદિશેષનું આલેખન થયેલું હોય છે. અહીં આદિશેષ એ ધર્મ પુરુષાર્થના પ્રતીક તરીકે રજૂ થાય છે. તેની ઉપર લગ્નવિધિ અથવા પ્રાચીન કાળના રાજાઓના સંગ્રામો અને વિગ્રહોનું આલેખન હોય છે. તે અર્થ પુરુષાર્થની ભાવના રજૂ કરે છે. તેની ઉપરના ત્રીજા ભાગમાં કામશાસ્ત્રોક્ત આસનો, નૃત્ય અને વિલાસચેષ્ટાઓનું આલેખન હોય છે, તે કામ પુરુષાર્થની ભાવનાને વ્યક્ત કરે છે. અને સૌથી ઉપર ઋષિઓ, સિદ્ધો અને યોગીઓની પ્રતિમાઓ હોય છે, તે સર્વોચ્ચ પુરુષાર્થ મોક્ષની ભાવના મૂર્તિમંત કરે છે.

કામ-કલાને લગતાં અંકનોમાં કામ-ક્રિયાનાં જે ઉદ્દામ રૂપ મોઢેરા, ખજૂરાહો, કોણાર્ક અને ભૂવનેશ્વરનાં મંદિરો પર અભિવ્યક્ત થયાં છે, તે નિશ્ચિતપણે આસ્વાભાવિક છે. એમાં સ્ત્રી-પુરુષ યુગલોનાં સામાન્ય રતિ-અંકનોની સાથે ત્રણ, ચાર કે વધારે આકૃતિઓના સમૂહમાં પણ કામ-ક્રિયાને લગતાં અંકન છે. એક સ્ત્રીની સાથે બે કે એથી વધુ પુરુષ અને એક પુરુષની સાથે બે કે વધુ સ્ત્રીઓની રતિ-ક્રિયાઓનો વિષય રહ્યો છે. એમાં

માનવ-પશુ કામક્રિયાને પણ બતાવવામાં આવી છે. આ દૃશ્ય સ્પષ્ટતઃ સમાજમાં વ્યાપ્ત કામના ઉદ્દામ અને સ્વચ્છંદ સ્વરૂપને અભિવ્યક્ત કરે છે. આની પાછળ ગમે તે કારણ રહ્યું હોય. આ મૂર્તિઓ કામની સ્વાભાવિક અભિવ્યક્તિથી શરૂ થઇ અસ્વાભાવિક સ્થિતિ સુધી જાય છે.

જ્યારે મનુષ્ય અને પશુ વચ્ચેનું અંતર સંપૂર્ણ સમાપ્ત થઇ જાય છે અને મનુષ્ય પશુવત્ આચરણ કરવા લાગે છે ત્યારે માનવ-પશુ સમાગમનાં અંકન આ સ્થિતિનાં સૂચક છે. આ રતિ-અંકનોમાં રાજ-પરિવાર તથા સામાન્ય વ્યક્તિઓ સિવાય દાઢી તથા જટાધારી આને મયૂર પીચ્છિકા ધારણ કરેલ મુંડનયુક્ત મસ્તકવાળા સાધુ પણ નજરે પડે છે. સંભવ છે કે આ પ્રકારના ઉદ્દામ કામ-શિલ્પનાં મંદિરો ઉપર અંકનના માધ્યમથી ધર્માચાર્યોએ તેને સંપૂર્ણ રીતે પ્રકટ કરી લોકોને એનાથી દૂર રાખવાનો મનોવૈજ્ઞાનિક પ્રયાસ કર્યો હોય. મનોવૈજ્ઞાનિક તથ્ય છે કે, જો મનુષ્યની દબાયેલી ઇચ્છાઓને પૂરી રીતે પ્રકટ થવાનો અવસર મળી જાય તો કેટલાક સમય પછી સ્વયં એમાં જ સાચા-ખોટા વિચારનો વિવેક ઉત્પન્ન થતો હોય છે. ધર્માચાર્યોએ પણ સંભવતઃ સમાજમાં વ્યાપ્ત કામની ઉદ્દામ સ્થિતિ અને તે દ્વારા થતાં અસાધ્ય રોગોને નિયંત્રિત કરવા માટે આ મનોવૈજ્ઞાનિક પ્રયોગ મંદિરો પર એમની પૂર્ણ મને સ્વચ્છંદ અભિવ્યક્તિ દ્વારા અપનાવાયો હશે. આ જ કારણ છે કે આ પ્રકારના અસ્વાભાવિક કામ-શિલ્પોમાં કેટલીક આકૃતિઓને આ કૃત્યો પર આશ્ચર્ય કે શરમ વ્યક્ત કરતાં પણ બતાવ્યાં છે.

લોકમાત્રની પ્રવૃત્તિએ ચાર પુરુષાર્થનાં કોઇને કોઇ પ્રકારે સેવનમાં હોય છે. એવી આપણી પરંપરાગત માન્યતા છે.

> त्यागाय संभृतार्थानां सत्यार्थानां मितभाषिणाम् ।
> यशसे विजिगीषूणां प्रजायै गृहमेधिनाम् ॥
> शैशवेऽभ्यस्तविद्यानां यौवने विषयैषिणाम् ।
> वार्द्धके मुनिवृत्तिनां योगेनान्ते तनुत्यजाम् ॥

એવા રઘુના આદર્શ વંશજોનો કાવ્યમય ઇતિહાસ મહાકવિ કાલિદાસ વર્ણવે છે. જીવનના સર્વ અનુભવો જાણીને અંતે યોગથી તેનો ત્યાગ કરવાનો આદર્શ તો સર્વે સંસ્કારી ભારતવાસીઓનો હતો. જીવનનાં સર્વ અંગોમાં સ્પષ્ટતા અને વિશદતા એ પ્રાચીન ભારતની સંસ્કારિતાનું વિશિષ્ટ અંગ છે. કામશાસ્ત્રના સંસ્કૃત ગ્રંથોમાં પણ જે નિર્દંભ સ્પષ્ટતા છે તે આનો જ્વલંત પુરાવો છે.

> धर्मार्थकाममोक्षाणां यस्यैकोऽपि न विद्यते ।
> अजागतीस्तन स्येव तस्य जन्म निरर्थकम् ॥

આ વાક્યથી મનુષ્ય જન્મની સફળતા માટે કોઇ એક પુરુષાર્થનું ગ્રહણ કરવું-જ્ઞાન મેળવવું જ જોઇએ એવો ઉપદેશ સાર છે.

કામ એ પણ એક પુરુષાર્થ છે, અને આપણા પરંપરાગત આદર્શ અનુસાર ચરમ પુરુષાર્થ મોક્ષની પ્રાપ્તિના પ્રયત્નમાં તેનું ચોક્કસ સ્થાન છે, તો તેનું યથાર્થ નિરૂપણ કરવામાં સંકોચ શા માટે એ પ્રકારની માન્યતા પ્રાચીનોની હતી.

આ 'કામ' એટલે શું? તે સમજવું જોઇએ. 'કામ' અર્થના સંદર્ભમાં જોઇએ તો તેનો સામાન્ય અર્થ 'ઇચ્છા' એવો કરવામાં આવે છે. ધર્મ દ્વારા નિયમ પાલન પૂર્વક અર્થ દ્વારા સાધન સંપન્ન થઇ જગતની નિવૃત્તિની ઇચ્છા ન કરતાં જગતમાં રહી જે પ્રવૃત્તિની સ્વાભાવિક ઇચ્છા થાય તેનું નામ કામ.

જગતની આ જે કંઇ પ્રવૃત્તિ છે તેમાં આપણને કેવળ સ્ત્રી-પુરુષના રતિજન્ય સુખભુક્તિની પ્રવૃત્તિનો બોધ થાય છે. અને કામ તરીકેના પુરુષાર્થથી આપણને તે વસ્તુની સ્મૃતિ થઇ આવે છે. આ આપણી ગેરસમજૂતી છે કે વાસ્તવિકતા છે. તેની ચર્ચા વિદ્વાનો ઉપર છોડી દેવી જોઇએ. અહીં તો જેને કેટલાક બ્રહ્માનંદ જેવા જ્ઞાનસાધ્ય વિરલ મનુષ્યોને જ પ્રાપ્ત થઇ શકે તેવા પરમ પદાર્થને સમજાવતાં તેના જ્ઞાતાઓએ જેની સાથે સરખામણી કરી છે તે રતિજન્ય આનંદને 'કામ' નામના પુરુષાર્થની સંપૂર્ણ સિદ્ધિ માની તજ્જન્ય જ્ઞાનને-શાસ્ત્રને 'કામશાસ્ત્ર' તરીકે દર્શાવવાનું છે.

સામાન્યતયા આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ સૂક્ષ્માતિ સૂક્ષ્મ કીટાદિથી લઇ મનુષ્યપર્યંત સ્વભાવજન્ય જ છે. એટલે તેની પ્રવૃત્તિ, ક્રિયાનું સ્વરૂપ બધું જ સ્વભાવગમ્ય છે. તેને માટે વિશેષ ઉપદેશની જરૂર રહેતી નથી, છતાં રસજ્ઞ વિદ્વાનોને તેમાંય નિયમન કરવું ઠીક લાગ્યું. અને તેને શાસ્ત્ર સ્વરૂપ આપી દીધું. તેની સંવેદના, સુખાનુભવ, રસજ્ઞતા વિકસાવ્યાં, અને તેનો રુચિપૂર્ણ ઉપયોગ કરવાને બાહ્યાભ્યન્તર ઉપચારો યોજ્યા, આથી કામશાસ્ત્રના ગ્રંથોની રચનાનો પાયો નંખાયો.

જેમ મંત્ર તંત્રના અનેક ગ્રંથો રચાયા, તેમ વૈદ્યક અને કામશાસ્ત્રના પણ અનેક ગ્રંથો રચવા લાગ્યા.જો કે કામશાસ્ત્રનો મહત્ત્વનો ભાગ આયુર્વેદના અંગભૂત છે. પરંતુ કામશાસ્ત્રને મૈથુનજન્ય, સુખાનુભવ, ક્રિયા, વિક્રિયાજન્ય અનિષ્ટોના ઉપચારોથી પૂર્ણ કરવામાં આવ્યું. એટલે શારીરિક ચિકિત્સામાંથી ગૃહ્યાંગોની ચિકિત્સા તેમજ રોગાદિ શાંતિ માટે ઔષધોચાર વગેરે માટે આયુર્વેદ કરતાં કામશાસ્ત્રીય ગ્રંથોમાં ઘણું શોધાયું અને સંગ્રહાયું.

વાત્સ્યાયન પૂર્વે થયેલા આચાર્યોનો સંબંધ છેક બ્રહ્મા સુધી લઇ જવામાં આવે છે. બ્રહ્માએ ધર્મ, અર્થ, કામ, મોક્ષ વિષયક શાસ્ત્ર રચ્યું. તેમાંથી લઇ મહાદેવજીનાં ગણ નંદીએ કામશાસ્ત્ર પૃથક રચ્યું તેના ઉપરથી ઉદ્દાલકના પુત્ર શ્વેતકેતુએ, પછી બાભ્રવ્યે અને ત્યારબાદ ચારાયણ, સુવર્ણનાભી, ઘોટકમુખ, ગોનર્દીપ, ગોણિકાપુત્ર અને કુચુમાર નામના આચાર્યોએ કામશાસ્ત્રના જુદાં જુદાં અંગો ઉપર શાસ્ત્ર બનાવ્યાં અને આ બધા ઉપરથી આચાર્ય વાત્સ્યાયને કામસૂત્રની રચના કરી. વાત્સ્યાયન પછી થયેલા ગ્રંથકારોમાં પંડિત કોકદેવની કામશાસ્ત્રના રચયિતા તરીકે ઘણી ખ્યાતિ છે અને તેની લોકપ્રિયતાને લઇને તેનો 'રતિરહસ્ય' નામનો ગ્રંથ કોકશાસ્ત્ર નામથી ઘણો પ્રસિદ્ધ થયો. કોકદેવ પછી કવિ શેખર શ્રી જ્યોતિરીશનો 'પંચસાયક', કલ્યાણમલ્લનો-'અનંગરંગ', કવિ જયદેવની 'રતિમંજરી', શ્રી પ્રૌઢદેવનો, 'રતિરત્ન પ્રદીપિકા' દામોદર ગુપ્તનો', 'કટ્ટની મત,' મહારાજ શ્રી વીરભદ્રદેવની 'કંદર્પચૂડામણિ' વગેરે ગ્રંથો રચાયા છે.

કામશાસ્ત્રના રચનારા આચાર્યો કહે છે કે કામશાસ્ત્ર એ ધર્મશાસ્ત્રનું અંગ છે અને બળવાન પ્રજા ઉત્પન્ન કરવા માટે , સંસારની પવિત્રતા જાળવવા માટે તેની રચના કરવામાં આવી છે.

કામકથા જનસ્વભાવને જેટલી રૂચિકર થાય છે, તેટલી બીજી કોઇ હકીકતનું આકર્ષણ નથી રહેતું. આ નિતાન્ત ગોપનીય ગણાતા વિષયની ચર્ચા કરતાં કેટલાક શિષ્ટતાનો ડોળ કરનારા ભલે ભવાં ચઢાવે. પરંતુ જો તેમને આવાંપુસ્તકો વાંચવા મળે તો બધું ભૂલી જઇ તેમાં જ તલ્લીન બની જાય છે. આવું અજબ કામશાસ્ત્રીય વિષયનું આકર્ષણ છે.

ધર્મશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, જાતીય વિજ્ઞાન, કામશાસ્ત્ર વગેરેનો મૂળ ઉદ્દેશ ધર્મ અને સદાચારને કેન્દ્રમાં રાખીને જાતીય જ્ઞાનનું શિક્ષણ આપવાનો તથા સ્ત્રી-પુરુષોને એ જ્ઞાનથી મહિતગાર કરવાનો, તેમને રતિજન્ય સુખની પ્રાપ્તિ કરાવવાનો અને યોગ્યાયોગ્યનો નિર્ણય કરાવવાનો હોવો જોઇએ.

પરંતુ આજે આ હેતુને લગભગ વીસરી જઇને, સ્ત્રી-પુરૂષોની કામ-વૃત્તિને ઉશ્કેરનારાં, તેમને અવળે માર્ગે દોરનારાં તેમજ તેમને ભડકાવનારાં લખાણો લખાઇ પ્રકટ થતાં પુસ્તકોમાં આ શાસ્ત્રનો દુરૂપયોગ કરવામાં આવે છે જે અત્યંત શોચનીય છે અને આથી જ આજે કામશાસ્ત્ર-કોકશાસ્ત્ર-રતિશાસ્ત્ર વગેરે ગ્રંથોથી શિક્ષિત સમુદાયમાં એક પ્રકારની ભડક પ્રવેશની જોવામાં આવે છે.

આવા સંજોગોમાં કામશાસ્ત્રના શિક્ષણની આવશ્યકતા તરફ દૃષ્ટિ કરીએ તો જણાશે કે, જે પ્રકારે આરોગ્ય માટે આરોગ્યવિજ્ઞાન, સ્વાસ્થ્યવિજ્ઞાન, વૈદકશાસ્ત્ર આવશ્યક છે, જે પ્રકારે ધર્મ માર્ગ જાણવા માટે ધર્મશાસ્ત્રના અધ્યયનની જરૂર છે, જે પ્રકારે આત્મતત્ત્વ વિભૂતિઓને શોધવા માટે યોગશાસ્ત્રની જરૂર છે એ જ પ્રકારે કામ માર્ગમાં વાસ્તવિક સુખ પ્રાપ્ત કરવા માટે કામશાસ્ત્ર કે રતિશાસ્ત્રની આવશ્યકતા રહેલી છે.

આમ ભારતીય સંસ્કૃતિમાં આરોગ્ય જાગૃતિ માટે ચતુર્થ પુરુષની ભાવના-વિભાવના દ્વારા લોકમાનસની ઉદ્દામવાદી વૃત્તિને સારા-સાચા માર્ગે વાળવાનો પ્રયત્ન થયેલો જોવા મળે છે. આજે વૈદકને 'વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન' વિશ્વરૂપ બનાવવા રહી ગયેલી બધી બાબતોનો પાયામાં ઉમેરવી પડશે અને જ્યારે આ પાયો આવી રીતે મજબૂત અને સંપૂર્ણ બનશે ત્યારે સમગ્ર વિશ્વમાં મનુષ્યને જ નહિ પણ સર્વે આયુવાળા ચૈતન્ય જીવોને શાંતિ અને આરોગ્ય સુખ મળશે.

યુરોપીય પુનરુત્થાનમાં જે કાર્યે મહત્ત્વનો ભાગ ભજવ્યો તેને આપણે અનુસરી આયુર્વેદનાં સર્વ આરોગ્યલક્ષી અંગોને વિકસિત બનાવવા, સાહિત્ય સર્જન કરવા કટિબદ્ધ થઇએ.

(નિયામક, ભો.જે. વિદ્યાભવન, એચ.કે.આર્ટ્સ સંકુલ, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯ મો: ૯૮૨૫૧૧૪૪૧૭)

॥ અભ્યાસ ॥

## જૂનાકાળે રાજવીઓ અને પાટીદારો

જોરાવરસિંહ જાદવ

ભારત ગામડાંનો બનેલો દેશ કહેવાય છે. જગતભરમાં ક્યાંય જેનો જોટો ન જડે એવી ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની ભાતીગળ ગ્રામ સંસ્કૃતિ છે. ઠેરઠેર રખડી રઝળીને ગામડાંની ધરતી ખૂંદીને હોંશિયાર-અનુભવી બનેલા માણસ માટે કહેવાય છે કે ''એણે ગામેગામના ભૈ પાણી પીધાં છે.'' ગામ શબ્દ સંસ્કૃત 'ગ્રામ' ઉપરથી ઉતરી આવ્યો છે. ભગવદ્‌ગોમંડલ નોંધે છે કે શહેર અથવા નગરથી નાનું ગામડું, જ્યાં કેટલાક ઘર અને થોડીક વસતી હોય એવું ઠેકાણું. જ્યાં ઘણા થોડા ઘર અને થોડા માણસની વસતી હોય તે ગામડું, જ્યાં કેટલાંક ઘર અને થોડીક વસતી હોય એવું ઠેકાણુ. જ્યાં ઘણાં થોડાં ઘર અને થોડા માણસની વસતી હોય તે ગામડું કહેવાય છે. ગામને વખતે 'કસબો' પણ કહેવાય છે. ગામડામાં તો થોડાં ઘર અને ફળિયાં હોય છે, પણ ગામ કે કસબામાં તો ઘણાં ઘર અને ફળિયાં હોય છે. ગામડાંની ઓળખ ડૉ. જગદીશ ત્રિવેદી કાવ્ય દ્વારા આ રીતે કરાવે છે.

ધૂળ ઢેફાં ને પાણાં હોય,<br>
ભીંતે ભીંતે છાણાં હોય<br>
ટાણાં એવાં ગાણાં હોય<br>
મળવા જેવાં માણહાં હોય<br>
ઊકરડા ને ઓટા હોય<br>
બળદના જોટા હોય<br>
પડકાર હાકોટા હોય<br>
માણસ મનના મોટા હોય<br>
માથે દેશી નળિયાં હોય<br>
વીઘા એકનાં ફળિયાં હોય<br>
બધાં હૈયાંબળિયાં હોય<br>
કાયમ મોજે દરિયા હોય<br>
સામૈયાં ફૂલેકાં હોય<br>
તાલ એવાં ઠેકાં હોય<br>
મોભને ભલે ટેકા હોય<br>
દિલના ડેકાડેકા હોય.

ગુજરાત-સૌરાષ્ટ્રમાં ગામડાં વસાવવામાં કણબી પ્રજાનો ફાળો સોથી મોટો હતો. 'પ્રભુની ફૂલવાડી'માં શંભુભાઈ ટીડાભાઈ પટેલે નોંધે છે કે જામરાવળજી (જામનગર) ના સમયમાં કાઠિયાવાડનો મુલક ઉજ્જડ હતો. નાનાં-નાનાં રાજ્યો વસતી ઓછી, ગીરમાં ગિરનારની આજુબાજુમાં આહિર, બરડામાં મેર, ઓખામાં વાઘેર, હાલારમાં ચારણ, કુંભાર, સંધી, પાંચાળમાં કોળી અને રાજપૂતો જેવી કોમો વસતી ને છૂટીછવાઈ ખેતી થતી. કાઠિયાવાડના દરબારો ગુજરાતના પાટીદારોની ખેતીથી જાણીતા હતા. મૂળ કણબી, પછીથી પાટીદાર તરીકે જાણીતી થયેલી આ પ્રજાએ ખેતીનો ધંધો સ્વીકાર્યો હતો. કૃષિકાર બનેલી પાટીદાર પ્રજા કૃષિકાર્યમાં અત્યંત કુશળ, પાટું મારીને પાતાળમાંથી પાણી કાઢનાર, કણમાંથી મણ ધનધાન્ય પેદા કરનાર, રાજા તરફ વફાદારી, ભક્તિભાવ દર્શાવનારી અને સંતોષી મનવાળી શાંત પ્રજા હતી. એણે પંદરમા સૈકામાં આપણે ત્યાં આવીને મહેનત કરી, ગુજરાત દેશને નવપલ્લવિત બગીચા જેવો ફળદ્રુપ બનાવ્યો. ચરોતરની જમીનો ખેડી, ગામડાં વસાવ્યાં અને સુખી થયા.

> **ગામ શબ્દ સંસ્કૃત 'ગ્રામ' ઉપરથી ઉતરી આવ્યો છે. ભગવદ્‌ગોમંડલ નોંધે છે કે શહેર અથવા નગરથી નાનું ગામડું, જ્યાં કેટલાંક ઘર અને થોડીક વસતી હોય એવું ઠેકાણું. જ્યાં ઘણાં થોડાં ઘર અને થોડા માણસની વસતી હોય તે ગામડું કહેવાય છે. ગામને વખતે 'કસબો' પણ કહે છે. કસબમાં તો ઘણાં ઘર અને ફળિયાં હોય છે.**

કાઠિયાવાડના દરબારો ગુજરાતના પાટીદારોની ખેતીથી જાણીતા હતા એટલે પોતાનાં ગામોને આબાદ કરવા પટેલોને 'પળત' પાલનપોષણ આપી પોતાના રાજ્યમાં વસાવવા માંડ્યા. આ બાબતમાં નામદાર જામરાવળે બહુ સારો પ્રયત્ન કરેલો. સંવત ૧૫૮૨ માં ભાદા ઠુમર અને પૂંજન ભંડેરીને કણબી ખેડૂતોના મોટા જથ્થા સાથે પોતાના રાજ્ય હાલારમાં ઉતાર્યા. પીપરભાદુકિયામાં એકી સાથે ૭૫૦ ઉચાળા ઉતાર્યા. ત્યાંથી ક્યાંક કણબી-પટેલો હાલારમાં રહ્યા અને બીજા ધોરાજી વગેરે ગામોમાં ગયા અને નવાં નવાં ગામોમાં તોરણ બાંધી કાઠિયાવાડનો મુલક આબાદ કરવા માંડ્યા.

ઈતિહાસનાં પાનાં ઉથલાવતાં જણાય છે કે ઈ.સ.૧૩૦૪ માં ગુજરાત ઉપર મુસ્લિમોનું રાજ્ય થયું. અલ્લાઉદીન ખીલજીથી માંડી ગુજરાતના સ્વતંત્ર સુલ્તાનોના શાસન દરમિયાનનાં સો વર્ષમાં ખેતીની સંપૂર્ણ

પાયમાલી થઈ હતી. લૂંટફાટો વધી જવા પામી હતી. આવા અસ્થિર અને અસલામત સમયમાં પણ લેઉવા અને કડવા પટેલો ખેતીમાં ટકી રહ્યા હતા પણ અસલામત ગામડાં ભાંગવા માંડયાં હતાં. રૈયત ગામ છોડીને સલામત જગાએ જવાથી ગામો ઉજ્જડ થવા માંડયાં હતાં. ઘણીવાર ભૂતપ્રેતના ભયથી, કોઈ સતી સ્ત્રીના શાપથી ગામો ભાંગીને ટીંબા થઈ જતાં. જયાં જમીન નબળી હોય, કુદરતી આફતો વારંવાર આવતી હોય, પાણીની પારાવાર તકલીફો હોય, દેશકાળ નબળો હોય ત્યારે લોકો સામૂહિક રીતે ગામ ખાલી કરીને બીજાં રાજયોમાં જઈ રાજાને કે દરબારને વિનંતી કરતાં કે બાપુ ! આબાદી આપો તો રે'વા આવીએ. રાજા આબાદી આપવાનું સ્વીકારે તો આ પ્રજા તોરણ બાંધીને નવું ગામ વસાવતી.

લોકજીવનના પ્રખર અભ્યાસી શ્રી મોહનભાઈ પાંચાણીએ એક મુલાકાતમાં માહિતી આપતાં કહ્યું કે રાજ આબાદી આપવાનું સ્વીકારે એટલે પડતર જમીન વગેરે ખેડી ખાવા આપે. પટેલ આગેવાનો ઘોડેસવાર થઈને જમીન જોઈ આવે. જયાં ફળદ્રુપ બને એવી જમીન હોય, ઘાસ-ચારા અને પાણીની પૂરતી વ્યવસ્થા મળે એમ હોય, ચોરી અને લૂંટફાટ ઓછી હોય. આવું સલામત સ્થળ પસંદ કરીને ગામ વસાવવા માટે રાજાની રજા માગે.

પસંદ કરેલી ટીંબાની જમીન જયોતિષીને બતાવીને કોઈ બાધ નથી ને એ જાણી લે. પછી પસંદ કરેલા ટીંબે કડવી તુંબડી અને કડવી કોઠીબડીનાં બી વાવી દે. એના વેલા ફૂલેફાલે તો જાણે કે જમીન જોરાળી છે. વસવામાં વાંધો નથી. પછી નકકી કરેલા શુભ મુહૂર્તે રાજા આબાદી દેવા પટેલના મોવડીને બોલાવે. રોજગારે બ્રાહ્મણ આબાદી લેનારના કપાળે કુમકુમનો ચાંલ્લો કરી અક્ષત ચોડે. એ વ્યકિત માથેથી પાઘડી ઉતારી હાથમાં લઈને રાજાને પગે લાગે. રાજા એક હાથ તલવારની મૂઠ માથે મૂકી બીજો હાથ ઊંચો કરીને કહે કે, જાવ, તમને આબાદી આપું છું. સૌ સુખી થાઓ.

એ પછી નિયત દિવસે ગામનું તોરણ બાંધવાનું નક્કી થાય. ઢોલ, શરણાઈ સાથે વાજતે-ગાજતે રાજા, કારભારી, રોજગાર, નગરશેઠ અને નગરજનો ગામ બાંધવાની જગ્યાએ જાય. ત્યાં બે થાંભલા ખોડી રાજાના હાથે સાત, નવ કે અગિયાર નાળિયેરનું તોરણ બાંધે. ગામનું નામાભિધાન થાય. દોતકલમ લઈને આવેલા મહેતાજી રાજના ચોપડે ગામની નોંધ કરે. આજની તારીખ સાલ, સંવત, વાર લખીને રાજાએ તોરણવિધિ કરી આ ગામ આપ્યું છે, બહેનો મંગળ ગીતો ગાય. પછી ઢોલીને મગ-ચોખાથી વધાવીને નાળિયેરનું આપ્યાણું આપે. બાજોઠ ઉપર લીલું લૂગડું પાથરી ગણપતિની સ્થાપના કરે. મંગળ ગીતો ગાતી ગાતી મંગાળા પર મગ-ચોખા રાંધીને પછી લાપસી બનાવે. ગણપતિ અને કુળદેવતાને ધરાવે ને સૌ જમે, માટીનો ઓટો બનાવી સિંદૂરે રંગીને હનુમાનજીનું સ્થાપન બ્રાહ્મણ કરાવે.

એ પછી વસવાટ કરનારને રાવટીઓ ફાળવવામાં આવે. મોજણીદાર જમીન માપીને આપી જાય. રાજ તરફથી કૂવો ગળાવીને ઢોર માટે પિયાવો-અવેડો બંધાવી આપે. અવેડિયો-અવેડો ભરનાર નકકી કરી એને જમીન આપવામાં આવે. ગામમાં વસવાટ શરૂ થાય એ પહેલાં પુરુષો ગાડું, ગોદડાં અને કાથીનો ખાટલો જેવી જરૂરિયાતની વસ્તુઓ લઈને ત્યાં જાય. ટીંબો ન બંધાય ત્યાં સુધી ઘરખટલા-કુટુંબને ત્યાં ન લાવે. મોટેભાગે ગામ નદીની આસપાસ વસાવે. નદી હોય તો વીરડા ગાળે. રહેઠાણ બાંધતા પૂર્વે જમીન ફરતી કાંટાની વાડ કરે. આજુબાજુના આવળ, બાવળ ને બોરડીનાં ઝાળાં-ઝંખરાં, ઝાડી સાફ કરે. કાચા ત્રાટિયાનાં છાપરાં ઊભાં કરે. પછી ધીમે ધીમે માટીનાં ખોરડા ચણે. રાજ તરફથી વસવાટી પ્રજાને ગાય-ભેંસનાં દુઝણાં પૂરાં પાડવામાં આવે. ખાવટી માટે જુવાર બાજરીનો દાણો દૂણી આપવામાં આવે. ચોકિયાતો અને પસાયતા અપાય. પછી કુટુંબો સાથે રહેવાનું શરૂ થાય. પડતર જમીન ખેડીને ખેતીવાડી શરૂ થાય. એ પછી ગામના સુથાર,વાળંદ, મોચી, દરજી, કુંભાર, ઓડ, ઘાંચી, વણકર, ઢોલી, ગોરમહારાજ ઈત્યાદિને લાવીને વસાવવામાં આવતાં. ગામ બાંધતાં પહેલાં ગામના રક્ષકદેવો હનુમાનજી, ચરમાળિયા (નાગદેવ) શિવ-પાર્વતી, રામજીમંદિર અને ઠાકર દૂવારો, પીરપીરાણા ને કુળદેવીનું સ્થાપન કરવામાં આવતું. ગામમાં લાવીને વસાવેલા સુથાર, લુહાર, વાળંદ,કુંભાર વગેરે વસવાયાઓને રોકડ રકમ નહીં, પણ બાર મહિને બાંધેલી આવત અપાતી. આવતમાં માણાંનાં માપ હતાં. (એ કાળે અઢાર શેરનું માણું હતું) વાળંદને દાઢી દીઠ, સુથાર લુહારને સાંતી દીઠ, ચામડાના કોસ સાંધનાર મેઘવાળોને માણાંનાં જુદાં માપ આવતમાં અપાતાં. ગોવાળ અને વાળંદને શિરામણી અને વાળુના રોટલા અપાતા. ચોરાના ઠાકરદુવારાના પૂજારીને રામરોટીમાં રોજ રોટલા ને શાક અપાતું. બારોટ બ્રાહ્મણોને ખેડૂતો દૂધના કળશ્યા ને ઘીના

વાટકા ભરી આપતા. અનાજ પાકે એટલે દાણોદુણી પણ દેતા.

જૂના જમાનામાં પાછા જઈને તો મહંમદ બેગડાના રાજયામલની શરૂઆત વખતે ખેડા જિલ્લાના દેવાતજ ગામમાં, વીરાભાઈ પટેલ પછી ૧૨ પેઢીઓ પસાર થઈ ગઈ. તેરમી પેઢીએ જેસંગભાઈ પટેલ ઈ.સ.૧૪૬૨માં જન્મેલા. એ વખતે મહંમદ બેગડાએ ખેતીની સુધારણા માટે સારા સારા ખંતીલા ખેડૂતો પસંદ કરીને એમને એક એક ઉજજડ ગામનો ટીંબો કે ભાંગતા ગામનો કબજો સોંપવા માંડયો. એ વખતે આ નીતિનો લાભ લઈ જેસંગભાઈ પટેલ દેવાતજ પાસેના સોજિત્રા ગામનો કબજો લીધો. આ રીતે ખેડા જિલ્લામાં અનેક પાટીદારોએ એક એક ગામનો કબજો મેળવ્યો. ત્યારથી કણબી-પટેલો ખરેખર પાટીદાર બન્યા. પત્તી-પાંતી એટલે જમીનનો એક ભાગ. ખેડૂત જમીનના ભાગનો ખરેખર માલિક બન્યો ત્યારથી એ પ્રજા પાટીદાર તરીકે ઓળખાવા માંડી. એ પહેલાં ભારતભરમાં પ્રચલિત શબ્દ 'કુટુંબિન' હતો. ગુજરાતમાં તેનું અપભ્રંશ કણબી થયું. મહંમદ બેગડાના વખતથી તેઓ ખેડૂત મટીને કણબીમાંથી પાટીદાર થયા, એમ 'ગુજરાતના પાટીદારો'માં ડૉ.ભાઈલાલભાઈ પટેલ (ભાઈકાકા)નોંધે છે.

એ કાળે પાટીદારોને એવી શરતે ગામ અપાતું કે જેને એ ગામ મળ્યું હોય તેણે ખેતીને આબાદ કરવી, ગામમાં એવો બંદોબસ્ત ગોઠવવો કે ચોરી થાય નહીં કે વગડે વેપારી લૂંટાય નહીં. ચોરી થાય તો ગામ લેનાર પટેલે ચોરોને શોધી કાઢી મૂળ માલ શોધીને પરત કરવો પડતો...... આવી કામગીરીના બદલામાં પટેલોને ગામઠાણ તથા સીમતળ બંને માલિકી હક્કે મળતું. ગામની ખેડાણ લાયક જમીન અને ખરાબા આ બધાની માલિકી પટેલની રહેતી. ગામના દિવાની અને ફોજદારી હક્કો પણ પટેલ પાસે રહેતા.

ખેડવા આપેલી સરકારી જમીનનો હિસાબ રાખવા પટેલો મહેતાજી રાખતા. આ મહેતાજી, વરતણિયા અને પગીના પગાર પટેલ ચૂકવતા. ગામમાં સંત-સાધુ ફકીર આવે તેમના નિભાવ માટે સદાવ્રતની જમીન જુદી કાઢેલી હતી. કૂતરા માટે અને પરબડી-ચબૂતરા માટે ધર્માદાની જમીન અલગ રહેતી હતી. ગામમાં ગોર, વૈદ્ય, જોષી, ભાટ, બ્રાહ્મણોને પસાયતા કાઢી આપેલા હતા. મનોરંજન માટે ગામમાં આવતા નટ, ભવાયા, રામલીલા વગેરે લોકોના ખર્ચની વ્યવસ્થા ચોરેથી કરવામાં આવતી.

જૂનાકાળે સૌરાષ્ટ્રમાં પટેલોએ ગામો વસાવ્યાની યાદી ઘણી લાંબી છે. સને ૧૯૨૫ માં પ્રગટ થયેલ 'પ્રભુની ફૂલવાડી'માં શંભુભાઈ પટેલ લખે છે કે જૂના કાળે અમરેલી પ્રાંત સાવ ઉજજડ હતો એ સમયે વાંકિયા ને અલાળા બે ગામ વસ્યાં હતાં. દેવરાજિયામાં કાઠીનું એક અને દેવીપૂજક (વાઘરી)નાં બે ઘર હતાં. બાકી બધો મુલક ઉજજડ હતો. અમરેલી જિલ્લાના સાજિયાળ દરનો ટીંબો વિઠ્ઠલરાવ સુબા પાસેથી ઉપલેટાના ગોવા સાવલિયાએ મેળવ્યો. સુબાએ ખુશ થઈ આબાદી ગોવા પટેલને સોંપી. એને પહેરામણી આપી ચાર ઘોડેસવાર મોકલી ગામનું તારેણ બાંધ્યું. ફતેપુરમાં તોરણ સંત શ્રી ભોજા ભગતે બંધાવ્યું. ધારીનું તોરણ નબા સવદાસ રૂડાણીએ બંધાવ્યું. પાડરશીગામાં દુદા જાગાણીએ, ઈંગોરાળામાં કુરજી પટેલે, ચિત્તલમાં નથુ દેસાઈએ, અમરેલીમાં રામજી વિરડિયાએ, કુતાણામાં નારણ હીરપરાએ, પીઠવાજાળમાં રૈયા દેસાઈએ, સીમરણમાં રામજી દોડવડિયાએ, જાંત્રુડામાં મૂળજી છોડવડિયાએ, પાંચતલાવડમાં કરમશી બાબરિયાએ, નેસડીમાં મૂળજી કાનાણીએ, જૂના સાવરમાં રામ કાનાણીએ, તોરીમાં રણછોડ કાનાણીએ, મોટી કુંકાવાવમાં લીંબા દેવાણીએ, કેરાળામાં જેરામ જોગાણીએ, પીઠપડીમાં રામજી સુવાગિયાએ, મોટા કેરાળામાં જાગા વિરડિયાએ, ખાટીમાં માંડા રાખોલિયાએ, વાંકિયામાં નારણ અકબરીએ, ડેરી પીપરિયામાં જેરામ માળવિયાએ ગામો વસાવ્યાં હતાં. અમરેલી જિલ્લામાં ૧૮મા સૈકામાં વીરાવાળાએ શેડુભારનો ટીંબો રાણા ગજેરાને બોલાવીને ગામનું તોરણ બંધાવ્યું. ગામના વહીવટદારે પટેલો ગ્રામપ્રજાની તકલીફોમાં સાથે ઊભા રહેતા. સાજિયાવદર ગામનું તોરણ બાંધનાર ગોવા પટેલના દીકરા નારણ સાવલિયાને પટલાઈ વારસામાં મળેલી. સને ૧૮૯૫માં દુષ્કાળ પડયો. એ વર્ષમાં એમની પાસે ૩૮ હજારને આઠસો મણ જુવાર સિલકમાં હતી. દુષ્કાળના વરસમાં જુવાર લોકોને આપી પરોપકાર અર્થે પ્રજાને જીવતદાન આપીને તેમણે ફરજ નિભાવી હતી.

('ગુજરાત સમાચાર'માંથી સાભાર)

(સજ્જન સ્મૃતિ, પ્રૉફેસર કૉલોની, વિજય ચાર રસ્તા પાસે, અમદાવાદ, ૩૮૦૦૦૯ મો:૯૮૨૪૦૨૮૩૨૬)

॥ સંશોધન ॥

## સરદાર પટેલનું પ્રત્યક્ષીકરણ (Perception)

**બી.એન. ગાંધી**

I

વી.શંકર યથાર્થ કહે છે, " We as a nation have sung more about mythical Gods and heroes than our own real ones..... lacking historical sense and perspective, (we) have seldom done so in the light of their achievements or in the context of the contribution which they have made to national built-up or national well-being."[1]

" આપણે રાષ્ટ્ર તરીકે કાલ્પનિક દેવતાઓ અને વીરોના, આપણા પોતાના સાચા વીરોના બદલે વધુ ગુણગાન કર્યા છે.... ઐતિહાસિક સમજ અને પરિપ્રેક્ષ્યની ઉણપના કારણે, આપણે એમનું(સાચા વીરોનું) મૂલ્યાંકન એમની સફળતાઓ કે રાષ્ટ્ર-નિર્માણમાં કે રાષ્ટ્રના કલ્યાણમાં કરેલ પ્રદાનના સંદર્ભમાં ભાગ્યે જ કર્યું છે."

સામાજિક સમસ્યાઓ અને પરિસ્થિતિઓ તેમજ લોકોની લાગણીઓ અને વલણોને સાચા પરિપ્રેક્ષ્યમાં પારખવાની ક્ષમતા ધરાવતા હોવાના કારણે બારડોલીના વીર, શિસ્તપાલનના દૃઢ આગ્રહી, દીર્ઘદૃષ્ટા, રાષ્ટ્રવાદી, ભારતની એકતા અને અખંડિતતાના શિલ્પી તેમજ 'ભારતના લોખંડી પુરુષ' તરીકે પ્રતિષ્ઠિત થનાર, સરદાર વલ્લભભાઈ પટેલે આધુનિક ભારતના નિર્માણમાં ખૂબ જ નોંધપાત્ર પ્રદાન કર્યું છે. આવા 'સરદાર'નું મૂલ્યાંકન કરવાની બાબત એ એમની પ્રતિભાનું સાચા પરિપ્રેક્ષ્યમાં મૂલ્યાંકન કરવાની સમસ્યા છે. એમના જીવનકાળ દરમિયાન અને નિધન બાદ એમના ટીકાકારો અને ઈતિહાસકારોમાં ચાલુ રહેલ વિવાદનું પુનઃમૂલ્યાંકન, એમના સમયમાં પ્રવર્તમાન પરિસ્થિતિઓ અને વાતાવરણ તેમજ રાષ્ટ્રમાં એકતા અને અખંડિતતા જાળવી રાખવાના અને રાષ્ટ્રમાંથી તમામ પ્રકારના સામાજિક દૂષણો, ભેદભાવો અને અન્યાયને નાબૂદ કરવાના એમના પ્રયાસો અને દૃઢ નિર્ધારના સંદર્ભમાં કરવું જોઈએ.

II

સરદારનો જન્મ એ વેળાના ખેડા જિલ્લાના આર્થિક દૃષ્ટિએ સધ્ધર ન કહી શકાય એવા એક સામાન્ય ખેડૂત પાટીદાર પરિવારમાં થયો હતો.મેટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ, સરદારને નડિયાદમાં મુકાદમની નોકરીની ઓફર થઈ હતી, જે સ્વીકારી ન હતી. તેમની મહત્ત્વાકાંક્ષા વકીલ બનવાની હતી કેમ કે એમને એ પ્રતીતિ થઈ હતી કે ઈંગ્લેન્ડમાંથી બેરિસ્ટર થઈને આવનારને કીર્તિ અને ધન સરળતાથી પ્રાપ્ત થતાં હતાં.

સામાન્ય સ્તરના પરિવારમાં જન્મેલ વ્યકિત જો સફળતા મેળવવાનો દૃઢ નિર્ધાર ધરાવતી હોય તો તે સમાજમાં ઉપલા સ્તરને હાંસલ કરવા સહેલાઈથી પ્રવેશ મેળવી શકાય એવા વ્યવસાયોના બદલે પડકારરૂપ વ્યવસાયો પ્રત્યે આકર્ષિત થઈ શકે છે.

" Attracted to challenging occupations rather than those that are easy to enter, an achievement oriented person born into a family having low status might strive for up-ward social mobility."[2]

પોતાના પરિવારની નબળી આર્થિક સ્થિતિના કારણે વલ્લભભાઈ એલ.એલ. બી. ના અભ્યાસ માટે જઈ શક્યા ન હતા. માંગી લાવેલ કાયદાનાં પુસ્તકોનું સ્વતઃ અધ્યયન કરી તેમણે 'જિલ્લા વકીલ' ની પરીક્ષા પસાર કરી, થોડાં વર્ષો વકીલાત કરી હતી, અને એ પછી વધુ અભ્યાસ માટે ઈંગ્લેન્ડ ગયા. ત્યાંની બેરિસ્ટરની પરીક્ષા પાસ કરી, સ્વદેશ આવી અમદાવાદમાં વકીલાત શરૂ કરી. જી.વી.માવળંકરના મતાનુસાર, નિર્ભયતા અને આખાબોલાપણનો વિશિષ્ટ ગુણ ધરાવતા સરદારની કેસ ચલાવવાની પદ્ધતિમાં તથ્યો પરની પકડ અને સામા પક્ષના કેસનો સાચો અને યોગ્ય અંદાજ હંમેશાં સ્પષ્ટ દેખાઈ આવતા. તે પોતાના કેસના બચાવ માટેની તેમજ સામા પક્ષના પ્રતિકાર માટેની દલીલો ખૂબ જ ચીવટથી તૈયાર કરતા હતા.[3]

ચંપારણમાં ગાંધીજીને મળેલ સફળતાના સમાચારે વલ્લભભાઈને એમના જીવનનો અતિમહત્ત્વપૂર્ણ નિર્ણય લેવા પ્રેર્યા હતા. તેમને લાગ્યું કે આ એક વ્યકિત (ગાંધીજી) હતી કે જેને લોકોનો પ્રબળ અને પ્રચંડ આવકાર મળશે. આવા લોકપ્રિય નેતા સાથે પોતાની ભવિષ્યની કારકિર્દી સાંકળવાથી પોતાના જીવનનું ધ્યેય સિદ્ધ કરવાની તક પ્રાપ્ત થશે એવું પ્રતીત થતાં સરદારે રાષ્ટ્રની સેવા માટે, પોતાની ધીકતી વકીલાતને તિલાંજલિ આપી, ગાંધીજી અને એમના આદર્શોના ઉત્સાહી અનુયાયી બનવાનું પસંદ કર્યું હતું. મજાકમાં તે કહેતા, 'એમણે પોતાના મગજ (બુદ્ધિ) ને તાળું મારી, એની ચાવી ગાંધીજીને આપી દીધેલ

છે.'[૪] પાંચમી રાજકીય પરિષદમાં (૧૯૨૯, મોરબી) આપેલ પ્રવચનમાં સરદારે કહ્યું હતું, 'મને ઘણા ગાંધીજીનો આંધળો ભક્ત કહે છે....... સમજયા વિના એક હાથની પોતડી પહેરીને ફરનાર પાછળ ગાંડો થઈને ફરું એવો હું નથી. મારી પાસે ઘણાને ઠગીને, ધનવાન થાઉં એવો ધંધો હતો પણ તે છોડયો..... એઓ હિંદુસ્તાનમાં આવેલા ત્યારથી જ એમની સાથે છું અને આ ભવમાં એમની સાથેનો સંબંધ છૂટે એમ નથી.'[૫] વી.શંકરના મતે, 'he still owed everything to Gandhiji's inspiration and teachings and had such implicit trust in him as to have earned the distription of his 'blind follower.' He gave him that obelience to the point of not even questioning his decisios, even if he did not agree with him.'[૬]

વસ્તુ સ્થિતિને સાચા પરિપ્રેક્ષ્યમાં જોવાની સરદારની ક્ષમતા, એમની શાંત પ્રકૃતિ, દૃઢ નિશ્ચય, દીર્ઘદૃષ્ટિ, કોઠાસૂઝ અને લોકમાનસની સમજ, એમની સ્વાધીનતા આંદોલનના નેતા તરીકેની અને સ્વતંત્ર ભારતના ઉપ-પ્રધાનમંત્રી-ગૃહ પ્રધાન તરીકેની જાહેર વૈવિધ્યપૂર્ણ કારકિર્દીમાં પડકારોનો પ્રતિકાર કરવામાં તેમજ નિર્ભયતાપૂર્વક પોતાનાં મંતવ્યો વ્યકત કરવામાં સારા એવા પ્રમાણમાં સહાયક સિદ્ધ થયાં હતાં.

વી.શંકરના મતે, " Sardar though lacking a thorough knowledge of history, still had a deep perspective of it."[9]

આ લેખમાં ફકત સામાજિક દૂષણો, કોમવાદ અને દેશના વિભાજન પ્રત્યેના સરદારના પ્રત્યક્ષીકરણ અને વલણ- અભિગમની ચર્ચા કરવામાં આવી છે.

## III

સરદારનો જન્મ કરમસદના એક પાટીદાર ખેડૂતના પરિવારમાં થયો હતો અને એમનું આખું વ્યકિતત્વ એક ભારતીય ખેડૂતને અનુરૂપ હતું. તેમણે ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની મુશ્કેલીઓ તથા સમાજમાં પ્રવર્તતાં દૂષણો જોયાં હતાં. એમને પ્રતીતિ થઈ હતી કે ખેડૂતોની આર્થિક બેહાલી માટે દહેજપ્રથા(પૈઠણ), દારૂ પીવાની ટેવ, સામાજિક રીતરિવાજો તેમજ પૂરક આવક માટેનાં સાધનોનો અભાવ જવાબદાર હતાં. તેમણે કુટુંબમાં સ્ત્રીની દયનીય દશા પણ જોઈ હતી.

સરદારનું કુટુંબ છ ગામના ગોળથી સંબંધિત હતું. આ ગોળના (વસો, ધર્મજ, ભાદરણ, નડિયાદ, કરમસદ અને સોજિત્રા) પાટીદારોની પ્રવર્તમાન પરંપરા મુજબ લગ્ન સંબંધો ગોળના પાટીદારો વચ્ચે થતા હતા. સરદારના પિતા ઝવેરભાઈએ મોભાના બદલે પૈઠણને પસંદગી આપી, સરદારનું લગ્ન ગોળની બહાર ગાનાની કન્યા ઝવેરબા સાથે કર્યું હતું. છ ગામ ગોળના કરમસદ સાથે સંબંધ બાંધવા તેણીના પિતા નાણાં ખર્ચવા તૈયાર હતા.[૮]

"સામાન્યતઃ સામાજિક રીતે જવાબદાર વ્યકિતઓ પોતાના સમાજના પરંપરાગત આદર્શો અને રીતરિવાજોને જાળવી રાખે છે, અને એ સમાજમાં સક્રિય રીતે ભાગ લે છે."

" Normally socially repsponsible people maintain the traditional ideals-customs of their segement of society and are active participents in that society."[9]

સરદારે જોયું હતું કે દહેજ, જમણવાર અને સામાજિક પ્રસંગો- ઉત્સવોએ અસંખ્ય ખેડૂતોને બરબાદ કર્યા હતા. એમણે પોતાના પુત્ર ડાહ્યાભાઈ માટે ગોળ બહારના વીરસદની કન્યા પસંદ કરી, એ લગ્ન કોઈપણ પ્રકારના દહેજ વગર સાદાઈથી ગાંધી આશ્રમમાં સંપન્ન કરવામાં આવ્યું હતું. બારડોલી તાલુકાના વરાડમાં આપેલ ભાષણમાં (તા.૧૪-૧૧-૧૯૨૮), સરદારે લોકોને બાળબાળિકાઓને નાની વયે પરણાવવાની સાફ ના પાડી, અને કહ્યું કે "મારા દીકરાને વીસ વર્ષની ઉંમરે મેં અગિયાર રૂપિયાનો ખર્ચ કરી પરણાવ્યો, અને મારી દીકરી (મણિબહેન) ૨૪ વર્ષની થઈ તોપણ હજી મેં કુંવારી રાખી છે.'[૧૦]

સરદારે અનેક નવયુવાન પરણિત સ્ત્રીઓનાં નિધન જોયાં હતાં. એમની પત્નીનું ૨૯ વર્ષની વયે અવસાન થયું હતું. સરદારના ભાઈઓ જયારે એમની ત્રીસીમાં હતા ત્યારે એમની પત્નીઓ સુધ્ધાં યુવાન વયે મૃત્યુ પામી હતી.[૧૧] કન્યાનું લગ્ન એ ૧૮ વર્ષની થાય ત્યારે જ કરવું જોઈએ એવી હિમાયત સરદાર કરતા હતા.

સ્ત્રીઓના ક્ષમતાવિકાસમાં પરદા પ્રથા અવરોધ બનતી હોવાથી સરદાર એ સામાજિક દૂષણ-રિવાજનો વિરોધ કરતા હતા. ચંપારણના ખેડૂતોને સંબોધતાં (ડિસેમ્બર ૧૯૨૯) સરદારે આકરા શબ્દોમાં કહયું હતું, "ગાંધીજી તમને આશીર્વાદ આપે છે પણ હું અહીં ભાંડવા આવ્યો છું ...... શું તમને તમારી સ્ત્રીઓને પરદામાં રાખવામાં શરમ નથી આવતી ? ........ તમે એમને પશુઓની જેમ રાખી છે અને એથી જ એમનાં બાળકો સુધ્ધાં ગુલામો

અને પશુઓ જેવાં બની ગયાં છે. મેં બારડોલીના લોકોને જણાવ્યું હતું કે જો તેઓ એમના સ્ત્રી વર્ગને મારી સાથે જાહેરમાં વાત કરવાની છૂટ નહિ આપે તો હું સત્યાગ્રહ શરૂ કરીશ નહિ. જાઓ અને તમારી સ્ત્રીઓને કહો ...... તેઓ જો પરદામાંથી બહાર નહિ આવે તો કશું જ સિદ્ધ કરી શકશે નહિ. જો મારું ચાલે તો હું તમામ સ્ત્રીઓને કહીશ કે તમારા જેવા કાયર અને નિર્માલ્ય વ્યકિતની પત્ની હોવાનું લાંછન લેવાના બદલે બહેતર છે કે તમારાથી છેડા ફાડી નાખે.'[૧૨]

IV

અનેક સ્થળોની મુલાકાતો દરમિયાન સરદારે અનુભવ્યું કે સમાજના ઉચ્ચ વર્ગો દ્વારા દલિતો સાથે ઉચિત વ્યવહાર કરવામાં આવતો ન હતો. દલિતોને સામાજિક દરજ્જો પ્રાપ્ત ન હતો. સરદારને લાગ્યું હતું કે આ દૂષણ સામાજિક અને રાજકીય એકતાને સાકાર કરવામાં અવરોધરૂપ સાબિત થશે.

સમજાવટની રીતો ત્યારે જ અસરકારક રહે છે જયારે (૧) તે ગ્રહણ કરવામાં અને સમજવામાં આવે, અને (૨) એ ગ્રહણ કરનારાઓ એના વાજબીપણાનો પ્રતિકાર કરવા અસમર્થ હોય. જે પરિબળો વ્યકિતને વિરોધ કરતાં રોકે છે, તે સમજાવટની રીતની અસરકારકતામાં વૃદ્ધિ કરે છે. [૧૩]

સરદાર જાણતા હતા કે લોકોને એમના વર્તનમાં અને એમની દૃષ્ટિમાં પરિવર્તન લાવવા પ્રેરિત કરવા માટે એ અત્યંત જરૂરી હતું કે તેઓને સરળ ભાષામાં સમજાવટથી તેમજ વ્યકિતગત વર્તન અને કાર્યથી પ્રભાવિત કરવામાં આવે. ૧૯૨૨ માં મળેલ કાઠિયાવાડ રાજકીય સંમેલન દરમિયાન સરદારે જોયું કે દલિતોની બેઠક વ્યવસ્થા એક અલગ બ્લોકમાં કરવામાં આવી હતી, અને એક સ્વયંસેવક તેઓને એ બ્લોકમાં જવાની અને અન્ય મુલાકાતીઓને ન અડકવાની સૂચના આપી રહ્યો હતો. સરદારનો તાત્કાલિક પ્રતિભાવ દલિતો માટેના એ અનામત બ્લોકમાં જઈ બેસી જવાનો હતો. સરદારે એ બ્લોકને પરિષદનું મુખ્ય કેન્દ્ર બનાવી ત્યાંથી જ પ્રવચન કર્યું હતું.[૧૪]

૩૦ માર્ચથી ૧ એપ્રિલ ૧૯૨૯ ના દિવસોએ મોરબી મુકામે મળેલ પાંચમી કાઠિયાવાડ રાજકીય પરિષદમાં સરદારે પ્રમુખીય ઉદ્‌બોધનમાં કહ્યું, "રાજયની જાહેર સ્કૂલોમાં અભ્યાસ કરવાનો, જાહેર કૂવાઓ અને તળાવોમાંથી પાણી ભરવાનો તેમજ સાર્વજનિક મકાનોમાં વિસામો લેવાનો દલિતોને અધિકાર આપવો જોઈએ. રાજય દરબારમાં તેમણે (દલિતો-અંત્યજો) અસ્પૃશ્ય ન ગણાય તેવો પ્રબંધ થવો જોઈએ."[૧૫]

સપ્ટેમ્બર ૧૯૩૨માં ગાંધીજીના ઉપવાસ દરમિયાન હિંદુઓના એક સંમેલને ઠરાવ કર્યો કે, "સ્વરાજય સંસદના પ્રથમ કાયદાઓમાંથી એક દલિતોને મંદિરમાં પ્રવેશ અધિકાર સહિત સામાજિક અને ધાર્મિક સમાનતાની ખાતરી આપવા અંગેનો હશે, અને સ્વરાજય પહેલાં જ સમાનતા લાવવામાં આવશે. આ ઠરાવના સંદર્ભમાં રંગા આયરે કેન્દ્રીય ધારાસભામાં બે બિલો (૧) દલિતો સામેના ભેદભાવો પર પ્રતિબંધ અને (૨) મંદિર પ્રવેશનો અધિકાર રજૂ કર્યા હતાં. પંડિત મદનમોહન માલવિયા અને અનેક રૂઢિચુસ્તોએ આ બિલનો ઉગ્ર વિરોધ કર્યો હતો. આંબેડકરે કહ્યું કે દલિતો મંદિર પ્રવેશ બાબતની દરકાર કરતા નથી. ગાંધીજીએ જેલમાંથી આ બિલને પસાર કરવાની હિમાયત કરી હતી. સરદાર મંદિર સામેના વિરોધથી ચિંતિત હતા અને ઈચ્છતા હતા કે ગાંધીજીએ આ વિવાદમાં દખલ ન કરવી જોઈએ. લોકમાનસનું વલણ, વાતાવરણ અને ઉગ્ર વિરોધને જોતાં સરદાર આ બિલ અંગે આશાવાદી ન હતા. રૂઢિચુસ્ત હિંદુઓના દબાણને વશ થઈ ૧૮ મહિનાઓ બાદ જયારે રંગા આયરે આ બિલ પાછું ખેંચ્યું ત્યારે સરદારે પરિસ્થિતિનો કાઢેલ કયાસ સાચો પડયો હતો.'[૧૬]

સમાજમાંથી અસ્પૃશ્યતાને પૂર્ણતઃ નાબૂદ કરવાના સતત પ્રયત્નો છતાં એમાં સફળતા મળી ન હતી. ૩ નવેમ્બર ૧૯૪૮ના રોજ સેવાગ્રામમાં એક સભાને સંબોધતાં સરદારે કહ્યું, 'ગાંધીજીએ એમનું માળખું (ઈમારત) ચાર દીવાલો પર બનાવ્યું હતું. પ્રથમ અસ્પૃશ્યતા હતી. આ પાપને હજુ નાબૂદ કરી શકાયું નથી. તે હિંદુ ધર્મનો કોઈ ભાગ નથી... આપણે એને દૂર કરવામાં કાંઈક અંશે સફળ થયા છીએ. .... આપણાં હૃદયોમાંથી અસ્પૃશ્યતાને દૂર કરવાનું હજુ બાકી રહ્યું છે. આથી દીવાલ ફકત અડધી બંધાયેલ રહી છે.'[૧૭]

આ સામાજિક દૂષણની રાષ્ટ્રીય એકતા પર પડનાર વિપરીત અસરોની સરદારને પ્રતીતિ થઈ હોવાથી તે એ નાબૂદ થાય એ માટે સતત ચિંતિત અને પ્રવૃત રહ્યા હતા. અસ્પૃશ્યતા-વિરોધીઓને સરદારનો પ્રશ્ન હતો, " Have any of gone and stayed for an hour in scavenger's house?"[૧૮]

ગાંધીજીની મીમાંસાના ચુસ્ત અનુયાયી સરદાર પટેલને

લોકો સાથેના સંપર્કો દરમિયાન એ પ્રતીતિ થઈ હતી કે અસંખ્ય પરિવારોની આર્થિક મુશ્કેલીઓ માટે તેમજ અનેક સામાજિક દૂષણો માટે દારૂનું વ્યસન મુખ્યત્વે જવાબદાર હતું. આથી સરદારે દારૂબંધી માટે તેમજ દારૂનું વ્યસન છોડવા હિમાયત કરી હતી.

સામાજિક પ્રસંગો તથા ધાર્મિક વિધિઓ વખતે તેમજ રોજ પીવાની ટેવ સમાજમાં પ્રવર્તમાન માન્યતાઓ અને મૂલ્યોના કારણે હતી. લોકમાનસની યોગ્ય સમજના કારણે સરદારને લાગ્યું હશે કે લોકોને દારૂનું વ્યસન છોડવા માટે ધર્મના માધ્યમથી પ્રેરિત કરવા એ ઉત્તમ માર્ગ હતો. પાંચમી કાઠિયાવાડ રાજકીય પરિષદના પ્રમુખીય પ્રવચનમાં સરદારે કહ્યું, 'આપણી પવિત્ર ભૂમિમાં હિંદુ અને ઈસ્લામ બંને ધર્મોએ દારૂના સેવન પર પ્રતિબંધ મૂકેલ છે. આવી પરિસ્થિતિઓમાં રાજયની ઉપજ (આવક) વધારવાના હેતુથી પરરાજયના આબકારી ખાતાનું અનુકરણ કરી, દારૂના વેચાણ અને એના ઉપયોગ માટે પ્રચાર કરવો એ મહાપાપ છે...... પોતાના પ્રદેશોમાં દારૂના વેચાણ માટે પરવાનગી આપવી એ દેશી રાજયોને શોભતું નથી.'[૧૯]

કુટુંબને ચરખા દ્વારા થતા લાભોનો નિર્દેશ કરતાં સરદારે જણાવ્યું કે ચરખાએ બારડોલી અને એની આસપાસના લોકોની દૃષ્ટિ અને સ્થિતિમાં પરિવર્તનો આણ્યાં છે. "જયારે ચરખો ઝૂંપડીમાં પ્રવેશે છે ત્યારે દારૂ અને તાડી ત્યાંથી અદૃશ્ય થાય છે..... ઘરમાં બેઠા હોય ત્યારે પોતાની જરૂરિયાત માટેનું કાપડ ઉત્પન્ન કરી શકે છે, તેઓ દેવાના ભયમાંથી મુક્ત થાય છે અને પોતાનું ગુજરાન ચલાવી શકે છે.'[૨૦]

સરદાર તમામ સ્તરે દારૂબંધી કરવાના મતના હતા. ઉપપ્રધાન મંત્રી સરદાર પટેલે પ્રધાન મંત્રી જવાહરલાલ નેહરુને તા.૩-૧૨-૧૯૪૭ના પત્રથી દારૂબંધી અંગેની ઘોષિત નીતિની યાદ અપાવી હતી. એમણે લખ્યું હતું, "રાજદૂતાલયો ...... માંથી મને કોકટેલ પાર્ટીનાં અનેક આમંત્રણો મળે છે. ....... આવી તમામ પાર્ટીઓમાં સામાન્ય રીતે આલ્કોહોલીક પીણાં પીરસવામાં આવે છે....... આવી પાર્ટીઓમાં સામેલ થવાનું આપણા માટે ઉચિત નથી. આથી હું કેબિનેટ મિટિંગમાં એ સૂચન કરવા ઈચ્છું છું કે .......પ્રધાનોએ આવી પાર્ટીઓ ન આપવાનો નિયમ બનાવવો જોઈએ..... આપણે વિદેશી દૂતાલયોને જાણ કરવી જોઈએ કે જે પાર્ટીઓમાં આલ્કોહોલિક પીણાં પીરસવામાં આવશે એમાં, ભવિષ્યમાં, ઉપસ્થિત રહેવાનું અમારા માટે શકય બનશે નહિ.'[૨૧]

## VI

સ્વતંત્રતા પૂર્વે અને બાદમાં પણ કોમવાદની સમસ્યા ચાલુ રહી છે. ગાંધીજીએ હિંદુ-મુસ્લિમ એકતા માટે અથાગ પ્રયત્નો કર્યા હતા. તુર્કીના પ્રશ્નને સમર્થન આપવાનો ગાંધીજીએ નિર્ણય કર્યો ત્યારે તમામ બાબતોમાં ગાંધીજીના ચુસ્ત અનુયાયી સરદાર પટેલ એમની સાથે સંમત થયા ન હતા. ગાંધીજીની દૃષ્ટિએ ખિલાફતના પ્રશ્ને હિંદુ-મુસ્લિમ એકતા માટે ઉત્તમ તક પૂરી પાડી હતી, પણ ઈન્દુલાલ યાજ્ઞિકે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે સરદાર ગાંધીજીના ખિલાફત પ્રચાર અંગે શંકાસ્પદ હતા. સરદારની દૃષ્ટિએ એ અર્થહીન હતો કેમ કે "આપણે આપણી ભૂમિમાં જે બ્રિટિશ બુંદકોની સંગીનો (બૅયોનેટ) હેઠળ ગુલામો છીએ.'[૨૨]

૧૯૧૪માં તુર્કી પ્રતિનિધિ મંડળે ભારતની મુલાકાત લીધી. ભારતના અગ્રગણ્ય મુસ્લિમો સક્રિય રીતે એમના પ્રત્યે સહાનુભૂતિ ધરાવતા હોવાની છાપ એમનામાં ઊભી થઈ હતી, છતાં ભારતના સમર્થનનો હજુ અભાવ હતો. અગ્રગણ્ય અખિલ ઈસ્લામવાદીઓ (pan-Islamists) દ્વારા વંચાતા કાબુલના 'સિરાજ-ઉલ-અખબારે' હિંદનો ઉલ્લેખ 'દાર-ઉલ-હરબ' તરીકે કર્યો હતો. દિલ્હીના 'હમદર્દે' અહેવાલ પ્રસિધ્ધ કર્યો કે શૌકત અલી સહિત અનેક મુસ્લિમોએ ભારત 'દાર-ઉલ-હરબ' હોવાનો મત વ્યકત કર્યો હતો.[૨૩]પણ ટૂંક સમયમાં પરિસ્થિતિમાં પરિવર્તન આવ્યું. માર્ચ ૧૯૧૯માં ગાંધીજી અને લખનૌના અબ્દુલ બારી વચ્ચે એક સમજૂતી થઈ કે હિંદુ રાજકીય નેતાઓ તુર્કીના પ્રશ્નોનું સમર્થન કરશે અને મુસ્લિમો ગાયની કતલ કરવાથી દૂર રહેશે. બકરી ઈદ વખતે કોઈ પણ પ્રકારનાં તોફાનો થયાં ન હતાં. બારીએ ગાંધીજીને તારથી જણાવ્યું કે બન્ને કોમો વચ્ચેના ઘર્ષણ અંગેનાં તમામ કારણોને નાબૂદ કરવા માટે લખનૌમાં ગાયની કુરબાની આપવામાં નહિ આવે.[૨૪] બકરી ઈદ પ્રસંગે ગાયની કતલ બંધ રાખવાની બાબતનો ડિસેમ્બર ૧૯૧૯માં અમૃતસરમાં મળેલ મુસ્લિમ લીગના અધિવેશનમાં કોઈ વિરોધ કરવામાં આવ્યો ન હતો.[૨૫] જુલાઈ ૧૯૨૦ માં કેન્દ્રિય ખિલાફત સમિતિએ એક નોટિસ પરિપત્રિત કરી હતી, "ભાઈઓ, આપણા દેશના હિંદુઓ અને મુસ્લિમોને આથી સૂચિત કરવામાં આવે છે કે, હવે સમય આવી ગયો છે કે જયારે આપણે આપણાં હિતો તરફ ધ્યાન આપવું જોઈએ કે જેથી આપણો

દેશ સમૃધ્ધ બને, અને આપણા સંયુકત પ્રયત્નોથી આપણા કાયદેસરના અધિકારો સફળતાપૂર્વક મેળવી શકીએ.'[૨૬]

મુસ્લિમોના વલણમાં આવેલ આ ફેરફાર સરદારની દૃષ્ટિમાં પરિવર્તન લાવવા માટે જવાબદાર સાબિત થયો હતો. ઓગસ્ટ ૧૯૨૦ માં સરદારે કહ્યું હતું, "બ્રિટનના વચન છતાં તુર્કી સામ્રાજયનું વિભાજન કરવામાં આવ્યું ....... ભારતીય મુસ્લિમો માટે આ એક દુઃખદ ઘટના હતી અને પોતાના દેશબાંધવોનું દુઃખ જોઈ હિંદુ કેવી રીતે પ્રભાવિત થયા વગર રહી શકે.'[૨૭] સરદારે સમગ્ર ભારતમાં અનેક જાહેર સભાઓમાં હિંદુ-મુસ્લિમ એકતાની હિમાયત કરી હતી.[૨૮]

સ્વતંત્રતા પખવાડિક ઉત્સવ વખતે (૧૨-૮-૧૯૪૭) સરદારે ભારપૂર્વક એ વાતનો ઈનકાર કર્યો હતો કે તેઓએ અને તેમના સાથીઓએ ભય કે પરાજયની સંભાવનાઓના કારણે દેશના વિભાજનનો સ્વીકાર કર્યો હતો.[૨૯] દેશમાં ઊભી થયેલી કોમી પરિસ્થિતિ દેશના ભવિષ્ય માટે હાનિકારક પુરવાર થશે એવી પ્રતીતિ સરદારને થઈ હતી. ૨૨-૧૦-૧૯૪૭ના રોજ પટિયાલામાં મળેલ શીખોના પંથિક સંમેલનમાં સરદારે સ્પષ્ટ કર્યું, "શરીરનું સડેલું અંગ કાપી નાખ્યા બાદ શરીરનો બાકી ભાગ સ્વસ્થ રહી શકશે એમ માનીને અમે વિભાજનનો સ્વીકાર કર્યો હતો, પણ ઘા રૂઝવવાની પ્રક્રિયા શરૂ કરીએ એ પહેલાં પરિસ્થિતિ વણસી હતી. .... પૂર્વગ્રહો અને ક્રોધથી ઉપર ન ઊઠીએ તો આપણે કદી તે હાંસલ નહિ કરી શકીએ, જેને પ્રાપ્ત કરવા આપણે સ્વાધીનતા માટેનો સંઘર્ષ કર્યો હતો.'[૩૦] સરદાર ઈચ્છતા હતા કે શરણાર્થીઓની અદલાબદલી ઊભય પક્ષે શાંતિપૂર્ણ રીતે થવી જોઈએ. ૩૦ સપ્ટેમ્બર ૧૯૪૭ના રોજ અમૃતસરમાં એક સભામાં શીખોને તેમણે આગ્રહપૂર્વક કહ્યું હતું, "હું તમારી સમક્ષ એક ખાસ અપીલ કરવા આવ્યો છું અને તે છેઃ નગરમાંથી પસાર થતાં મુસ્લિમ શરણાર્થીઓને સુરક્ષા આપો..... લોકોની (વસતી) અદલાબદલી શાંતિપૂર્ણ રીતે અને સુગમતાથી થવી જોઈએ.આક્રમણ અને પ્રતિ-આક્રમણના આ વિષચક્રને તોડવામાં આપણે પહેલ કરીએ.''[૩૧]

૧૧ ઓગસ્ટ ૧૯૪૮ના રોજ દિલ્હીમાં આયોજિત એક સભામાં વિભાજનના નિર્ણયની સ્પષ્ટતા કરતાં સરદારે કહ્યું હતું, "ખૂબ જ વિચારણા પછી અમે આ અંતિમ પગલાં લીધાં હતા. (મુસ્લિમ લીગના સીધાં પગલાં દિન-Direct Action Day- ૧૬-૮-૧૯૪૬ ના પરિણામે સમગ્ર દેશમાં થયેલ કોમી રમખાણોના કારણે) મારો વિભાજન માટે ઉગ્ર વિરોધ હોવા છતાં હું એ માટે સંમત થયો કેમ કે મને ખાતરી થઈ હતી કે ભારતને અખંડ રાખવા એનું હવે વિભાજન થવું જોઈએ....... તાત્કાલિક પ્રશ્નનું નિરાકરણ લાવવા અને નિર્દોષ માનવીઓની થતી હત્યાઓને રોકવા કોંગ્રેસે દેશના વિભાજન માટે સંમત થવાનો નિર્ણય લીધો હતો.'[૩૨] બનારસ હિંદુ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને તા.૨૩-૧૧-૧૯૪૮ના રોજ સંબોધતાં તેમણે કયાં પરિબળોએ વિભાજન માટે સંમત થવા બાધ્ય કર્યા હતા એનો નિર્દેશ કર્યો હતો. "અનેક વર્ષો સુધી ગાંધીજી અને હું એકબીજા સાથે પૂર્ણતઃ સહમતીમાં રહ્યા હતા..... પણ જયારે ભારતની સ્વાધીનતાના પ્રશ્ન પર નિર્ણય લેવાનો સમય આવ્યો ત્યારે અમે એકબીજા સાથે અસંમત થયા હતા. મને લાગ્યુ કે આપણે અત્યારે જ સ્વતંત્રતા લેવી જોઈએ. આથી વિભાજન માટે સંમત થવું પડયું. ખૂબ જ મનોમંથન બાદ હું એ નિષ્કર્ષ પર આવ્યો હતો.... વિભાજનનો સ્વીકાર નહિ કરીએ તો ભારતના અનેક ટુકડા થશે અને તેનો પૂર્ણતઃ વિનાશ થશે. મારા એક વર્ષના હોદ્દાના On the interim Government અનુભવે એ પ્રતીતિ કરાવી હતી કે જે રીતે આપણે જઈ રહ્યા છીએ, આપણે સર્વનાશના માર્ગે આગળ વધી રહ્યા છીએ. ગાંધીજી આ નિષ્કર્ષ સાથે સંમત ન હતા, પણ તેઓએ મને જણાવ્યું હતું કે મારું દિલ મારી માન્યતાઓને પ્રમાણભૂત માનતું હોય તો હું આગળ જઈ શકું છું.'[૩૩]

બંધારણ સભામાં સરદારે કહયું હતું કે મુસ્લિમ સ્વદેશ Homeland મેળવવામાં સફળ રહેલ બે રાષ્ટ્રના સિદ્ધાંતમાં માનનારાઓ પોતાની આઝાદીના ફળ ભોગવવા ત્યાં જાય અને શેષને અહીં શાંતિથી રહેવા દે. સરદારે ગરીબ મુસ્લિમાએ સહન કરવી પડેલ યાતનાઓને વિસ્મૃત ન કરવા અપીલ કરી હતી.[૩૪] જે મુસ્લિમો તોફાનો કરવાના પ્રયત્ન કરી રહ્યા હતા તેઓને આકરા શબ્દોમાં તા.૧૩ નવેમ્બર ૧૯૪૭ના રોજ રાજકોટમાં આયોજિત એક સભામાં કહ્યું હતું, 'ભૂતકાળમાં કાઠિયાવાડના મુસ્લિમોએ બે રાષ્ટ્રોના સિદ્ધાંતના મુસ્લિમ લીગના પ્રચારને સમર્થન આપ્યું હતું અને લીગની રાજનીતિમાં ભાગ લીધો હતો. પણ હું ભૂતકાળ ભૂલી ગયો છું...... પણ તેઓને હજુ પણ બે રાષ્ટ્રના સિદ્ધાંત પ્રત્યે લગાવ હોય અને બહારની સત્તા તરફ દૃષ્ટિ હોય તો તેઓને માટે કાઠિયાવાડમાં કોઈ સ્થાન નથી.'[૩૫] મહરોલીમાં તા.૨૯-૧૨-૧૯૪૭ ના રોજ એક જાહેર સભામાં મુસ્લિમોને ખાતરી આપતાં જણાવ્યું,

લોકોએ સમજી લેવું જોઈએ કે પાકિસ્તાનની સ્થાપના થઈ ગઈ છે, અને જેઓ ત્યાં જવા ઈચ્છતા હતા તેઓ એવું કરી ચુકયા છે. જેઆએ ભારતમાં રહેવાનું પસંદ કરેલ છે, તેઓને અહીં તમારી વચ્ચે સુરક્ષિત લાગવું જોઈએ.'[૩૬]

બિનવફાદરોને ચેતવણી આપતાં સરદારે કલકત્તામાં એક સભામાં (તા.૩-૧-૧૯૪૮) કડક શબ્દોમાં કહ્યું હતું, "ભારતમાં ઘણાં મુસ્લિમોએ પાકિસ્તાનના સર્જનમાં સહાય કરેલ છે. તમે રાતોરાત બદલાઈ ગયા છો એવું કેવી રીતે કોઈ માની શકે ? મુસ્લિમો કહે છે કે તેઓ વફાદાર નાગરિકો છે. આથી કોઈએ પણ એમની સત્યનિષ્ઠા માટે શું કામ શંકા સેવવી જોઈએ ? હું કહીશ અમને શા માટે પૂછો છો? તમારા આત્માને પૂછો.'[૩૭]

બિનસાંપ્રદાયિકતા અંગેના પોતાના દષ્ટિબિંદુને સરળ શબ્દોમાં વ્યકત કરતાં સરદારે મુંબઈની એક જાહેર સભામાં (તા.૧૬-૧-૧૯૪૮) કહ્યું હતું, 'જો અમે જાતિ, પંથ કે ધર્મના ભેદભાવ વગર સમગ્ર લોકો(પ્રજા) માટે ટ્રસ્ટી તરીકે કામ ન કરી શકીએ તો અમે જયાં છીએ ત્યાં રહેવાને (સરકારમાં) લાયક નથી. ..... હું હિંદુઓ અને મુસ્લિમોને એક સમાન કડવી વાતો કહું છું. સાથે સાથે અનેક વાર સ્પષ્ટ કરેલ છે કે હું મુસ્લિમોનો મિત્ર છું.'[૩૮]

બીજા સ્વાધીનતા દિવસની પૂર્વ સંધ્યાએ સરદારે જણાવ્યું હતું, "આપણા ઘરેલુ ક્ષેત્રમાં, આપણે વફાદારીપૂર્વક બિનસાંપ્રદાયિક આદર્શોને, જે આપણે નક્કી કરેલ છે, વળગી રહેવું જોઈએ અને સહનશીલતાની ભાવના, સંપ અને સદ્ભાવનાથી વર્તવુ જોઈએ.'[૩૯] આમ છતાં, સરદારને બિનવફાદારો પ્રત્યે કોઈ સહાનુભૂતિ ન હતી. તેમણે ખૂબ જ નિર્ભયતાપૂર્વક અને સ્પષ્ટ તથા આકરા શબ્દોમાં ગ્વાલિયરની સભામાં (તા.૪-૧૧-૧૯૪૮) કહ્યું હતું કે, 'જેઓ દેશ પ્રત્યે બિનવફાદાર છે તેઓ માટે ભારતમાં કોઈ સ્થાન નથી. તેઓ બધાએ જતા રહેવું જોઈએ. ભારતમાં ફકત વફાદાર ભારતીયો માટે જ સ્થાન છે. આ બાબતમાં ધર્મ સાથે અમારે કોઈ સરોકાર નથી...... જો કોઈ ભારત પર આક્રમણ કરશે તો તે પોતાના વિનાશના ભોગે કરશે.'[૪૦] તા.૨૩-૧૧-૧૯૪૮ના રોજ બનારસ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સંબોધતાં સ્પષ્ટ જણાવ્યું હતું, "જો પાકિસ્તાન ધાર્મિક રાજય બને છે (તો પણ) અમારો એ માર્ગ નથી..... અમારા ધર્મનું રક્ષણ કરતાં અમારે એવો માર્ગ અપનાવવો જોઈએ કે જેથી અમે બધા જ સંપ્રદાયો અને ધર્મોનું રક્ષણ કરી શકીએ. આપણે કોમવાદી ઝઘડાઓમાં ન પડીએ. પણ સાથે સાથે આપણા રાષ્ટ્રીય અસ્તિત્વ સામે ઉપસ્થિત થતા કોઈ પણ ભય સામે આપણું રક્ષણ કરવું જોઈએ.'[૪૧]

## VII

સરદારની સંપૂર્ણ જાહેર કારકિર્દી દરમિયાન સામાજિક વાતાવરણ તણાવો, સામાજિક દૂષણો અને એકતાના અભાવથી ભરપૂર રહ્યું હતું. ગાંધીજીના આદર્શોના ચુસ્ત અનુયાયી હોવાના કારણે એમના આદર્શો સમાજમાં પ્રસ્થાપિત થાય એ માટે સરદાર હંમેશાં સક્રિય રહ્યા હતા. લોકમાનસની પોતાની સમજ અને પોતાને થયેલ પ્રતીતિઓના આધારે તેમણે આ માટે પ્રયાસો કર્યા હતા. સમજાવટથી અને વ્યકિતગત પ્રભાવથી વર્તન અને દષ્ટિમાં પરિવર્તન આવી શકે પણ આ રીતે પ્રેરિત પરિવર્તનો કાયમી ન થાય. પરંપરાઓ અને રૂઢિગત રીતરિવાજો જલ્દીથી નાબૂદ થઈ શકતા નથી. આમ છતાં, સ્પષ્ટ અને આખાબોલા સરદારે સામાજિક દૂષણોને નાબૂદ કરવા માટે એક પ્રચ્છન્ન પ્રવાહને, નિઃશક ઉત્પન્ન કર્યો હતો.

વિવિધ સમયે હિંદુ-મુસ્લિમ એકતા તેમજ મુસ્લિમો અંગે વ્યકત કરેલ મંતવ્યોથી એ સ્પષ્ટ થાય છે કે તે સાચા પરિપ્રેક્ષ્યમાં વસ્તુ-સ્થિતિને જોઈ શકતા હતા અને તેઓ કોઈને પ્રસન્ન રાખવા માટે એકતા અને રાષ્ટ્રીય સુરક્ષાનું બલિદાન આપવા કદી પણ તૈયાર ન હતા. પરિસ્થિતિઓ, વાતાવરણ અને એમનાં સંભવિત પરિણામો વિશેની એમની પ્રતીતિએ એમને રાષ્ટ્રીય હિતો માટે હાનિકારક થઈ શકે એવી સંભવિત અને પ્રતિકૂળ પરિસ્થિતિઓ સાથે સમાધાન કરતાં રોકયા હતા.

સરદાર દીર્ઘદષ્ટા હોવાથી દેશ સામે ઊભી થનાર સંભવિત સમસ્યાઓની પ્રતીતિ કરી શકયા હતા. અલ્હાબાદ યુનિવર્સિટીના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને તેમણે જણાવ્યું હતું, "જે રાષ્ટ્રો ઈતિહાસના બોધપાઠને ભૂલી જાય છે એ પોતાના વિનાશના ભોગે એવું કરે છે. મામૂલી ઝઘડાઓ, પ્રાદેશિક કલહો અને હાનિકારક ભાષાકીય વિવાદોમાં આપણે સમય ગુમાવવાનો કે બરબાદ કરવાનો નથી. વિનાશ કરવાનું સરળ છે પણ નિર્માણ કરવા માટે અનંત ધીરજ અને પરિશ્રમની જરૂર પડે છે."[૪૨]

વી.શંકરની દષ્ટિએ, 'Sardar was par-excellence a self-made man.' જે ઉદેશો સાથે સરદાર જીવ્યા હતા, જે પરિસ્થિતિ અને પડકારોનો તેઓએ સામનો કર્યો હતો

તેમજ જે વાતાવરણમાં તેમણે કામ કરવું પડ્યું હતું એના આધારે સરદારના વ્યકિતત્વનું ઘડતર થયું હતું.[૪૩] આથી તેઓ આધુનિક ભારતના નિર્માણમાં મહત્ત્વનું પ્રદાન કરી શકયા હતા.

### પાદટીપઃ


૧. V.Shankar, Reminiscences of Sardar Patel, Vol.II, Macmillan, New Delhi, 1974, p.181.

૨. G.Lindzey and E.Aronson (ed.) Hand Book of Social Psychology, Vo.III, Amerind, New Delhi, 1975, p.82

૩. P.N. Chopra and P. Chopra (ed.), The Collected Works of Sardar Vallabhbhai Patel (hence forth CWSP), Vol. I, Konark Pub., New Delhi, 1990, p. xiv.

૪.Ibid, p. xvii.

૫.ન.હ્વા. પરીખ અને ઉ.દ.શાહ (સંપા.), સરદાર વલ્લભભાઈનાં ભાષણો (હવે પછી ભાષણો), ભા-૧, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, ૧૯૪૯, પૃ.૧૭૦.

૬.V. Shankar, Op. cit., p. 156.

૭ .Ibid,, p.182

૮.Rajmohan Gandhi, Patel- A life, Navjivan, Ahmedabad, 1990, p.9.

૯.Lindzey & Aronson, Op. cit., p.86.

૧૦.ભાષણો, પૃ.૧૭૦, સી.બી.દલાલ(સંપા), મહાદેવભાઈની ડાયરી, ભાગ-૭, સાબરમતી આશ્રમ સ્મારક ટ્રસ્ટ, અમદાવાદ, ૧૯૬૫, પૃ.૧૫૮

૧૧.Rajmohan Gandhi, op.cit., p.126

૧૨. CWSP, Vol.II, P.183; ભાષણો, પૃ.૧૨૭-૧૨૮.

૧૩. L.E. Bourne and B.R. Ekstrand, Psychology- Its Principles and Meaning, Holt, Rinehart and Winston, New York, 1982, p.391.

૧૪. Rajmohan Gandhi, op.cit., pp.110-111.

૧૫. CSWP Vol.II b. 316; ભાષણો, પૃ.૧૮૩.

૧૬. Rajmohan Gandhi, op.cit., pp.229-230.

૧૭ .G.M. Nadurkar (ed.), Sardar Patel: In Tune with Millions, Vol. I, S.V. Patel Smarak Bhawan, Ahmedabad, 1975, p.223. પરીખ અને શાહ પૂર્વોકતમાં પૃ.૨૮૨ પર લખે છે કે, "ઈમારતની ચોથી દીવાલ-અસ્પૃશ્યતાનિવારણ છે."

૧૮. Rajmohan Gandhi, op.cit., p.503.

૧૯ .CWSP Vol. II, pp.316, ભાષણો, પૃ. ૧૮૩

૨૦. Ibid., pp.316-317.

૨૧.G.M. Nandurkar (ed.), Sardar Patel's Letters Mostly Unknown, Vol. II, S.V.P. Smarak Bhawan, Ahmedabad, 1978, p.172.

૨૨. Cited by Rajmohan Gandhi, op. cit., p.86.

૨૩ .P.C. Bamford, Histories of Non-Cooperation and Khilafat Movements, K.R. Books, Delhi, 1985/ 1925, pp.119-120.

૨૪ . Ibid., p.143.

૨૫ . Ibid., p.146.

૨૬ . Ibid., p.159.

૨૭. Cited by Rajmohan Gnadhi op. cit., p.86.

૨૮ .CWSP, Vol. I, pp.108,195; CWSP, Vol.II, pp. 264, 328.

૨૯. Ibid., vol. XII, 1998, p.161.

૩૦.Ibid, p.221.

૩૧. G.M. Nadurkar (ed.), Sardar Patel: In Tune with Millions, Vol. I, pp.134-135.

૩૨. Ibid., pp. 4-5; CWSP Vol III, p. 161.

૩૩. Nandurkar (ed.), In Tune with Millions, Vol.I,pp. 277-278; V. Shanker, Op. cit., p.21.

૩૪.Rajmohan Gandhi, op.cit., p.503.

૩૫.Nandurkar (ed.), In Tune with Millions, vol. I, p.149.

૩૬ .Ibid., p.181.

૩૭. Ibid., pp.18-19.

૩૮ .Ibid., pp.196-197.

૩૯. Ibid., p.31.

૪૦ .Ibid., p.52.

૪૧ .Ibid., pp.280-281.

૪૨ .Ibid., pp.287-289.

૪૩ .V.Shankar, op. cit., p. 175.


(ફેબ્રુઆરી ૨૦૦૦માં ઈતિહાસ વિભાગ, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગર દ્વારા સરદાર પટેલ પર આયોજિત યુજીસી સેમિનારમાં રજૂ કરેલ શોધપત્રનો સુધારા વધારા સાથે 'સંશોધન'માં પ્રકાશિત ગુજરાતીમાં અનુવાદ.)


(૧૫૧, પ્રભાકુંજ સોસાયટી, શ્રીમાળી વાડી પાસે, ગોધરા (પંચમહાલ)
પીનઃ૩૮૯૦૦૧ મોઃ ૯૮૨૫૪૨૨૩૦૧)

|| Review ||

## Visit by British Scholars

**Sunil Shah**

A team of educationists from the UK visited several colleges of the Charutar Vidyamandal over three weeks in November and December 2014. Their visit to Charutar Vidyamandal was hosted by the H M Patel Institute of English Teaching Research, and coordinated by Dr Rajendrasinh Jadeja and Dr Sunil Shah. This team delivered talks, offered workshops and group seminars essentially promoting ideas for learning and sharing their experience of education in England. The team consisted of Dr Brian Lewis, a distinguished teacher, poet, artist, educationist and community publisher ; Dr Carrie Birch, educationists, researcher and author; Matthew Page, a professional photographer and Tony Hood, a community education specialist, politician and senior government administrator.

The visitors conducted their first workshop in CVM's College of Fine Arts on November 21-22,2014. In the inaugural session Principal Kanu Patel introduced Dr Brian Lewis to students as the author of an epic poem "The Train Into Gujarat", which he wanted the art students to prepare illustrations which could be included in the book. Extracts from the poem were read aloud in English but there was also a Gujarati translation. Students got straight down to work, considering which stanza they would choose and, working together and with Dr Lewis and his team, began to understand the poem and composed their drawings. Brian Lewis has had many years' experience himself as an artist and was able to offer guidance to the fine arts students over two days. The final result was 30 excellent, imaginative and well executed illustrations for the publication to be included in Brian's book were prepared by students. Students got the opportunity to interact with the team in English. They also got some tips on creative and commercial photography from Matthew Page.

Their next venue was SEMCOM where the students of IT and Management participated in a one-day workshop on 'Branding and Photography' on November 27, 2014. Matthew Page gave the students fascinating insight into the work and techniques of photo journalism. His pictures included some fashion shoots but also fascinating pictures of threatened African tribes. The afternoon session consisted of an exercise engaging all the students in how to promote a product designed by Brian Lewis, called "A Gathering – 14 Cards". These cards are intended to stimulate creative thinking and face to face interaction.

On November 28, 2014 the staff of BJVM invited Dr Carrie Birch , who spoke on 'The Purpose of Education.' Dr Birch introduced the subject with particular reference to digital technology. She encouraged her audience to work in smaller groups to consider how they saw the purposes of education and what influences help or hinder teachers and other faculty staff in achieving good educational outcomes for their students. This led to a discussion on what could be done to improve the ways to deploy digital technology in order to enhance learning. While problems of cost and commitment were recognised, a number of positive suggestions emerged for future implementation.

In the afternoon of Friday November 28, 2014 , the team met the B.Ed students at H M Patel Institute of English. Brian Lewis and Carrie Birch led an informal question and answer session which looked at how to encourage better spoken English and how to generate more questions in classrooms.

The British Scholars then visited ILSASS for a two day workshop with students on the topic of 'Writing and Community Consultation. Under the guidance of the team, the students created a book in 8 minutes, an innovative tool developed over the last decade, helpful in improving writing skills and also a creative writing exercise; the afternoon consisted of considering Brian Lewis' epic poem of 574 lines: "The Train Into Gujarat", which has also been translated into Gujarati by scholars from Charutar Vidyamandal and from Bolton,UK. The students reflected on the topics of modern India and recent social history. On the second day, Dr Carrie Birch and Brian Lewis explained how they had prepared "The Book of Proud" with people from a poor community in England. They concluded in the afternoon with a session on 'Lessons in India'.

**A Message from the British team:**

'Everywhere we went we have been greeted with tremendous courtesy and kindness. Teachers and students show a passionate belief in the value of education. It has been exciting and interesting to work with students and staff from different CVM institutes. Everyone has agreed that English is an essential tool for people who want to work in almost all disciplines and to help India play its role in the world. Indians have the advantage of already using English – the world language - they must make sure they build on this. There is such energy and enthusiasm amongst the students here that we believe the future of India is truly in good hands! Thank you for the opportunity to work with you over the last three weeks.'

(Head, Department of ELT, H.M. Patel Institute of English Training and Research, Vallabh Vidyanagar 388120 M: 9687605009)

## ભાઈકાકા વિનાનું ચરોતર હિમોગ્લોબિન વિનાના લોહી સમાનઃ એન.એચ. બારોટ

ચારુતર વિદ્યામંડળ(સીવીએમ)ની આદ્યસ્થાપકબેલડી પૈકીના એક એવા પૂજ્ય ભાઈકાકાના યોગદાનને બિરદાવતાં ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાનમાળાના ૪૨મા પુષ્પના વક્તા શ્રી એન.એચ.બારોટે જણાવ્યું હતું કે ભાઈકાકા વિનાનું ચરોતર એટલે હિમોગ્લોબિન વિનાનું લોહી ગણી શકાય. ૮૭ વર્ષના ઈજનેર શ્રી બારોટ ચારુતર વિદ્યામંડળની પહેલી ઈજનેરી કૉલેજ બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય(બીવીએમ)ના પ્રથમ બેચના વિદ્યાર્થી રહ્યા અને તેમણે ભાઈકાકાને કૉલેજના અભ્યાસ દરમિયાન ખૂબ નજીકથી નિહાળ્યા તેનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની અધ્યક્ષતામાં બીવીએમ ઑડિટોરિયમમાં ખીચોખીચ ઉપસ્થિત શ્રોતાગણ સમક્ષ વ્યાખ્યાન આપતાં શ્રી બારોટે ગાંધીજીના યોદ્ધા સરદાર સાહેબ અને સરદાર સાહેબના યોદ્ધા ભાઈકાકાની સુઝબૂઝના પ્રસંગો ટાંકીને ચારુતર વિદ્યામંડળ, વલ્લભ વિદ્યાનગર ચારુતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ અને સરદાર પટેલ યુનિવર્સિટીના સંસ્થાપક ભાઈકાકા સાથેના વ્યકિતગત અનુભવોનું રસાળ શૈલીમાં બયાન કર્યું હતું. તેમણે કહ્યું હતું કે હિંમતવાળા ભાઈકાકા ખરા અર્થમાં પ્રજાકારણના માણસ હતા અને કૉલેજોમાં ઉત્તમ અધ્યાપકોને દેશભરમાંથી તેડાવવા સહિત પ્રત્યેક કામમાં ચીવટ અને કુશળતાના તેઓ આગ્રહી હતા.

ભાઈકાકા સ્મૃતિ વ્યાખ્યાનમાળાના ૪૨મા પુષ્પના વ્યાખ્યાન ટાણે મંચસ્થ મહાનુભાવોમાં સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ ડૉ.હરીશ પાઢ, ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળના અધ્યક્ષ શ્રી વિક્રમભાઈ પટેલ તથા ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.શનુભાઈ પટેલનો સમાવેશ હતો. કાર્યક્રમનું સૂત્રસંચાલન સીવીએમસંચાલિત સરદાર પટેલ સંશોધન સંસ્થા-સૅરલિપના નિયામક ડૉ.હરિ દેસાઈએ કર્યું હતું. આ પ્રસંગે ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રીઓ શ્રી વી.એમ.પટેલ, શ્રી બી.પી.પટેલ, ડૉ.એસ.જી.પટેલ, શ્રી એમ.જે.પટેલ અને પ્રિ.આર.સી.દેસાઈ ઉપરાંત સીવીએમનાં દાતા શ્રીમતી વાસંતીબહેન ચંદુભાઈ પટેલ, ભાઈકાકા પરિવારનાં સભ્યો, સીવીએમના પૂર્વ સહમંત્રીઓ ડૉ.રમેશભાઈ એમ.ત્રિવેદી અને ડૉ.એસ.વી.વૈષ્ણવ ઉપરાંત વિવિધ શિક્ષણસંસ્થાઓના વડાઓ, અધ્યાપકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ઉપરાંત નગરજનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત હતાં. પ્રારંભમાં સીવીએમસંચાલિત રમા-મનુભાઈ દેસાઈ કૉલેજ ઑફ મ્યુઝિક ઍન્ડ ડાન્સના કલાવૃંદે પ્રાર્થના રજૂ કરી હતી. ચારુતર વિદ્યામંડળના માનદ મંત્રી પ્રિ.એસ.એમ.પટેલે મહાનુભાવોનો પરિચય અને સ્વાગત કરાવતાં આદ્યસ્થાપકો પૂજ્ય ભાઈકાકા અને પૂજ્ય ભીખાભાઈ સાહેબને ભાવભરી અંજલિ અર્પણ કરી હતી.

અધ્યક્ષીય ઉદ્‌બોધનમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલે અત્યારે દુનિયાભરમાં જાણીતા બનેલા આ વિશાળ શિક્ષણસંકુલના સંસ્થાપક ભણી મા-બાપની જેમ તેમને યાદ કરીને ઋણ અદા કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. આદ્યસ્થાપકો ભાઈકાકા અને ભીખાભાઈ ના હોત, તો આપણે કોઈ અહીં ના હોત, એવું જણાવીને ડૉ.પટેલે ઉમેર્યું હતું કે સરદાર સાહેબની ટકોરથી ભાઈકાકાએ ચારુતર વિદ્યામંડળની સ્થાપનાનો સંકલ્પ કર્યો અને વિદ્યાના આ મંદિરમાં સારા પૂજારી તરીકે સારાય દેશમાંથી શ્રેષ્ઠ અધ્યાપકોને આકર્ષ્યા.

એક તબક્કે ગુજરાત વિધાનસભાના અડધા કરતાં વધુ ધારાસભ્યોના સમર્થનથી ભાઈકાકા માટે મુખ્યમંત્રી બનવાનું હાથવેંતમાં હતું ત્યારે તેમનું ઓપરેશન થતાં કુદરતે તેમને આ ફાની દુનિયામાંથી ઉપાડી લીધા, અન્યથા ગુજરાતને શ્રેષ્ઠ શાસક મળ્યા હોત એવું જણાવી સીવીએમના અધ્યક્ષ ડૉ.પટેલે ઉમેર્યું હતું કે ગુજરાત અને દેશના વિશાળ હિતમાં અને ખાસ કરીને શિક્ષણ ઉપરાંત મહી-કડાણા ડૅમ અને નર્મદા પ્રોજેક્ટના સંદર્ભમાં રાજકીય હૂંસાતુંસીમાં પડ્યા વિના હિતેન્દ્ર દેસાઈની સરકાર સાથે પ્રજા હિતનાં કામોમાં સહયોગ આપનાર ભાઈકાકા બેનમૂન હતા. તેમણે સ્થાપેલા વિદ્યાધામ વલ્લભ વિદ્યાનગર અને સરદાર પટેલ યુનિવર્સિટીમાં ભણીને અત્યાર લગી ૬૦,૦૦૦ કરતાં વધુ વિદ્યાર્થી અમેરિકામાં સ્થાયી થયાં છે, તેમાં ૭,૫૦૦ તો ઈજનેરોનો સમાવેશ છે. સમારંભના અંતમાં ચારુતર વિદ્યામંડળના માનદ સહમંત્રી ડૉ.એસ.જી.પટેલે આભાર દર્શન કર્યું હતું.

## સૅમકૉમ કૉલેજનો વાર્ષિક રમતોત્સવ

ચારુતર વિદ્યામંડળ દ્વારા સંચાલિત સેમકૉમ કૉલેજનો ૧૮મો વાર્ષિક રમતોત્સવ વિદ્યાનગરના શાસ્ત્રી મેદાન ખાતે યોજાયો હતો. રમતોત્સવમાં કૉલેજનાં ૧૦૦૦ જેટલાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કૉલેજના આચાર્ય ડૉ. નિખિલ ઝવેરીએ મહેમાનોનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. રમતોત્સવના મુખ્ય અતિથિ તરીકે અમદાવાદના કોચ અને પૂર્વ રણજી ટ્રોફી ખેલાડી જયપ્રકાશભાઇ પટેલ ઉપસ્થિત હતા. તેઓના હસ્તે રમતોત્સવ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટી સ્પોર્ટસ સમિતિના અધ્યક્ષ સિન્ડિકેટ સભ્યશ્રી રાજેશ પટેલ, તેમજ પ્રિ. ડૉ.બી.એલ.નાગર ઉપસ્થિત રહ્યા હતા.

રમતોત્સવની મુખ્ય સ્પર્ધાઓમાં ૧૦૦મી દોડ, ૨૦૦મી દોડ, ૨૦૦મી રીલે દોડ, લાંબી કુદ, ઊંચી કૂદ, ચક્ર ફેંક, બરછી ફેંક, ગોળા ફેંક, દોરડા ખેંચનો સમાવેશ હતો. બેસ્ટ ઍથલેટ્સનો એવોર્ડ ભાઇઓમાં હર્ષ ચેતન પટેલ (એસવાયબીબીએ આઇટીએમ) અને બહેનોમાં દામીની પટેલ (એસવાયબીબીએ)ના ફાળે ગયો હતો.

સમગ્ર સ્પર્ધાનું આયોજન ડૉ. નિખિલ ઝવેરીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થી મધ્યસ્થ સમિતિના વડા ડૉ.સુભાષ જોષી તથા સ્પોર્ટ્સ અધ્યાપક ડૉ.ચિરાગ પટેલ તથા મધ્યસ્થ સમિતિના અગ્રણી વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું.

## સૅમકોમ કૉલેજમાં થિયેટર(રંગમંચ) વર્કશોપ

ચારુતર વિદ્યામંડળસંચાલિત સૅમકોમ કૉલેજ ખાતે તાજેતરમાં બેદિવસીય થિયેટર વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી દીપેન ભટ્ટ (જયઘોષ થિયેટર, નવસારી) રહ્યા હતા.

૮૮ જેટલાં વિદ્યાર્થીઓએ આ કાર્યશાળામાં ભાગ લીધો હતો. જેમાંથી ૪૦ જેટલાં વિદ્યાર્થીઓનો પ્રથમ વર્ષનાં હતાં. આ કાર્યશાળામાં વિદ્યાર્થીઓને ઘણી બધી પ્રવૃત્તિઓ કરાવવામાં આવી હતી. તેઓ ઘણું બધું પ્રેક્ટિકલ શીખ્યાં હતાં. આ બે દિવસીય કાર્યશાળામાં તેઓની પ્રેઝન્ટેશન સ્કિલ, આર્ટીક્યુલેશન સ્કિલ, વોઇસ મોડ્યુલેશન, વોઇસ ક્લેરિટી, કોન્ફિડન્સ વગેરેમાં પણ ઘણો સુધારો જોવા મળ્યો હતો. તેઓની સુષુપ્ત આવડતો પણ બહાર આવી હતી.

આચાર્યશ્રી ડૉ.નિખિલ ઝવેરીના જણાવ્યા અનુસાર, આ પ્રકારના નાટકીય રંગમંચની વ્યૂહરચના વ્યક્તિને પોતાના જીવનમાં એક ઉત્તમ વહીવટકર્તા બનાવે છે. કૉ-ઓર્ડિનેટર ડૉ.અંકુર અમીન અને પ્રા. પલક પટેલે આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## એન.વી.પાસ દ્વારા વસ્ત્રવિતરણ

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નટુભાઇ વી. પટેલ કૉલેજ ઑફ પ્યોર ઍન્ડ એપ્લાઇડ સાયન્સીસના એન.એસ.એસ. વિભાગ દ્વારા વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના સહયોગથી હરિઓમ નગર ઝૂપડપટ્ટી વિસ્તારના જરૂરિયાતમંદ વ્યક્તિઓને કપડાં વિતરણનો એક કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. કૉલેજનાં પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓએ આશરે એક હજાર નંગ ગરમ તથા સાદાં કપડાં પોતાના ઘરેથી એકત્રિત કરી કૉલેજના એન.એસ.એસ. યુનિટમાં જમા કરાવ્યાં હતાં. તેનું વિતરણ ફૅકલ્ટી ઓફ સોશિયલ સર્વિસ એન.એસ.એસ.ના વિદ્યાર્થીઓ, અધ્યાપક મિત્રો દ્વારા રૂબરૂ સ્થળ પર જઇને જરૂરતમંદોને કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમના આયોજનમાં પ્રો. ઓફિસર ડૉ. યોગેશ પટેલ, દિગ્વિજય વીરપુરા, ડૉ.હિમાંશુ ત્રિવેદી, ડૉ.રીટાકુમાર, ડૉ. મધુમતી બોરા,ડૉ.યાચના ઝા તથા સમગ્ર વિદ્યાર્થી ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. કૉલેજના આચાર્ય ડૉ.બાસુદેબ બક્ષીએ ગરીબોને મદદરૂપ થાય એવા સમાજ ઉપયોગી કાર્યના આયોજન બદલ સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યાં હતાં.

## સ્વચ્છતા અભિયાન પર શેરીનાટક

સીવીએમસંચાલિત એનવીપાસના એન.એસ.એસ. વિભાગ દ્વારા વિદ્યાનગરનાં ગ્રામજનોમાં સ્વચ્છતા અંગે જાગૃતિ ફેલાય એ આશયથી કૉલેજના વિદ્યાર્થીઓ રોનીક, જીગર, ઉમંગ, મીલી, નિધિ, દિવ્યાંગ, વિક્રમ, લત્તા, વેદાંત વગેરે દ્વારા એક શેરી નાટકનું આયોજન કરવામાં આવ્યું. જે અંતર્ગત હરિઓમ નગરના લાલ ચાલી વિસ્તારમાં કૉલેજના આચાર્ય ડૉ.બાસુદેબ બક્ષી સહિત સમગ્ર અધ્યાપક મિત્રો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં શેરીનાટક ભજવ્યા બાદ કૉલેજના બાયોસાયન્સ વિભાગનાં વડાં ડૉ.રીટા એન. કુમારે સ્વચ્છતા ત્યાં પ્રભુતા વિષયને અનુરૂપ ગ્રામજનોને

પ્રાસંગિક સંબોધન કર્યું હતું. એન.એસ.એસ. વિભાગના ડૉ.યોગેશ પટેલ  કાર્તિક જગતાપ, દિગ્વિજય વીરપુરા, નીરજ બાબરીયા, યાચના ઝા, ડૉ. મધુમતી બોરા, શ્રેયાબેન, ભાઈલાલભાઈ, તથા વિદ્યાર્થીમાંથી ચંદ્રકાન્ત, અંજલી, રેવતી, યશ, સૌરભ, શિવમ તથા અન્ય વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં.

કાર્યક્રમના અંતે કૉલેજના આચાર્ય ડૉ. બાસુદેબ બક્ષી, વલ્લભ વિદ્યાનગર નગરપાલિકાના ઉપપ્રમુખ રાખીબેન શાહ તથા કાઉન્સિલર પ્રકાશભાઈના હસ્તે બાળકોને ફૂડ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

**મલેશિયામાં એનવીપાસનાં ડૉ.મધુમતી બોરા**

મલેશિયાની પુતરા યુનિવર્સિટી ખાતે 'પ્લાન્ટ બાયોકેમેસ્ટ્રી અને પ્લાન્ટ બાયોટેકનોલોજીના માધ્યમથી શહેરી ખેતીના સશક્તિકરણ' પર ૯,૧૦ ડિસેમ્બર ૨૦૧૪ના રોજ યોજાઈ ગયેલ પરિષદમાં ચારુતર વિદ્યામંડળસંચાલિત નટુભાઈ વી.પટેલ કૉલેજ ઑફ પ્યોર ઍન્ડ ઍપ્લાઈડ સાયન્સીસના બાયોટેકનોલોજી, જીનેટીક્સ અને બાયોઈન્ફોર્મેટીક્સનાં વડાં ડૉ.મધુમતી બોરાએ મુખ્ય વકતા તરીકે ''પ્લાન્ટ જીનેટીક્સ એન્ડ મેડીસીનલ પ્રોપર્ટીઝ'' જેવા મહત્ત્વના વિષય ઉપર માહિતીસભર વ્યાખ્યાન આપ્યું હતું. ઉપરોક્ત સંદર્ભે પુતરા યુનિવર્સિટીએ ડૉ. મધુમતી બોરાનું પ્રમાણપત્ર અને સ્મૃતિપત્ર અર્પણ કરી અભિવાદન કર્યું હતું. ડૉ. બોરાએ આ પરિષદમાં નિર્ણાયક તરીકેની પણ ભૂમિકા અદા કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે ડૉ.બોરા છેલ્લાં ૧૭ વર્ષથી એન.વી.પટેલ સાયન્સ કૉલેજ ખાતે ફરજ બજાવી રહ્યાં છે તથા આ પરિષદમાં તેઓને મુખ્ય વકતા તરીકે આમંત્રણ મળતાં તેઓએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું.  આંતરરાષ્ટ્રીય પરિષદમાં આ પ્રકારે સન્માન પ્રાપ્ત કરવા બદલ એન.વી. પટેલ સાયન્સ કૉલેજના આચાર્ય ડૉ.બાસુદેબ બક્ષી તથા સર્વે શિક્ષકગણે ડૉ. બોરાને અભિનંદન પાઠવ્યાં હતાં.

**નલિનીનો ગોપાલપુરામાં શિબિર**

ચારુતર વિદ્યામંડળ સંચાલિત નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજના એન.એસ.એસ. વિભાગ દ્વારા આણંદ જિલ્લાના ગોપાલપુરા ગામે સાત દિવસની વાર્ષિક શિબિરનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો. કાર્યક્રમની શરૂઆતમાં ચારુતર વિદ્યામંડળના અધ્યક્ષ ડૉ.સી.એલ. પટેલનો શુભેચ્છા સંદેશ વાંચી સંભળાવ્યો. અધ્યક્ષસ્થાને ચારુતર વિદ્યામંડળના માનદમંત્રી પ્રિ.એસ.એમ. પટેલ, મુખ્ય મહેમાન તરીકે આણંદ જિલ્લા પોલીસ અધીક્ષકશ્રી અશોક યાદવ, અતિથિ વિશેષ તરીકે શ્રી મફતભાઈ પટેલ (સરપંચશ્રી, ગોપાલપુરા), શ્રી હિતેશભાઈ પટેલ (ચેરમેનશ્રી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ગોપાલપુરા) શ્રી કિરીટભાઈ પટેલ (ચેરમેનશ્રી, શ્રીધનલક્ષ્મી ક્રેડીટ સોસાયટી, ગોપાલપુરા), શ્રીમતી શૈલીનબેન ડાભી (આચાર્ય, પ્રાથમિક શાળા, ગોપાલપુરા), ડૉ.ઘનશ્યામસિંહ ગઢવી, (આચાર્ય નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજ), ગ્રામજનો નલિની કોલેજ પરિવાર તથા કૉલેજના ૭૦ જેટલાં શિબિરાર્થી વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપસ્થિત રહ્યાં હતાં.

આરંભે એન.એસ.એસ. વિભાગના પ્રોગ્રામ ઓફિસર ડૉ.એમ.એસ.પરમારે મહેમાનોનો સ્વાગત પરિચય કરાવ્યો હતો. મુખ્યમહેમાન શ્રી અશોક યાદવે જણાવ્યું હતું કે, એન.એસ.એસ.નો વિદ્યાર્થી બીજા વિદ્યાર્થીઓથી અલગ હોય છે. તે સેવા, શિસ્ત અને સહકારની ભાવનાથી કેળવાયેલો હોય છે. તેમણે એસ.પી.સી. (સ્ટુડન્ટ પોલીસ કેડેટ્સ)ની ભાવિ યોજના વિશે માહિતી આપી, 'અવર સેફટી'નામનું પુસ્તક સર્વ ઉપસ્થિતોને ભેટ આપ્યું હતું.

અધ્યક્ષસ્થાનેથી પ્રિ.એસ.એમ.પટેલે જણાવ્યું હતું કે, આ શિબિર દરમ્યાન સેવા અને સહકારની જે પ્રવૃત્તિઓ હાથ ધરવાના છે તેનું સાતત્ય સમગ્ર જીવન દરમ્યાન જાળવજો અને જનહિત માટે તમને પ્રાપ્ત થયેલ તાલીમ ચરિતાર્થ થાય તો જ આ આ શિબિરનું મહત્ત્વ તમે સમજ્યા છો એમ સમજજો. આ પ્રસંગે ગામના સરપંચશ્રી, દૂધ ઉત્પાદક સહકારી મંડળી, ધન-લક્ષ્મી ક્રેડીટ સોસાયટી તથા આચાર્યા, પ્રાથમિક શાળાએ અદમ્ય ઉત્સાહ દર્શાવી સંપૂર્ણ સહકારીની ખાતરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રોગ્રામ ઓફિસર ડૉ.એફ.એમ.ભારતીય તથા આભારદર્શન પ્રોગ્રામ ઓફિસર પ્રા.જી.આર.પોંકિયાએ કર્યું હતું.

**નલિની દ્વારા બામરોલીનો સર્વે**

નલિની-અરવિંદ એન્ડ ટી.વી. પટેલ આર્ટ્સ કૉલેજના સમાજશાસ્ત્ર વિષયનાં ટી.વાય.અને એસ.વાય.બી.એ.નાં વિદ્યાર્થીઓએ પેટલાદ તાલુકાના બામરોલી ગામનો સામાજિક સર્વે વિભાગાધ્યક્ષ ડૉ.નીલેશ બારોટ અને ડૉ.મહેશ પરમારના માર્ગદર્શનમાં કર્યો. આ સર્વેમાં ગામનાં ૧૦૦ (એકસો) પરિવારોની મુલાકાત

લઇ, કૌટુંબિક, જીવનશૈલી સંબંધિત, આરોગ્ય સંબંધિત, ધર્મ અને અંધશ્રદ્ધા સંબંધિત તથા સામાજિક સમસ્યાઓ સંબંધિત માહિતી મુલાકાત અનુસૂચિ દ્વારા એકત્રિત કરવામાં આવી હતી.

## એમ.યુ. પટેલ ટેકનિકલ હાઈસ્કૂલ

સી.વી.એમ. હાયર સેકન્ડરી એજ્યુકેશન કૉમ્પલેક્ષ વોકેશનલ સ્ટ્રીમ-હોમસાયન્સ યુનિટમાં વેસ્ટમાંથી બેસ્ટ આંતર શાળા સ્પર્ધા યોજાઇ હતી. તેમાં એમ.યુ. પટેલ ટેકનિકલ શાળાએ તેમની ૭ કૃતિ રજૂ કરી હતી. આ કૃતિઓમાંથી માધ્યમિક કક્ષાએ આ શાળાની કૃતિ સૂર્યકૂકરને પહેલો નંબર તથા ૨૦૦ રૂ. રોકડા ઈનામ અને ટ્રોફી પ્રાપ્ત થયેલ છે. આ કૃતિ રજૂ કરનાર વિદ્યાર્થીઓ જય ગજ્જર અને જય મકવાણા હતા. આ બંને વિદ્યાર્થીઓને આચાર્યશ્રી સુરેશભાઇ પટેલ અને તેમને માર્ગદર્શન આપનાર શિક્ષિકા શ્રીમતી શિલ્પાબેન ઉપાધ્યાય અને દિલીપભાઇ એસ. પટેલ ઉપરાંત શાળાનાં તમામ શિક્ષકોએ અભિનંદન પાઠવ્યાં હતાં.

એમ.યુ.પટેલ ટેક્.હાઇસ્કૂલમાં શ્રીનિવાસન રામાનુજન ગણિત સપ્તાહની ઉજવણી નિમિત્તે ગણિત નિબંધ સ્પર્ધાનું આયોજન થયું. વિષયઃ 'શ્રી રામાનુજન જીવન ઝરમર' હતો. તેનાં શાળાનાં ૧૩ વિદ્યાર્થીઓએ ભાગ લીધો. ધ્રુવિલ કે. કોટેચાએ પ્રથમ નંબર અને અર્થ જે. પટેલે દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો.

## આઇ.બી.પટેલના વિદ્યાર્થીઓ મ્યુઝિયમની મુલાકાતે

આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ, માધ્યમિક વિભાગના ધોરણઃ૯ તથા ૧૦નાં વિદ્યાર્થીઓએ સરદાર પટેલ યુનિવર્સિટી મ્યુઝિયમની મુલાકાત લીધી. શૈક્ષણિક મુલાકાત દરમ્યાન પ્રાચીન સાહિત્ય, ભારતીય ચલણી નોટ, ઓજારો, મંદિરો વિશે રસપ્રદ માહિતી મેળવી.

શાળાના શિક્ષકોએ મુલાકાત દરમ્યાન વિદ્યાર્થિઓની સાથે રહી જરૂરી માર્ગદર્શન તથા વિસ્તૃત માહિતી પૂરી પાડી હતી. શાળાના આચાર્યશ્રી મહેશ સ્ટેલીને મ્યુઝિયમની મુલાકાત લેવા બદલ શિક્ષકો તથા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યાં. આ મુલાકાતનું સુંદર આયોજન શાળાના સુપરવાઇઝરશ્રી મહેન્દ્રભાઇ આર. સેવક દ્વારા કરવામાં આવ્યું હતું.

## આઇ.બી. પટેલનું ગૌરવ

આઇ.બી.પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા.અને ઉ.મા.)નાં વિદ્યાર્થીઓએ આનંદાલય એજ્યુકેશન સેન્ટર, આણંદ ખાતે ડિબેટ તથા ચિત્રકામ સ્પર્ધામાં ભાગ લીધો હતો. ધોરણ-૯-બના વિદ્યાર્થી ઋષિ કે. પટેલે દ્વિતીય સ્થાન પ્રાપ્ત કર્યું. ધો:૧૦ -બની વિદ્યાર્થીની દ્વિષા ધાનીએ આશ્વાસન ઇનામ મેળવ્યું હતું. ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓને શાળાના શિક્ષકો ભાવેશ જી. ભટ્ટ, રાજેશ જી. ભટ્ટ તથા દર્શન એચ. સુથારે માર્ગદર્શન આપ્યું હતું. આચાર્યશ્રી ડૉ.મહેશ સ્ટેલીન ખ્રિસ્તીએ વિજેતા વિદ્યાર્થીઓને શાળાને ગૌરવ અપાવવા બદલ અભિનંદન પાઠવ્યાં છે.

## વિવિધ સ્પર્ધામાં મેળવેલી સિદ્ધિ

આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલ (મા. અને ઉ.મા.)નાં વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે વિવિધ સ્પર્ધામાં ભાગ લીધો હતો. વડોદરા ખાતે વિબગ્યોર દ્વારા ગુજરાત રાજ્ય આંતર શાળાકીય તરણ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આઇ.બી. પટેલ ઇંગ્લિશ સ્કૂલના વિદ્યાર્થી મીત સોની (ધો-૯-ક)એ ફ્રિસ્ટાઇલમાં રજત ચંદ્રક મેળવ્યો ધો-૯બના વિદ્યાર્થી ઋષિ પટેલે બેક સ્ટ્રોકમાં રજત ચંદ્રક તથા બ્રેસ્ટ સ્ટ્રોકમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. આ બંને વિદ્યાર્થીઓએ આગવું સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે. જે બદલ તેમના માર્ગદર્શક એવા વ્યાયામ શિક્ષક શ્રી મહેશભાઇ આર. પટેલ તથા શાળાના આચાર્યશ્રી ડૉ.મહેશ સ્ટેલીન ખ્રિસ્તીએ બંને વિજેતાઓને ખૂબ-ખૂબ અભિનંદન આપી વધુ સિદ્ધિ હાંસલ કરે એવા આશીર્વાદ પાઠવ્યા છે.




ઇન્ડિયન સોસાયટી ફૉર ટૅકનિકલ ઍજ્યુકેશન તરફથી ચારુતર વિદ્યામંડળસંચાલિત બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયના પ્રાધ્યાપક ડૉ.ઈન્દ્રજિત પટેલનું ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાને હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજ્યના શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશ પુરી, આઇ-ક્રિએટના અધ્યક્ષશ્રી મહેશ સાહુ સહિતના મહાનુભાવો ઉપસ્થિત હતા.




ચારુતર વિદ્યામંડળસંચાલિત નલિની-અરવિંદ આર્ટ્સ કૉલેજના આંતરિક ગુણવત્તા સુધારણા એકમ(આઇક્યુએસી)ના ઉપક્રમે યુ.જી.સી.અનુદાનિત કાર્યશાળાનું ઉદ્‌ઘાટન સીવીએમના માનદ કાર્યકારી મંત્રી ડૉ.જે.ડી. પટેલે અને સમાપન માનદમંત્રી પ્રિ. એસ.એમ. પટેલે કર્યું હતું. આ પ્રસંગે ઍકેડૅમિક સ્ટાફ કૉલેજના નિયામક ડૉ.એ.આર.જાની, અમદાવાદની સહજાનંદ કૉમર્સ કૉલેજના આચાર્ય ડૉ.ઘનશ્યામ પટેલ, નલિનીના કા.આચાર્ય ડૉ.ઘનશ્યામ ગઢવી, આઇક્યુએસીના કૉઓર્ડિનેટર ડૉ.એમ.જી.મનસુરી, સભ્ય ડૉ.નીલેશ બારોટ, કાર્યશાળાના કૉઓર્ડિનેટર ડૉ.કૌશલ કોટડિયા અને કો-કૉઓર્ડિનેટર ડૉ.મહેશ પરમાર દૃશ્યમાન છે.

V-Vidyanagar 17 (2) February 2015 Postal Regd. No. AND/318/2015-17
Published on Sunday, 25.01.2015 No. of Pages 48 Including Cover RNI Regd. No. Guj/2009-11/5433
ISSN 0976 – 9809 V-Vidyanagar Posted at Vallabh Vidyanagar on 25th of Every Month

# ધર્માંતરણ કરવું છે

છાતી પર હાથ મૂકીને કહું છું:
મારે ધર્માંતરણ કરવું છે.
જે ધર્મમાં-
  કોઈ ઉચ્ચ ન હોય કોઈ, નીચ ન હોય;
  કોઈ જાતિ ન હોય કોઈ, વર્ણ ન હોય.
  જન્મના આધાર પર
  કોઈના માથે તાજ મુકાતો ન હોય;
  ને કોઈના લલાટે ડામ દેવાતો ન હોય.
જે ધર્મમાં-
  કૂતરાને સિંહ સ્થાપિત કરાતો ન હોય;
  ને સિંહને કૂતરો સાબિત કરાતો ન હોય,
  કાગડાનો માળો પ્રકૃત ગણાતો ન હોય;
  ને સુગરીનો માળો સંસ્કૃત ગણાતો ન હોય.
જે ધર્મમાં-
  ચકલી ચકલીની જેમ ઊડે;
  ને ગરુડ ગરુડની જેમ ઊડે;
  એમ માનવ પ્રકૃતિસહજ જીવતો હોય;
  ને માનવની માનવ સિવાય કોઈ ઓળખ ન હોય.
  પૃથ્વીના કોઈક ખૂણે આવો કોઈ ધર્મ હોય તો કહેજો:
  મારે ધર્માંતરણ કરવું છે.

- વજેસિંહ પારગી (ઇટાવા, જિલ્લો: દાહોદ)

Editor: Dr. Hari Desai Printed at Anand Press, Anand 388 001
Printed, Published and owned by Prin. S.M. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal and Published at
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)